કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૫ · અંક ૫ · સળંગ અંક ૬૫૩
માહે મે · ઇસ્વી સન ઓગણીસસો અઠ્યોતેર · તંત્રી : બચુભાઇ રાવત
સંસ્થાપક સ્વ. રવિશંકર રાવળ




રેંટિયાના ચક્ર પરની કલામય કોતરણી. 'શ્રેયસ્ લોકસંગ્રહાલય'માં સંઘરાએલી લોકકળાનો એક સુંદર નમૂનો (જુઓ આ અંકમાં)



દ્વારકાનું જગતમંદિર (ચિત્રકાર · શાન્તિ શાહ) આ સુપ્રસિદ્ધ મંદિરનું સાત માળવાળું અને એક સો ચાળીસ ફૂટ ઊંચું શિખર આમ તો દ્વારકાના માર્ગ પર બહુ દૂરથી દેખાવા લાગે છે, પણ ગામમાં પ્રવેશ્યા પછી એની આસપાસના ગીચ આવાસો અને સાંકડા માર્ગોને લીધે એનું સમગ્ર દર્શન દુર્લભ બની જાય છે. એનાં જે સંખ્યાબંધ ફોટોચિત્રો જાણીતાં છે તેમાં યે બહુધા ગોમતી તરફના એના દ્વાર બાજુનો દેખાવ જ જોવા મળે છે. પરંતુ ગોમતીના ઘાટ ઊતરીને દૂર જઈ, આસપાસનાં મકાનોને પડછે એનું આવું ઉત્તુંગ દર્શન ચિત્રકારે અહીં સુલભ કરી આપ્યું છે. ફોટોગ્રાફમાં પણ આ દૃશ્ય ઉતારી શકાય, પણ એની જડ વિગતપૂર્ણતાના બદલે, ઊભાઊભ ઝડપથી કરેલા આ રંગભર્યા ત્વરિતાલેખનમાં એમણે એ સમગ્ર દૃશ્યની કલામયતા અને મંદિરના ભવ્ય સૌંદર્યને જે રીતે તાદૃશ કર્યાં છે તેમાં કલાકારના હાથનો સજીવ સ્પર્શ પણ વ્યક્ત થાય છે. ચિત્ર અને ફોટોગ્રાફમાં આ એક મૂળભૂત તફાવત છે, અને એનું જ તો ખરું મૂલ્ય છે.

(શ્રી હીરાલાલ ભગવતીના સંગ્રહમાંથી તેમના સૌજન્યથી)



કુમાર

મે ૧૯૭૮ અંક ૬૫૩

તંત્રી: બચુભાઈ રાવત ✿ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

ત્રિવિધ તાપ ૧

જાન્યુઆરી '૭૮ના અંકમાં ત્રણ તાપ શીર્ષક નોંધમાં શ્રી અમૃતલાલ પનારાએ એવું વિધાન કર્યું છે કે શાસ્ત્રોમાં ક્યાંય આધ્યાત્મિક તાપનો ઉલ્લેખ નથી. પરંતુ શાસ્ત્રોમાં ઘણી જગ્યાએ આધ્યાત્મિક તાપ (દુ:ખ)નો ઉલ્લેખ આવે છે.

શ્રી ઈશ્વરકૃષ્ણ રચિત सांख्यकारिका નામક વિખ્યાત સાંખ્યશાસ્ત્રનું ભાષ્ય લખતાં દર્શનાચાર્ય શ્રી વાચસ્પતિ મિશ્ર આ પ્રમાણે લખે છે:

दुःखानां त्रयम् , दुःखत्रयम् । तत् खलु आध्यात्मिकं, आधि-भौतिकं, आधिदैविकं च। तत्र आध्यात्मिकं द्विविधम्–शारीरं मानसं च। शारीरं-वात-पित्त-श्लेष्मणां वैषम्य-निमित्तम् । मानसं च, काम-क्रोध-लोभ-मोह-भय-ईर्ष्या-विषाद-विषय-विशेषादर्शन–निबन्धनम् ॥ सर्वं चैतत् आन्तरोपाय-साध्यत्वात् आध्यात्मिकं दुःखम् ॥

આવી જ રીતે विष्णु पुराणમાં પણ આધ્યાત્મિક તાપનો સ્પષ્ટ ઉલ્લેખ છે:

आध्यात्मिकोऽपि द्विविधः
शारीरो मानसस्तथा ।
शारीरो बहुभिः भेदैः
भिद्यते श्रूयतां च सः ॥

અર્થાત્ આધ્યાત્મિક તાપ બે પ્રકારના હોય છે: શારીરિક ને માનસિક. તેમાં તાવની પીડા, અતિસાર, કુષ્ઠ, ભગંદર, ઉદરશૂલ, અર્શ આદિ રોગોથી થનારાં દુ:ખો શારીરિક તાપો મનાય છે અને કામ, ક્રોધ, લોભ, મોહ, વિષાદ, ભય, અસૂયા, માત્સર્ય આદિ માનસિક તાપો મનાય છે.

૨) અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, અગ્નિદાહ આંધી, જલપ્લાવન, વિદ્યુત્-નિપાત વગેરેથી જે દુ:ખો થાય છે તે બધા આધિદૈવિક તાપ.

૩) સર્પ, વ્યાઘ્ર, વીંછી, ચોર, લુટારા, રાજ્યાધિકારી વગેરેથી જે દુ:ખો થાય છે તે બધા આધિભૌતિક તાપ. (ભૂત એટલે પ્રાણીઓ.)

योगदर्शनના ભાષ્યકાર મુનિવર વ્યાસજી પણ દુ:ખોની માહિતી આપતાં લખે છે. दुःखम् आध्यात्मिकं, आधिभौतिकं आधिदैविकं च ॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

૨

જુલાઈ '૭૭ના અંકમાં મેં કેટલાક વધુ અંક સંદર્ભ આપેલા જેમાં ત્રિવિધ તાપ–આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક ગણાવેલા, તેના અનુસંધાનમાં જાન્યુ. '૭૮ના અંકમાં શ્રી અમૃતલાલ પનારા જણાવે છે કે આધ્યાત્મિક બરાબર નથી, પરંતુ આધિદૈહિક હોવું જોઇએ. મેં ઉપર્યુક્ત સંદર્ભ 'જ્ઞાનેશ્વરી ગીતા'-સસ્તું સાહિત્ય પ્રકાશનમાંથી ઉતારેલ છે. ભગવદ્‌ગોમંડલમાં પણ તે જ ત્રિવિધ દુ:ખ વર્ણવેલ છે. શ્રી પનારા જે અર્થ દર્શાવે છે તે આધ્યાત્મિકમાં આવી જાય છે. ભગવદ્‌ગોમંડલમાં આધ્યાત્મિકના અર્થમાં લખેલ છે કે 'આધ્યાત્મિક દુ:ખ બે જાતનાં છે. શરીરને લગતાં એટલે કે વાતપિત્તથી થતાં ને મનને લાગતાં એટલે કામ, ક્રોધથી થતાં.' આ વિસ્તૃત અર્થમાં આધિદૈહિકનો મર્યાદિત અર્થ આવી જ જાય છે.

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

કસ્તૂરીમૃગ

ફેબ્રુઆરી અંકમાં શ્રી બી. જે. કાપડીના 'માધુકરી'માંના 'કસ્તૂરીમૃગ' લેખને અનુસંધાને મેં જાતનિરીક્ષણ કરીને મેળવેલી વિશેષ માહિતી આપું છું. તેને પહાડી લોકો પકડવા માટે જે રીત અપનાવે છે તે જાણવા જેવી છે.

કસ્તૂરીમૃગના પગની રચનાના કારણે તે બેસીને આરામ કે ઊંઘ લઈ શકતો નથી. તે બેસવાના બદલે ઊભો જ રહીને ઊંઘી લે છે. એ વેળા કોઈ ઝાડના ટેકાની તેને જરૂર પડે છે, જે ઝાડ બહુધા પાતળું, નાનું હોય છે. પકડવા ઈચ્છતા શિકારીઓ આ ઝાડના થડને ગોળાકારે છેદે છે. આજુબાજુનાં બીજાં પણ બેત્રણ વૃક્ષોને ગોળગોળ ફરતાં છેદી રાખે છે. જેથી ગમે તે ઝાડને ટેકો દે તો સહેજ વજન આવતાં એ તૂટી પડે. મૃગ જ્યારે દરરોજની ટેવ મુજબ આવીને ઝાડને ટેકો દઈ આરામ કરવા શરીરનું વજન આપે તેવું જ પેલું કોરેલું ઝાડ તરત જ ભાંગી પડે છે. સાથેસાથ મૃગ પણ પડી જાય છે. પડયા પછી તેના અક્કડ પગના કારણે તે જલદીથી ઊભો થઈ શકતો નથી તેથી તરફડવા લાગે છે. આ વેળાએ છુપાઈ બેઠેલા શિકારીઓ દોડી આવે છે. તેઓ તરફડતા મૃગના પગને બાંધી, માથું ને આંખો દબાવી તીક્ષ્ણ હથિયાર વડે એક સફળ સર્જનની જેમ ઑપરેશન કરી દૂંટાને કાઢી લે છે. ત્યાર બાદ કેટલીક વનસ્પતિનાં પાન અને રસ લગાડી (રૂઝ માટે) તેને ઊભો કરી દે છે. ઊભો થતાંની સાથે તે હેલીકૉપ્ટરની ગતિએ ભાગી છૂટે છે.

માનવબુદ્ધિ અર્થોપાર્જન માટે કેવા કેવા અહિંસક કીમિયા શોધે છે!

(જોરાવરનગર) —કનૈયાલાલ રામાનુજ

મહામંત્રી, ગુજરાત રાજ્ય વન પર્યટન સંઘ

તા. ક. આ સંઘ દ્વારા ગુજરાત ને ગુજરાત બહાર સાહસિક યુવક-યુવતીઓને પ્રવાસ માટે લઈ જઇએ છીએ તે આપને વિદિત છે. ચાલુ વર્ષે મે અગર જૂનમાં 'મદુમલાઇ' (દક્ષિણ ભારત)નાં જંગલોમાં એક ટુકડી જનાર છે, જે હાથીની ટોળીઓનું નિરીક્ષણ કરશે. આમ અત્યાર સુધી ભારતનાં ૩૬ જેટલાં જંગલો ખૂંદ્યાં છે. '૭૫માં ઊડતી ખિસકોલીનું નિરીક્ષણ રાજપીપળાનાં જંગલોમાં કરેલું.

સૌરાષ્ટ્રનું રાજ્ય

'કુમાર' ફેબ્રુ૦ '૭૮માં 'આ માસ (ફેબ્રુ.)'-માં આપે ભૂલથી ૧૮૪૮ની સાલ (૧૫ એપ્રિલ) સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોના એકીકરણની જણાવી છે. તે ૧૯૪૮ છે.

બીજું આપે સ્વ. ઢેબરભાઈના 'પ્રમુખપદ' નીચે પહેલી પ્રજાકીય સરકાર અસ્તિત્વમાં આવી તેમ લખ્યું છે તેમાં પણ ભૂલ છે. સ્વ. ઉ. ન. ઢેબર સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ 'મુખ્ય મંત્રી' હતા. અલબત્ત, લોકોમાં તેઓ પંતપ્રધાન કે વડાપ્રધાન તરીકે જાણીતા થયા હતા.

સૌરાષ્ટ્ર અંગે બીજી રસપ્રદ માહિતી આપવાનું પ્રલોભન રોકી શકતો નથી. તે તા. ૧૫-૪-૧૯૪૮ના રોજ અમલમાં આવ્યું ત્યારે થોડોક સમય સૌરાષ્ટ્રનું સંયુક્તરાજ્ય (USS) કહેવાતું. કાઠિયાવાડ તરીકે અગાઉ ઓળખાતા આ પ્રદેશમાં ત્યારે ૨૦૨ દેશી રાજ્યો હતાં (નકશામાં રંગ પીળો હતો). સૌરાષ્ટ્રનું રાજ્ય કેન્દ્ર વડે 'બ' વર્ગમાં મુકાએલું તેથી ત્યાંના ગવર્નર તરીકે 'રાજ્યપ્રમુખ'નો હોદ્દો હતો. નવાનગર (જામનગર)ના સ્વ. જામસાહેબ દિગ્વિજયસિંહજી પહેલા (અને છેલ્લા) રાજપ્રમુખ હતા. તા. ૧-૧૧-૫૬ના રોજ રાજ્ય પુનર્રચના પંચની ભલામણોને આધારે તેનું બૃહદ દ્વિભાષી મુંબાઈ રાજ્યમાં વિલીનીકરણ થયું. સૌરાષ્ટ્ર રાજ્યમાં માત્ર પાંચ જ જિલ્લાઓ હતા અને અમરેલી, કચ્છ, ઓખામંડળનો તેમાં સમાવેશ થતો નહોતો. અમરેલી અને ઓખામંડળ ગાયકવાડ (વડોદરા)ના અખત્યારમાં ને કચ્છ એ 'ક' વર્ગનું કેન્દ્રશાસિત રાજ્ય હતું.

(રાજકોટ) —જયવંત મૂ. ત્રિપાઠી

નાનાં બીબાં સામે

ઘણી ગડમથલને અંતે 'કુમાર'નું લવાજમ ભરવાનો નિર્ણય લીધો. અંતે મનની સુરુચિ ને સાત્ત્વિક વૃત્તિનો વિજય થયો. ઘરના અને સમાજના કુમારો 'કુમાર'થી વેગળા થતા જાય એ જોઈ જરા દુ:ખ થાય. તેમને માટે આસપાસ બીજું ઉત્તેજિત કરનારું સાહિત્ય હોય એટલે તેમની વૃત્તિ 'કુમાર'-વાચન તરફ ઢળતી નથી. આ યુગપ્રભાવ ગણવો કે શિક્ષણનો દોષ ગણવો... એવી દ્વિધા થઈ.

આમ તો, આબાલવૃદ્ધ સૌને માટે 'કુમાર' છે.

હા, એક સૂચના છે કે તમારી ભેટ-યોજનામાં એક magnifying glassનો સમાવેશ કરશો તો પ્રૌઢ અને વૃદ્ધ 'કુમારો' ઉપર ઉપકાર થશે.

(જૂનાગઢ) —પૂર્ણેન્દુ બૂચ

[* આ કટાક્ષ પરત્વે અગાઉ ઘણી વાર ખુલાસો આવી ગયો છે. વિખ્યાત ડૉક્ટર બેઈટ્સના પુસ્તક 'આઈસાઈટ વિધાઉટ ગ્લાસિઝ'માં આવેલાં બિતાળાં ઉતારવા માટે ઝીણા અક્ષર વાંચવાની કસરત આપેલી છે.]

કલાસંઘની તસવીરો

સળંગ અંક ૬૪૫ (જાન્યુ. '૭૮)ની કલાવાર્તામાં કલાગુરુ સ્વ. શ્રી રવિભાઈને અંજલી આપતા લેખમાં પાન ૨૬/૨ ઉપર કલાકારોની જે બે સમૂહ-તસવીરો આપી છે તેમાંની વ્યક્તિઓની ઓળખ કોઈ અંકમાં આપો તો? પૂરી ઓળખ ન અપાય તો તસવીરોમાંના સ્થાનનો નિર્દેશ કરી નામ તો આપી જ શકાય.

(વડોદરા) —મનીષા પાઠક

[* ઉપર્યુક્ત તસવીરો પૈકી ઈ. ૧૯૪૧માં લેવાએલી તસવીરનાં નામો શ્રી પરશુરામ મહેતાએ રાધનપુરથી લખી મોકલ્યાં છે તે આ પ્રમાણે:

નીચે બેઠેલા: સર્વશ્રી (૧) પરશુરામ મહેતા (૨) દલસુખભાઈ શાહ (૩) પ્રભાકર પાઠક (૪) રસિક વર્મા (૫) કનક રાવળ (૬) બાબુભાઈ શાહ (૭) પુરાણી (૮) રમણભાઈ ત્રિવેદી.

ખુરશી પર બેઠેલા: (૧) લક્ષ્મણભાઈ વર્મા (૨) ભીખુભાઈ આચાર્ય (૩) ચંદ્રશંકર રાવળ (૪) છગનલાલ જાદવ (૫) રસિકભાઈ પરીખ (૬) પૂ. રવિભાઈ (૭) કનુભાઈ દેસાઈ (૯) બંસીભાઈ વર્મા (૧૦) ત્રિગુણાતીત પંચોલી.

ઊભેલા: (૧) જાદવરાય પંચાલ (૨) મનુભાઈ પટેલ (૩) સરિતાબેન નાણાવટી (૪) અવંતિકાબેન અલમૌલા (૫) ચંદ્રિકાબેન (૬) સવિતાબેન (૭) વિદ્યાબેન (૮) ચંદ્ર ત્રિવેદી (૯) જયંતભાઈ

પાછલી હારમાં: (૧) સનતભાઈ ભટ્ટ (૨) રામભાઈ પટેલ (૩) પ્રહ્લાદભાઈ (૪) શાંતિભાઈ શાહ (૫) જયરામભાઈ પટેલ

[*ઈ. ૧૯૩૫ની (ઉપરની) તસવીરની નામાવલિ લખી મોકલવા જાહેર આમંત્રણ છે. —તંત્રી]

ખામીવાળો શે'ર

આબિદ સૂરતીના પરિચયમાં આબિદે કહેલો એક શેર શ્રી વિનોદ 'વિનોદની નજરે'માં નીચે મુજબ ટાંકે છે:

કિનારોંસે મુઝે અય નાખુદાઓ! દૂર રખના,
વહાં લેકર ચલો, જહાંસે તુફાન ઊઠને વાલા.

ઉપર લખ્યા મુજબ આ શેર નહિ હોય, કેમકે તેમાં વજનનો કડૂસલો બોલાવી દીધો છે. શ્રી વિનોદે બીજા લેખકની પંક્તિઓ ટાંકતાં પહેલા તેની ચકાસણી કરી લેવી જોઈએ.

(વેરાવળ) —એમ. જે. જોશી

[* અમારી સમજ મુજબ તે શેરની પહેલી પંક્તિમાં 'દૂર' પછી 'હી' રહી ગયો છે; ને બીજી પંક્તિમાં 'તુફાન'ને બદલે 'તુફાનો' જોઈએ.]

છંદોભંગ વાળી ગઝલો

જે કાંઈ ગઝલો 'કુમાર'માં હોય છે તેમાં ૯૯% ગઝલો છંદભંગ વાળી હોય છે. જ્યારે સૉનેટો બધા જ સુરેખ ને છંદભંગ વગરનાં.

તમે જે સૉનેટમાં જુઓ છો તે ગઝલમાં ન જોઈ શકો?

(વેરાવળ) —એમ. જે. જોશી

[* આમ અધ્ધર લખો તે ન ચાલે. છંદોભંગ વાળી ગઝલોના દાખલા આપો તો સમજ પડે.]

હજી મારા દેશે

'કુમાર'ની ૧૯૬૦ની ફાઈલ હાથ આવતાં ઑગસ્ટ અંકના આગલા પૂઠાના અંદરના ફોલ્ડ પર છપાએલા શ્રી જશવંત લ. દેસાઈના કાવ્ય 'હજી મારા દેશે' ઉપર નજર પડી. વાંચ્યું. હજી દેશની પરિસ્થિતિ જરા યે બદલાઈ નથી. એ કાવ્ય 'કુમાર'માં ફરી છાપવા જેવું છે જેથી થોડા લોકો પણ પરિસ્થિતિ સમજે અને વિચારે.

(વડોદરા) —ચન્દ્રવદન હી. પાઠક

શ્લોકમાં પાઠફેર

ફેબ્રુઆરી અંકમાં શ્રી બહાદુર શાહ પંડિતનો લેખ 'પરોપકાર' ગમ્યો. તેનાં બે દૃષ્ટાંતો—અબ્રાહમ લિંકન અને દધિચી ઋષિનાં વિશેષ ગમ્યાં. લેખક અને 'કુમાર' બન્નેને ધન્યવાદ.

લેખમાં આપેલા શ્લોકના બીજા અને ચોથા ચરણમાં પાઠભેદ જોવા મળે છે.

परोपकाराय फलन्ति वृक्षाः
परोपकाराय वहन्ति नद्यः ।।
परोपकाराय विभाति सुर्यः
परोपकारश्च सदैव कार्यः ।।

नद्यांः ને બદલે नद्य: અને परोपकाराय सतां विभूषयः ને બદલે परोपकारश्च सदैव कार्यः। (જુઓ—ધોરણ ૮નું સંસ્કૃત પાઠ્ય પુસ્તક, પાન ૨૭/શ્લોક નં. ૩)

(તોરણા) —કાલિદાસ એસ. વાલા

પ્રો. શંકુ

ફેબ્રુઆરી અંકમાં ઉપર્યુક્ત વિષયમાં શ્રી હરિનારાયણ આચાર્યે ઉઠાવેલી શંકા સાચી છે. પ્રો. એકૉઈડ મર્યાને '૭ વર્ષ' નહિ પણ 'બે વર્ષ જોઈએ. '૭' મારાથી ભૂલથી લખાયું લાગે છે. મૂળ બંગાળી પુસ્તકમાં બે વર્ષ જ છે. ભૂલ મારી છે, સત્યજિત રાયની નહિ. ભૂલ માટે ક્ષમા ચાહું છું.

(મુંબાઈ) —સુકન્યા ઝવેરી

સુવર્ણ-સૃષ્ટિ / સુન્દરમ્

• મિશ્ર •

વસંત મધ્યે
સોનેરુ વૃક્ષો તણી કુંજને વિષે
ગરી ગરી સોનલની બિછાત
રચી જતાં કૈંક હજાર પુષ્પને
નિહાળી થાતું તરુ-ડાળની પરે
લાખો હજારો લઘુ પત્તીઓને:
અરે અમે આમ અભાગી રૂહે ગઈ,
સોનાવિહોણી—બસ માત્ર લીલુડી!

એ મૂક એની રટણા બની રહી
દિનો દિનો—રાતની રાત કેટલી,
અભાગ્યથી ભાગ્ય-સુવર્ણ સર્જવા.

ને જે કરી લેશ શકચો વસંત ના,
દીધું કરી પાનખરે: બધી ય તે
પત્તી સુનેરી કરી ભોંય ગેરવી.

એ સૌ રહી આખી ધરા જ ઢાંકી,
સુવર્ણનો પાલવ રમ્ય થૈને,
ઢાંકી હતી જેમ હજાર ફૂલડે;
(ન આજ એકે પણ ફૂલ પેખવા.)

ધરા ઉરે પોરસ કો ચડી રહ્યો,
સુવર્ણનો બ્હાર અખંડ થૈ ગયો.

થઈ ગયો / મહેન્દ્ર સમીર

• ગઝલ •

એમ તારામાં મારો વિલય થઈ ગયો,
જાણે મારો ફરીથી ઉદય થઈ ગયો.

મારી આંખોમાં જે લાગતું'તું અહમ્,
તારી આંખોમાંઆવી વિનયથઈ ગયો.

તારી 'ના'નું તને હોય ના ભાન પણ,
તારી 'હા'નો એ માંહે ઉદય થઈ ગયો.

એક બિન્દુમાં છૂપી ખુદાઈ હતી,
એક બિન્દુની પાછળ પ્રલય થઈ ગયો.

એ ઘડી બેસવાને મળી'તી 'સમીર',
જે ઘડી ઊઠવાનો સમય થઈ ગયો.

અધીરાઇ / જશવંત લ. દેસાઈ

• શિખરિણી-સૉનેટ •

હવે આયુ કેરો પથ અરધ પૂરો, સ્મરી રહું.
અમસ્થી મસ્તી ને ટીખળ, હળવાં કૈં અડપલાં,
કદી નાની વાતે અડગ હઠ, કચારે ન કંઈ યે,
કદી ભાઈ ભેરુ જિગરી સહ કિટ્ટા રમતમાં;
યુવાનીમાં હૈયું થનગની રહ્યું ભાવસભર,
પ્રિયાના આશ્લેષે લહ્યું જીવન શું ધન્ય સફળ!
ખરી ખોટી સ્પર્ધા ઊતરી નિજનાં ને અવરનાં
નિચોવ્યાં હીરો ને લહી ઘન વ્યથા પાંડુકુળની.

હવે આઘે આઘે ક્ષિતિજ લહું હું ઝાંય સ્ફુરતી
પરોઢે દીપ્તિની, પદરવ ઝીણા આગમનના
અજાણ્યા પાતાળે કદી ય નવ કલ્પ્યા જીવનના
મને ધીમે ધીમે મૃદુલ સ્પરશે સૌરભ સમા.
અધીરાઈ: થાશે દરશન મને તેજદીપનાં?
લખાયા વા ભાગ્યે હજી કંઈક ફેરા તિમિરના?

ગગન સુધી / કિસ્મત કુરેશી

• ગઝલ •

ઊભાં છે બંધ પોપચે, આવી નયન સુધી,
ઉંબર વટી શકચાં નહિ, પ્હોંચી સદન સુધી.

રે, એમના કદમની નજાકત યે કેવી છે!
કે થાકી જાય છે, જઈ મનથી મનન સુધી.

આંખોને એના સ્પર્શે હતું નૂર પામવું,
આવ્યા ન તારા હાથ અમારા વદન સુધી.

ખેંચાઈ જાશે નહિ તો સમંદરમાં ગમ તણા,
કહેજો ખુશીને, આવે ન અશ્રુ-વહન સુધી.

મૃગજળ ગમે નહિ, તો અહીં ફૂલ કચાં નથી?
જાગીર એમની જ છે રણથી ચમન સુધી.

તુજ જુલ્ફની સુવાસ લઇને જવું હતું,
પણ શ્વાસ મુજ ટકચા નહિ તુજ આગમન સુધી.

બદકિસ્મતી છે કેટલી મારી કબર તણી!
આવ્યાં કફન સુધી ને રહ્યાં નહિ દફન સુધી.

કિસ્મત, છતાં ય પળમાં ખુદા લે છે સાંભળી,
* નહિતર દુઆનો માર્ગ છે દિલથી ગગન સુધી.

* શ્રી 'બેફામ'ની વિખ્યાત મક્તા પ્રેરિત

¶ 'સુવર્ણ સૃષ્ટિ': પ્રકૃતિ વર્ણનના આ કાવ્યમાં બે ભિન્ન ભિન્ન ઋતુમાં સર્જાતા સમાન દશ્યની વાત કરી છે. પ્રથમ આઠ પંક્તિમાં ગરમાળાના વૃક્ષના લૂમખે લૂમખે લચી પડેલાં પીળાં પુષ્પોની રમણીય સૃષ્ટિ જોઈ એ જ વૃક્ષની પર્ણશ્રીને સંતાપ થાય છે કે અમે સોનેરી રંગની ના થઈ શકી તે અમારું દુર્ભાગ્ય છે. પણ પછી વસંત વીતીને પાનખર આવે છે, ને સકલ લીલી પર્ણશ્રી પીળી-બની ખરી પડી ધરતીને ઢાંકી રહે છે અને જાણે એ સુવર્ણની જ વસંત-બહારથી પણ પોરસાઈ રહે છે! પ્રકૃતિમાં ચિંતન અનુપ્રાણિત કરી કાવ્ય સર્જવાની પરંપરાનું આ ઉદાહરણ અંતે આવતી એની નૂતન અર્થચમત્કૃતિથી આસ્વાદ્ય બની રહે છે. ¶ 'થઈ ગયો': વિરોધી ચિત્રો—દશ્ય ને ભાવ—દ્વારા આ ગઝલમાં બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ કંડાર્યો છે. ગઝલ છે એટલે પરંપરાગત આશક-માશૂકની વાત લો તો તેમ—ને એ જ દ્વારા આત્મા-પરમાત્માની વાત ગણો તો તેમ પણ એ બંને રીતે શેરો આસ્વાદ્ય બની શકચા છે તેની તાજગીને લીધે. ¶ 'અધીરાઇ': આયુષ્યની અરધી વાટ વટાવી ચૂકેલો કાવ્યનાયક કોઈ ગૂઢ તત્ત્વનાં દર્શનની અધીરાઈ અનુભવે છે. સૉનેટના અષ્ટકમાં પશ્ચાદ્ દર્શનથી એ પૂર્વ સ્મરણો તાજાં કરી લે છે—શૈશવ, યુવાની, કુટુંબજીવનનો કિલ્લોલ વગેરે; અને એ સાથે દૂર ક્ષિતિજપથ પરથી 'મૃદુલ સ્પર્શ' કરતી કોઈ દીપ્તિની ઝાંય અનુભવે છે, અને એવે ટાણે અધીરાઈની તીવ્રતમ માત્રા શી છે તે અંતિમ કડીમાં આલેખાઈ ગઈ છે: તેજદીપનાં દર્શન થશે કે પછી તિમિરમાં અટવાવાનું રહેશે? ભારતીયસંસ્કૃતિજ્ઞાનના સંદર્ભવાળો કાવ્યનાયકનો મનોભાવ શિખરણી છંદમાં ધીરગભીર રીતે સુપેરે વ્યક્ત થએલો અનુભવી શકાશે. ¶ 'ગગન સુધી': હૃદયભાવોને સચ્ચાઈપૂર્વક ને સચોટતાથી વ્યક્ત કરતી આ ગઝલનો પ્રત્યેક શેર અસરકારક લાગ્યા વગર રહેશે નહિ. પહેલા શેર (પોપચાં સુધી એ આવ્યાં, પણ રે! અંદર ના પ્રવેશ્યાં)થી માંડીને છેવટ (કબર સુધી તો એઓ આવ્યાં, પણ દફનની ક્ષણ સુધી રહ્યાં નહિ!) સુધીના બધા જ શેર કંઈ ને કંઈ ચમત્કૃતિ ધરાવી રહે છે. —ધી. પ.

વિચાર-વિશેષ

આશાવાદ

બહાદુરશાહ પંડિત

ટેબલ ઉપર પાણીનો એક પ્યાલો પડયો હતો. એમાં થોડું પાણી હતું. એક માણસે કહ્યું: 'આ પ્યાલો અર્ધો ખાલી છે.' બીજાએ કહ્યું; 'આ પ્યાલો અર્ધો ભરેલો છે.' બંનેની વાત એક જ છે, પણ બંનેની દષ્ટિમાં કેટલો બધો તફાવત છે!

જેને પ્યાલો અર્ધો ખાલી દેખાય છે તે નિરાશાવાદી છે. જેને અર્ધો ભરેલો દેખાય છે એ આશાવાદી છે. આશાવાદીને હંમેશાં દરેક વસ્તુની સારી બાજુ જ દેખાય છે. ગુલાબ તરફ દષ્ટિ પડતાં આશાવાદી ગુલાબ જ જુએ છે, નિરાશાવાદીને કાંટા દેખાય છે.

આશા જીવનનું અમૃત છે. એના વિના જીવવાનું નિરર્થક થઈ પડે છે. આશાવાદીના જીવનમાં ઉમંગ હોય છે. ઉલ્લાસ હોય છે. એ દરેક બાબતની વિધેયાત્મક બાજુને નિહાળે છે. એથી એને જગતની રચનામાં કશું અજુગતું દેખાતું નથી. એ આશાવાદી હોવાથી આસ્તિક પણ છે. એને નિયંતાની સૃષ્ટિમાં બધું સારું જ દેખાય છે.

અંગ્રેજ લેખક ચેસ્ટર્ટનને કોઈ નાસ્તિકે પૂછ્યું: 'દુનિયામાં થતાં યુદ્ધો, વિવિધ ગુના અને પાપ શું એ વાતની સાબિતી નથી કે ધર્મ એનો હેતુ સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયો છે?'

ચેસ્ટર્ટને જવાબ આપ્યો: 'ધર્મ હોવા છતાં લોકો આટલા ગુનાહિત અને પાપી છે, તો ધર્મ ના હોત તો એમનું શું થાત?'

શ્રી રાજેન્દ્ર શાહની એક કવિતામાં આશાવાદનો સૂર પ્રલંબ રીતે પ્રકટ થયો છે:

'ભાઈ રે આપણા દુ:ખનું કેટલું જોર?
નાની અમથી જાતક વાતનો મચવીએ ના શોર!'

—એમ સલાહ આપીને કવિ કહે છે:

'જલભરી દગ સાગર પેખે, હસતી કમળફૂલ.'

આંખમાં આંસુ હોય ત્યારે સામે તમને દુ:ખનો સાગર દેખાશે, પણ આંખ હસતી હોય ત્યારે કમળફૂલ દેખાવાનું.

સાચી બનેલી એક ઘટના છે. એક શિક્ષકની લગ્નવયસ્ક કન્યાએ ઘેરથી ભાગી જઇને પરજ્ઞાતિમાં લગ્ન કર્યું. કન્યાની માતાએ રડારોડ કરી મૂકી. બાપ સમજુ હતો. એણે કશી બૂમાબૂમ ના કરી. એ રાત્રે ઘરમાં પથારીઓ કરતાં એણે કહ્યું: 'ચાલો, આજે એક પથારી ઓછી કરવી પડશે.'

આશાવાદીને દુ:ખમાં પણ સુખ દેખાય છે. એને હાનિમાં પણ હાસ્ય સ્ફુરે છે; હતાશાની પળે પણ આશાના સૂર્યકિરણનું દર્શન થાય છે.

'આનંદી કાગડા'ની એક બાળવાર્તા છે. રાજા કાગડા ઉપર ગુસ્સે થયો એટલે એને કાંટામાં નાખવાનો હુકમ કર્યો. કાંટામાં પડેલા કાગડાએ કહ્યું: 'હાશ, મને ખંજવાળ આવતી હતી તે આ કાંટાથી મટી જશે.' રાજાએ ગુસ્સે થઈ એને પાણીના કુંડમાં નંખાવ્યો, તો કાગડાએ કહ્યું: 'ઘણા વખતથી નાહવાની ઇચ્છા હતી તે આજે પૂરી થઈ.' આમ કાગડો દરેક શિક્ષાને પોતાના લાભની દષ્ટિએ જોતો રહ્યો.

વિધાતાએ તો માણસને આશાવાદી જ બનાવ્યો છે. શંકરાચાર્ય કહે છે એમ—

अंगं गलितं पलितं मुंडम्
दशनविहीनं जातं तुंडम्
वृद्धो याति गृहीत्वा दंडम्
तदपि न मुंचति आशापिंडम्

અંગ ગળી ગયું છે, માથાના વાળ સફેદ થઈ ગયા છે, મોઢું દાંત વિનાનું થઈ ગયું છે એવો વૃદ્ધ હાથમાં લાકડી લઈ ચાલે છે, છતાં આશા છોડતો નથી.

જીવન જીવવાની માણસની આશા અખૂટ છે, પણ જીવન આનંદથી જીવવા માટે જરૂરી આશાવાદ માણસ અવારનવાર ગુમાવે છે. એથી એ જીવતો નથી પણ દિવસો પસાર કરે છે. સાચા અર્થમાં જીવન જીવવા માટે આશાવાદી દષ્ટિ સંજીવિની થઈ પડે છે.

સામાન્ય રીતે માણસ સંઘર્ષ, મુશ્કેલીઓ ને નિરાશાઓનો સામનો કરવા જતાં આશા ગુમાવે છે. એવા માણસને જીવનમાં ક્યાંય પ્રસન્નતા દેખાતી નથી. પરિણામે એ માત્ર જીવનનો આનંદ જ ગુમાવતો નથી પણ પોતાની બધી શક્તિઓનો પણ નાશ કરે છે. પણ શ્રી ઉમાશંકર જોશીની જેમ જે એમ માને છે કે

જે જે થયો પ્રાપ્ત ઉપાધિયોગ,
બની રહો તે જ સમાધિયોગ.

એવા માણસને મન તો મુશ્કેલીઓ અને નિરાશાઓ એને નિરાશ બનાવવા આવતી નથી પણ અદ્ભુત શક્તિ અને સાહસ આપવા માટે જ આવે છે.

પ્રત્યેક હતાશને નવેસરથી જીવન જીવવાની પ્રેરણા આપી શકે અને હતાશાનો ઉપયોગ કરીને પણ માણસ નવું જીવન સર્જી શકે એનું ઉજ્જ્વલ દષ્ટાંત પૂરું પાડી શકે એવું જીવન છે વિખ્યાત લેખક એમિલ ઝોલાનું. ગમે તેવા માણસને કચડી નાખે એટલી બધી નિષ્ફળતાઓ એને જીવનમાં અનુભવવી પડી હતી. નાનપણમાં પિતા ગુમાવનાર એમિલ ઝોલાએ વિજ્ઞાની, વેપારી, કારકુન વગેરે થવાના નિષ્ફળ પ્રયત્નો કરવા ઉપરાંત જાતજાતના ધંધા કર્યા હતા; પરંતુ આ બધી નિષ્ફળતાઓમાંથી મળેલા ડહાપણનો ઉપયોગ કરી છેવટે એ સારો લેખક બની શક્યો.

વિખ્યાત નવલકથાકાર બાલ્ઝાક પણ જબરો આશાવાદી હતો. એણે જીવનમાં અનેક સંઘર્ષો હસતે મુખે આવકાર્યા હતા. સાહિત્યના ક્ષેત્રમાં પણ એને શરૂઆતમાં તો સહન કરવું જ પડયું હતું, પણ એણે કદી આશા ગુમાવી નહિ અને જગતના શ્રેષ્ઠ નવલકથાકારોમાં એને સ્થાન પ્રાપ્ત થયું.

'કરતાં જાળ કરોળિયો'ની કવિતા જેણે વાંચી હોય એણે કદી નિરાશાવાદી ના બનવું જોઇએ. એણે તો પેલી સિનેમાના ગીતની કડીને પોતાના જીવનનો આદર્શ બનાવવી જોઈએ:

ગીત ગાતા ચલ હો સાથી, ગુનગુનાતા ચલ,
હંસતે હંસાતે બીતે તેરી હર ઘડી, હર પલ.

હતાશાથી હારી જવાને બદલે એનો શૌર્યથી સામનો કરી શેખાદમ આબુવાલાની જેમ કહેવું જોઈએ:

અમને નાખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં;
સર કરીશું આખરી સૌ મોરચા.
મોતને પણ આવવા દો લાગમાં.

આ દેશનું આધ્યાત્મ વૃદ્ધોની નહિ, જુવાનોની ચીજ રહી છે. હૃષીકેશે જીવનના કુરુક્ષેત્રમાં અપૂર્વ અધ્યાત્મનો પાંચજન્ય શંખ ફુંક્યો ત્યારે તે વૃદ્ધ નહિ, યુવાન હતા. તે હતા ભારતની તરુણાઈના રથના સારથિ. પોતાની પ્રિયાની ગોદમાં નવજાત રાહુલને સૂતેલો છોડીને સિદ્ધાર્થ અદ્વિતીય ક્રાંતિના પથ પર ચાલી નીકળ્યા હતા ત્યારે તે વૃદ્ધ નહિ, યુવાન હતા. અદ્વૈતના અનન્યતમ શોધક શંકરે જ્યારે દિગ્વિજય-યાત્રા કરી ત્યારે તે વૃદ્ધ નહિ, યુવાન હતા. શિકાગોના રંગમંચ પર વિવેકાનંદે વેદાંતના સાર્વભૌમ ધર્મનો ઉદ્ઘોષ કર્યો ત્યારે તેઓ વૃદ્ધ નહિ, યુવાન હતા. દક્ષિણ આફ્રિકાના રંગભેદના દાવાનળમાં કૂદીને અધ્યાત્મનો આગ્નેય પ્રયોગ ગાંધીએ કર્યો ત્યારે તેઓ વૃદ્ધ નહિ, યુવાન હતા. ના મિત્રો! અધ્યાત્મ બુઢાપાનું લક્ષણ નથી, પણ તરુણાઈની ઊંચેરી છલાંગ છે.

(ગુજરાત મિત્ર) —જયપ્રકાશ નારાયણ



સંત જ્ઞાનેશ્વરની એક કાલ્પનિક છબિ

સંત જ્ઞાનેશ્વર

મહારાષ્ટ્રના પુનરુત્થાનનું પ્રથમ પર્વ

લેખક · પ્રો. વસંત જોષી

જેઠ મહિનાનું બીજું પખવાડિયું બેસે છે ત્યાં પૂનાથી આશરે બાવીસ કિલોમીટર દૂર આવેલા આળંદી ગામમાં નવું ચૈતન્ય દેખાવા લાગે છે. ઠેરઠેરથી બધી દિશાઓમાંથી યાત્રાળુઓ ત્યાં આવવા માંડે છે. આળંદીથી એમની પદયાત્રા શરૂ થવાની હોય છે. જવાનું હોય છે પંઢરપુર ગામે દેવશયની એકાદશીને દિવસે શ્રી વિઠ્ઠલનાં દર્શન કરવા. આખો માર્ગ પગે ચાલીને કાપવાનો હોય છે. અંતર બહુ નથી. આશરે સવા બસો કિલોમીટર જેટલું. દરરોજ આશરે પંદર કિલોમીટર ચાલવાનું અને ચૌદ દિવસ બાદ, પંદરમે દિવસે, અષાડની સુદ નોમને દિને પંઢરપુર પહોંચવાનું હોય છે. પ્રસ્થાનનો દિવસ નજીક આવે છે તેમ આળંદીમાં જાણે માનવમહેરામણ ઊમટવા લાગે છે. યાત્રાળુઓમાં પુરુષો ને સ્ત્રીઓ બધાં ભેગાં હોય છે.

યાત્રાળુઓનો વેશ સાદો હોય છે. ઘણાંના હાથમાં ભગવી ધજા હોય છે. કપાળે કાળું તિલક, ગળામાં તુલસીમાળા અને માથે સફેદ ટોપી એવા લેબાસવાળો કોઈ દેખાય તો માની લેવું કે પંઢરપુરનો યાત્રાળુ છે. નિયત દિવસે, એટલે વદિ દસમે પાલખીની પદયાત્રા શરૂ થાય છે. પાલખીમાં સંત જ્ઞાનેશ્વરની પાદુકાઓ મૂકવામાં આવે છે. ઘણા યાત્રાળુઓ હઘેલા થઇને નાચતા હોય છે. બધાંના મુખમાંથી એક જ ધૂન નીકળતી હોય છે: 'જ્ઞાનેશ્વર માઉલી.' માઉલી એટલે માતા. ભેગા થએલા મેળામાં જેમ અભણ ખેડૂતો અથવા ગામડિયાઓ હોય છે તેમ ભણેલા લોકો–જેવા કે પ્રાધ્યાપકો, ડૉક્ટરો, આચાર્યો એમ જુદાજુદા વ્યવસાયના લોકો પણ હોય છે. સમાજશાસ્ત્રના પ્રખર પંડિત સ્વ. ડૉ. ઈરાવતી કર્વે પણ કોઈ વાર આ મેળામાં થોડો સમય જોડાઈ જઈ મનની શાંતિ અનુભવતાં. પૂનાની સર પરશુરામભાઉ કૉલેજના આચાર્ય સ્વ. સોનોપંત દાંડેકર પ્રતિવર્ષે આ યાત્રામાં જોડાતા અને આળંદીથી પંઢરપુર ચાલીને જતા. કેટલીય વ્યક્તિઓ આ પદપાત્રાનું વ્રત આમરણ આચરે છે, જ્યારે કેટલાંક કુટુંબોમાં એ વ્રત વંશપરંપરાથી ચાલે છે. આમ નિયમિતરીતે શ્રી વિઠ્ઠલનાં દર્શન માટે જતા લોકો મહારાષ્ટ્રમાં 'વારકરી' તરીકે ઓળખાય છે.

જેમની પાદુકાઓની પાલખીની પદયાત્રામાં સામેલ થવામાં મહારાષ્ટ્રના લોકો ઉચ્ચનીચનો ભેદ ભૂલી જાય છે અને સાથેસાથે ધન્યતા કે ગૌરવ અનુભવે છે એ મહારાષ્ટ્રને લલામભૂત એવા જ્ઞાનેશ્વર મહારાજનું વ્યક્તિત્વ કેવું અદ્‌ભુત હશે! એ વિષે થોડો ખયાલ મેળવવો હોય તો એમના મહાન ગ્રંથ 'જ્ઞાનેશ્વરી'નો ઉલ્લો અંશ જોઇએ. સર્જકની કૃતિમાંથી વાચકને એના વ્યક્તિત્વ વિષે કલ્પના આવી શકે છે. 'જ્ઞાનેશ્વરી' વાંચતાં આ સત્યની પ્રતીતિ વારંવાર થયા કરે છે. અલબત્ત 'જ્ઞાનેશ્વરી'માં કવિ પોતાનું આત્મચરિત્ર લખતા નથી. એટલે એમના ચરિત્ર વિષેની માહિતી સમકાલીન ઉલ્લેખોમાંથી કે દંતકથાઓ પરથી જ મેળવવી પડે છે.

જ્ઞાનેશ્વરની જન્મતિથિ વિષે બે મત પ્રવર્તે છે. પરંપરાનિષ્ઠ લેખકો કે ઇતિહાસકારો માને છે કે એમનો જન્મ શાલિવાહનના શક ૧૧૯૩માં થયો હતો. મહારાષ્ટ્રમાં ઇતિહાસસંશોધન મોટા પાયા પર થયું છે અને થતું હોય છે. તેને આધારે અધિકારી વ્યક્તિઓ આજે એમ માને છે કે એમનો જન્મ શક ૧૧૯૭માં થયો હતો. આ વર્ષ પ્રમાણ ગણી મહારાષ્ટ્ર શાસને જ્ઞાનેશ્વર મહારાજની જન્મ-સપ્ત-શતાબ્દી ઊજવવા એક સમિતિ નીમી હતી. ઉત્સવની પૂર્ણાહુતિ ૧૯૭૭માં કરવામાં આવી. એમના જીવનની વિગતો જોતાં પહેલાં, એમણે એવું શું મહાન કાર્ય કર્યું તેનો થોડો ખયાલ મેળવીએ.

એ જમાનામાં સંસ્કૃત ભાષાને દેવભાષા તરીકે ગણવામાં આવતી. બધા જ ધર્મગ્રંથો એ ભાષામાં લખાતા. સ્ત્રીઓને ને હરિજનોને વેદનો અધિકાર નથી એમ મનાતું. દેશની લોકભાષાઓમાં પુસ્તકો લખવાનું પંડિતોને યોગ્ય લાગતું ન હતું. આ વૃત્તિ સામે જ્ઞાનેશ્વરે બળવો કર્યો. લોકોને માટે પુસ્તકો લખાવાં જોઇએ, એ વાત જો સ્વીકારીએ તો સાથેસાથે એટલું સ્વીકારવું જોઇએ કે લોકોને માટે લખાએલાં પુસ્તકો લોકોને સમજાતી હોય એવી ભાષામાં લખવાં જોઇએ. એટલો જ જ્ઞાનેશ્વરનો દાવો હતો. પંડિતોનો વિરોધ સહન કરી એમણે જાહેર કર્યું : 'હું મારી કૃતિ લોકભાષામાં એટલે મરાઠીમાં જ લખીશ. ભવિષ્યકાળમાં સંત એકનાથ સવાલ પૂછવાના હતા : 'સંસ્કૃત ભાષા દેવે નિર્માણ કરી તો મરાઠી શું કોઈ ચોરનું સંતાન છે?' જ્ઞાનેશ્વરે આવો કડક શબ્દપ્રયોગ કર્યો નહિ. પોતાની આગવી રીતે એમણે એટલું જ કહ્યું કે 'મારી મરાઠીના શબ્દ અમૃતને ય જીતી શકે એવી રસિક અક્ષરરચના કરવાનો પ્રયત્ન હું કરીશ.' આ શબ્દોમાં દેખાય છે એમનો આત્મવિશ્વાસ અને વિનમ્રતા. સમાજને સુધારવો હોય તો એને જ્ઞાનાભિમુખ કરવો જોઇએ. એને માતૃભાષામાં જ્ઞાન મળી શકે એ ખાતર પ્રવૃત્તિ કરવી જોઇએ અને એમાં પરંપરાનુયાયીઓ અંધતાથી વિરોધ કરતા રહે તો ય સમાજહિતૈષીએ પોતાનું કાર્ય ચાલુ રાખવું જોઇએ, એ હેતુથી 'જ્ઞાનેશ્વરી'ની રચના થઈ. એ ગ્રંથ એટલે એક પ્રકારનો સામાજિક-સાંસ્કૃતિક બળવો હતો. 'જ્ઞાનેશ્વરી' અને એના લેખક એટલે મહારાષ્ટ્રના પુનરુત્થાનનું પહેલું પર્વ.

અને માનો ન માનો, જ્ઞાનેશ્વરે ગીતા વિષેના એમના ભાષ્ય કે ટીકાની રચના કરી ત્યારે એમની ઉમર માત્ર પંદર વર્ષની હતી. 'શક સંવત બારસો ને બારમાં જ્ઞાનેશ્વરે આ ટીકાની રચના કરી. સચ્ચિદાનંદબાબાએ આદરથી લહિયાનું કામ કર્યું'– એવો ઉલ્લેખ ખુદ 'જ્ઞાનેશ્વરી'માં મળે છે. શક સંવત ૧૧૯૭માં જન્મ અને ૧૨૧૨માં મરાઠીના પહેલા મહાન ગ્રંથ 'જ્ઞાનેશ્વરી' એ ગીતાવિષયક ટીકાની રચના ! એ ગ્રંથને લઇને મહારાષ્ટ્રમાં આજે ય એમની પૂજા થાય છે. એમનાં લખેલાં ભજનો પ્રેમથી ગવાય છે, અને ભીમસેન જોશી જેવા મહાન ગાયક જ્ઞાનેશ્વરની રચનાઓ

જાહેરમાં ગાય છે ત્યારે વીસ-વીસ હજાર લોકોની મેદની એકાગ્રતાથી એમને સાંભળે છે અને હર્ષથી ડોલી ઊઠે છે. વાતાવરણ પ્રેમભક્તિના રસમાં તરબોળ થયું હોય છે. એક રીતે એ 'અદ્‌ભુત' નથી લાગતું ? એનું વર્ણન કરવા માટે બીજો શબ્દ સૂઝતો નથી. એમનું કાવ્ય જેટલું અદ્‌ભુત હતું તેટલું જ એમનું જીવન પણ અદ્‌ભુત હતું. જર્મન મહાકવિ ગટેએ કહ્યું હતું 'તમારે જીવનમાં કંઈ પણ કાર્ય કરવું હોય તો પહેલાં 'કંઇ' થતાં શીખવું જોઇએ.' જ્ઞાનેશ્વરનું ચરિત્ર આ કથનનો સુંદર પુરાવો આપે છે.

જ્ઞાનેશ્વરે પોતાના ગ્રંથમાં પ્રેમભક્તિનો ઉપદેશ કર્યો છે. પ્રેમ અને ભક્તિ એમના જીવનમાં ઓતપ્રોત દેખાય છે. સમાજે એમની ઉપેક્ષા કરી, અપમાન કર્યું. જેમની સમાધિનાં દર્શન માટે આજે લગભગ સાતસો વર્ષ બાદ પણ અનેક મુસીબતો વેઠીને લોકો આવે છે. એ જ્ઞાનેશ્વરને બાળપણથી જ સમાજ તરફથી બહુ સહન કરવું પડયું હતું. એમનાં માતાપિતાને જળસમાધિ લેવી પડી હતી. એ વખતે જ્ઞાનેશ્વર ને એમનાં ભાઇઓ તથા બહેન કાચી ઉમરનાં હતાં. સમાજ એમને જનોઈ લેવાની રજા આપવા તૈયાર નહતો. જે સમાજે એમના કુટુંબ વિષે આવા કઠોર નિર્ણયો કર્યા, તે સમાજ પ્રત્યે પણ એમના મનમાં જરા ય રોષ ન હતો. મોટા ભાઈ નિવૃત્તિનાથને કર્મબંધનમાં પડવાની ઇચ્છા ન હતી. નાના ભાઈ સોપાનદેવને જનોઈ લઈ પાવન થવાની જરૂર જણાતી ન હતી. પણ જ્ઞાનેશ્વરને સમાજ ફરીથી સુસ્થિત કરવો હતો. એ કાર્ય લોકસંગ્રહ કર્યા વિના થઈ શકે નહિ, એમ એમનું માનવું હતું. એમણે મોટા ભાઇને એવી સલાહ આપી કે 'વિધિ વિરુદ્ધ આચરણ કરવું ન જોઇએ. સંત પુરુષોએ પોતાના વર્તનથી લોકોને દાખલો બેસાડવો જોઇએ. કોઈ જાતનો અનાચાર કરવો નહિ. પોતાનો કુળધર્મ અવશ્ય પાળવો જોઇએ. આપણે ગમે તેટલા પવિત્ર હોઇએ તો યે શાસ્ત્રની ઉપેક્ષા કરવી નહિ. 'સમાજને સુધારવો હોય તો એને હમેશાં અનુકૂળ રહેવું જોઇએ. જ્ઞાનેશ્વરના આ આગ્રહથી નિવૃત્તિનાથનો હૃદયપલટો થયો, અને વૈરાગ્યમૂર્તિ સમા નિવૃત્તિ, જ્ઞાનમૂર્તિ જ્ઞાનેશ્વર, ભક્તિના પ્રતીક જેવા સોપાન ને આદિ માયા સ્વરૂપી મુક્તાબાઈ ન્યાય માગવા પૈઠણ ક્ષેત્રે ગયાં. શુદ્ધતાને શુદ્ધિ શોધવા જવું પડે એ કેટલું વિચિત્ર લાગે! પવિત્ર અને સદાચારસંપન્ન કુળમાં એમનો જન્મ થયો હતો. એક વાર સમાજમાં કુટુંબને ભારે પ્રતિષ્ઠા હતી. આવા કુટુંબનાં સંતાનો પર આટલું વીતવાનું કારણ શું હશે ?

જ્ઞાનેશ્વરના કુળના મૂળ પુરુષ હરિહરપંત દક્ષિણ કાશી તરીકે વર્ણવાતા પૈઠણ નજીક આવેલા આપેગામના તલાટી હતા. જ્ઞાનેશ્વરના પ્રપિતામહ ત્ર્યંબકપંતના એ પ્રપિતામહ. ત્ર્યંબકપંત પોતે બહુ ધાર્મિક વૃત્તિવાળા હતા અને એમને ગોરક્ષનાથે દીક્ષા આપી હતી. દાદા ગોવિંદપંત અને દાદી નીરાબાઇને ગહિનીનાથે ઉપદેશ આપ્યો હતો. આ દંપતીને ઘણાં વર્ષ રાહ જોવડાવી આવેલો પુત્ર તે વિઠ્ઠલપંત—જ્ઞાનેશ્વરના પિતા. એમણે નાનપણમાં જ વેદ, વ્યાકરણ અને કાવ્યનું અધ્યયન કર્યું અને તે નિપુણ શાસ્ત્રવક્તા બન્યા હતા. અભ્યાસ પૂરો કર્યા પછી તે સમયની પદ્ધતિને અનુસરી તેઓ દેશપર્યટન કરવા નીકળ્યા. શરૂઆતથી જ તેમને સંસારમાં રુચિ હતી નહિ. તેઓ વૈરાગ્યશીલ હતા. દ્વારકાથી માંડી નાસિક સુધી એમણે પર્યટન કર્યું. ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર જેવા જ્યોતિર્લિંગનાં દર્શન કર્યા બાદ એમને પંઢરપુર જઈ શ્રી વિઠ્ઠલનાં દર્શન કરવાની ઇચ્છા જાગી. રસ્તામાં અલકાપુર એટલે આળંદી ગામ આવતું હતું. ઇંદ્રાયણી નદીમાં સ્નાન કરી તેઓ એક અશ્વત્થ વૃક્ષ નીચે ધ્યાન કરવા બેઠા ત્યારે આળંદી અને આજુબાજુના ચોવીસ ગામના તલાટી સિદ્ધેશ્વર પંતે એમને જોયા. વિઠ્ઠલપંત દેખાવડા અને તેજસ્વી હતા. સિદ્ધોપંત એમને ભોજન માટે પોતાને ઘેર તેડી ગયા. ત્યાં વાતવાતમાં સિદ્ધોપંતે વિઠ્ઠલપંત વિષે બધી માહિતી મેળવી લીધી. એમની કન્યા રુક્મિણીની ઉમર વિવાહ યોગ્ય થઈ હતી. વિઠ્ઠલપંત અપરિણીત છે એવું જાણવા મળ્યું એટલે સિદ્ધોપંતે પોતાની દીકરી વિષે વાત મૂકી. પણ અત્યારે હું રામેશ્વર જઈ રહ્યો છું અને માતાપિતાની અનુજ્ઞા વિના આવો વિચાર હું કરી શકતો નથી એમ વિઠ્ઠલપંતે કહ્યું. તે રાતના વિઠ્ઠલપંત નિદ્રામાં હતા ત્યારે સ્પષ્ટ ઈશ્વરાજ્ઞા થઈ : 'ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને પ્રેમ એ બધાંને રુક્મિણી જન્મ આપશે. માટે તું એનો સ્વીકાર કર.' આ સાક્ષાત્કારને ઈશ્વરની આજ્ઞા સમજી નાછૂટકે વૈરાગ્યશીલ વિઠ્ઠલપંત પરણવા તૈયાર થયા, ને પછી નવોઢા સાથે પોતાનાં માતાપિતાને મળવા આપેગામ ગયા. પુત્રવધૂને જોઈ સાસુ-સસરા હર્ષઘેલાં થયાં. પણ દીકરો પરણ્યો તેથી ઓછો એનો સ્વભાવ બદલાવાનો હતો ? એને તો હજી યાત્રાઓ પૂરી કરવાની હતી ! હજી રામેશ્વર જવાયું ન હતું ! ભક્તિપ્રવણ જમાઈ સસરાને ખૂબ ગમી ગયો. એને રામેશ્વર જવાની રજા મળી, એટલું જ નહિ, પણ સસરા ય સહકુટુંબ રામેશ્વર જઈ આવ્યા. યાત્રા પૂરી કરી વિઠ્ઠલપંત પાછા ઘેર આપેગામ આવ્યા. તલાટીનું વંશપરંપરા વતન તો હતું જ, એટલે આજીવિકા માટે નવો રસ્તો શોધવાનો ન હતો. પણ વિઠ્ઠલપંતનું દિલ સંસારમાં લાગતું ન હતું. ધનાર્જન કરવા તરફ એમની વૃત્તિ ન હતી. એમને પરમાર્થમાં રસ હતો. ઘરનાં વડીલોએ આમાં કંઈ વાંધો ઉઠાવ્યો નહિ. દેવદર્શન, પૂજાપાઠ એવી પ્રવૃત્તિઓવાળું વિઠ્ઠલપંતનું જીવન કોઈ પણ મુશ્કેલી વિના ત્યાં વ્યતીત થવા લાગ્યું. વખત જતાં માતાપિતા અવસાન પામ્યાં. વિઠ્ઠલપંતને ત્યાં હજી બાળકનો અવતાર થયો ન હતો. દુનિયાની પ્રવૃત્તિઓમાં એમને રસ ન હતો. આખરે સસરા સિદ્ધોપંત આપેગામ ગયા અને જમાઇને સપત્નીક આળંદી લઈ આવ્યા.

વિઠ્ઠલપંતનું ગૃહસ્થ તરીકેનું જીવન દુનિયાની નજરે સુખી ગણાય તેવું હતું. પણ એમના પોતાના મનમાં શાંતિ કે સંતોષનું ઠેકાણું ન હતું, ઘણા પ્રયત્નો કરવા છતાં સંસારમાં મન લાગતું ન હતું. સંન્યાસી થવાની ઇચ્છા વારંવાર મનમાં ડોકિયાં કરતી. ઘરમાં હજી બાળક અવતર્યું ન હતું. ગૃહસ્થાશ્રમની ઘણી જવાબદારીઓ માથે હતી. હમેશાં પત્નીને કહ્યા કરતા : 'મારે ગૃહત્યાગ કરી સંન્યાસની દીક્ષા લેવી છે.' પત્ની તરફથી અનુમતિ મળવાની શકયતા દેખાતી ન હતી. પણ એનું બીચારીનું કયાં સુધી ચાલવાનું હતું? પરમાર્થ તરફ પતિનું આકર્ષણ પ્રતિદિન વધતું જતું હતું અને તેની સાથે વિઠ્ઠલપંતની આજીજી પણ વધતી જતી હતી. પતિની દલીલો સાંભળી તે ત્રાસી ગઈ હતી આખરે એક સાંજે અનવધાનથી એ બોલી ગઈ કે 'તમારે જવું હોય તો મારી અનુમતિ છે.' બસ, વિઠ્ઠલપંતને એ જ જોઈતું હતું. જરાય સમય ગુમાવ્યા વગર તે જ રાતે એમણે ગૃહત્યાગ કર્યો.

વિઠ્ઠલપંત આળંદીથી નીકળ્યા તે કાશી ગયા. ત્યાં કોઈ શ્રીપાદસ્વામીનો ભેટો થતાં એમણે એમનો ઉપદેશ લીધો. દીક્ષા લીધા બાદ વિઠ્ઠલપંત ચૈતન્યાશ્રમ એવા નામથી ઓળખાવા લાગ્યા. એ પરમ ગુરુભક્ત હતા. ગુરુની સેવા કરવામાં તે લીન રહેતા. ગુરુને પણ શિષ્ય ગમી ગયો હતો.

શ્રીપાદસ્વામી દેશપર્યટન માટે કાશીથી નીકળ્યા. તીર્થક્ષેત્રોની મુલાકાતે જતાં તેઓ એક વાર આળંદી આવી પહોંચ્યા. ગામમાં દાખલ થયા ત્યાં એમની નજરે એક મોટું અશ્વત્થ વૃક્ષ દેખાયું. ઘણી સ્ત્રીઓ એ વૃક્ષને પ્રદક્ષિણા કરી રહી હતી. સ્વામીને જોઈ તેમાંની એક પ્રદક્ષિણા બંધ કરીને પાસે આવી અને એણે સ્વામીને નમસ્કાર કર્યા. પગે લાગતી સૌભાગ્યવતી સ્ત્રીને જોઈ સ્વામીએ આશીર્વાદ આપ્યા: 'પુત્રવતી ભવ!' એ સ્ત્રી ખિન્નતાથી હસી. સ્વામીને આશ્ચર્ય થયું. પૂછપરછ કરતાં એમને ખબર પડી કે એ સ્ત્રીના પતિ સંન્યાસી થયા હોવાથી હવે એને પુત્રપ્રાપ્તિની આશા રહી ન હતી. બધી વાત સાંભળી સ્વામીને ચૈતન્યાશ્રમ યાદ આવ્યા. એ આ સ્ત્રીના પતિ તો નહિ હોય એવો એમના મનમાં વિચાર

આવ્યો. તેમણે વધુ સવાલ પૂછ્યા નહિ. વાતની સ્પષ્ટતા મેળવવાનું એમણે નક્કી કર્યું. કાશી આવ્યા પછી તેમણે શિષ્યને સાચી વાત કહેવા જણાવ્યું. પોતે જેને આશીર્વાદ આપ્યા તે આ ચૈતન્યાશ્રમની જ પત્ની એવી એમને ખાતરી થઈ. એમણે શિષ્યને કહ્યું : 'જ્યાં સુધી ગૃહસ્થાશ્રમની તારી ફરજ તું અદા કરતો નથી ત્યાં સુધી તને સંન્યાસનો અધિકાર પ્રાપ્ત ન થઈ શકે. તારે ફરીથી ગૃહસ્થાશ્રમ સ્વીકારવો પડશે અને સંસારની બધી ફરજોનું પાલન કરવું પડશે.'

'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ' એવો વિશ્વાસ ધરાવતા ચૈતન્યાશ્રમ શું કરી શકવાના હતા? ગુરુની આજ્ઞા માન્ય કરવી એ એક જ રસ્તો હતો. ચૈતન્યાશ્રમ મરી ગયા ને વિઠ્ઠલપંતનો નવો અવતાર શરૂ થયો! એ કાશીથી પાછા આળંદી આવ્યા, અને એમણે રુક્મિણી સાથે ગૃહજીવન શરૂ કર્યું. પણ આવા ગૃહસ્થને સમાજ શાંતિથી જીવવા દે ખરો? સમાજની નજરે તેમણે અક્ષમ્ય અપરાધ કર્યો હતો. સંન્યાસી પાછો પરિણીત જીવન જીવવા માંડે અને સમાજ એ સહન કરે?! એવો ભ્રષ્ટાચાર કેવી રીતે ચલાવી લેવાય? વળી એમાં સસરા સિદ્ધોપંત જમાઈને પોતાના ઘરમાં આશ્રય આપે! સમાજે વિચાર કર્યો કે બધાંને ન્યાત બહાર કાઢી મૂકવાં! જમાઈના અપરાધની સજા સસરાને અને એમના કુટુંબને ભોગવવી પડે એ વાત વિઠ્ઠલપંતને ગમી નહિ. એમણે સસરાનું ઘર છોડ્યું. આળંદી પાસે નદીમાં નાના શા ટાપુ જેવી થોડી જગ્યા હતી ત્યાં પતિપત્ની ગયાં અને ત્યાં ઝૂંપડું બાંધી એમાં રહેવા લાગ્યાં. ધનાર્જનની કોઈ પ્રવૃત્તિ વિઠ્ઠલપંતને આવડતી કે ગમતી ન હતી અને હવે તો વળી સમાજમાંથી બહિષ્કૃત થયા હતા એટલે ગુજરાન શી રીતે ચલાવવું એ જટિલ પ્રશ્ન હતો. ગામમાં ફરી નક્કી કરેલાં ઘરોમાંથી ભિક્ષા કે માધુકરી માગી જીવવાનો પ્રયત્ન કરવાનો હતો. રોજ ભિક્ષા મળશે એવી ખાતરી ન હતી. અપમાન સહન કરવાં પડતાં, અપશબ્દ સાંભળવા પડતા. વિઠ્ઠલપંત ગુસ્સે થતા નહિ. એમના મનમાં એક વારના સંન્યાસીને છાજે એવી પરમ શાંતિ હતી. એમણે એ ઝૂંપડીમાં બાર વર્ષ કાઢ્યાં. એ કાળ દરમિયાન એમનાં ચાર સંતાનોના જન્મ થયા. લેખિત પુરાવો કોઈ મળતો નથી છતાંપણ ઇતિહાસકારો એમ માનતા થયા છે કે મોટો પુત્ર નિવૃત્તિનાથ શક સંવત ૧૧૯૫માં જન્મ્યો હતો. ૧૧૯૭માં શ્રાવણ વદ આઠમ એટલે જન્માષ્ટમીની મધરાતે જ્ઞાનેશ્વરનો જન્મ થયો. સોપાનદેવ ને મુક્તાબાઈ અનુક્રમે શક સંવત ૧૭૯૯ અને ૧૨૦૧માં જન્મ્યાં.

છોકરાં મોટાં થતાં ગયાં, એમની સમજશક્તિ વધતી ગઈ તેમ ઘણી વાતો એમના ધ્યાન પર આવવા લાગી. એ જ્યાં જતાં ત્યાં લોકો એમની મશ્કરી કરતા, 'સંન્યાસીનાં છોકરાં' એમ કહી એમનો તિરસ્કાર કરતા. પિતા સંન્યાસી મટી પાછા ગૃહસ્થ થયા અને ત્યાર પછી આ બાળકોનો જન્મ થયો હતો એ લોકોને મન જાણે એ બાળકોનો મોટો અપરાધ હતો! બાળપણથી આ બાળકોને ભિક્ષા માગવા માટે જવું પડતું. કહેવાતા ઉચ્ચ વર્ણના લોકો પાસેથી એટલે બ્રાહ્મણો પાસેથી કંઈ મદદ મળવાની આશા તો હતી જ નહિ. બધે ત્રાસનો અનુભવ થતો. બહુજનસમાજમાંથી ઘણી વાર ભિક્ષા મળતી અને જ્ઞાનેશ્વરને નાનપણથી જ વિચાર કરવાની ટેવ પડી હશે કે આવું કેમ? પણ બાળકો ઝૂંપડીમાં દાખલ થતાં કે તરત જ બહાર વેઠેલી યાતનાઓ ભૂલી જતાં. ઘરમાં હમેશાં પવિત્રતાનું અને સંતોષનું વાતાવરણ રહેતું. પોતાની પાસે હતી એ વિદ્યા છોકરાઓને આપવાની જાણે પિતાને ઉતાવળ હતી. લોકોને આખા જીવનમાં મળી શકતી નથી એટલી વિદ્યા આ બાળકોને નાનપણમાં જ મળી હતી. સાથેસાથે ભિક્ષાટન કરવું પડવાથી એમને દુનિયાનું પણ ભાન આવ્યું હતું. નવાઈની વાત એ હતી કે દુનિયાના ખરાબ અનુભવોમાંથી પસાર થયા છતાં આ બાળકોમાં કોઈ જાતની કડવાશ આવી નહિ.

નિવૃત્તિનાથ આઠેક વર્ષના હતા ત્યારની વાત છે. વિઠ્ઠલપંત સકુટુંબ ત્ર્યંબકેશ્વરની યાત્રા કરવા ગયા હતા. ત્યાં અરણ્યમાં વાઘના જેવો કોઈ અવાજ સંભળાયો હશે એટલે જાન બચાવવા બધાં બાળકો એક ગુફામાં દાખલ થયાં. ઘણી વાર થઈ તોય નિવૃત્તિ બહાર આવ્યા નહિ. એમની તપાસ કરવા બધાં અંદર ગયાં. અંદર નિવૃત્તિને ધ્યાનમગ્ન બેઠેલા જોઈ સૌના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પૂછપરછ કરતાં સમજાયું કે નિવૃત્તિને ત્યાં એક દિવ્ય પુરુષનાં દર્શન થયાં હતાં. એમણે કહ્યું હતું: 'આવી ગયો? હું તારી રાહ જોઇને બેઠો છું.' કુટુંબીઓને એક પ્રભાવલય ધીમેથી સરકતું દેખાયું. એમને વિશ્વાસ પડ્યો કે અંદર દેખાયા તે મહાપુરુષ ગહિનીનાથ જ હતા. પિતાની જેમ જ નિવૃત્તિને સંસારમાં રસ ન હતો. નાનપણથી જ એનું વલણ વૈરાગ્ય ને પરમાર્થ તરફ હતું. હવે એને ગુરુ મળી ગયા હતા, ને જીવનની દિશા નક્કી કરવામાં એને મુશ્કેલી આવવાની ન હતી; એટલું જ નહિ પણ આધ્યાત્મિક જીવનમાં તેમની એટલી બધી પ્રગતિ થઈ કે જ્ઞાનેશ્વરે આગળ જતાં એમને ગુરુ તરીકે સ્વીકાર્યા.

દીકરાઓને જનોઈના સંસ્કાર કરવાની તીવ્ર ઇચ્છા વિઠ્ઠલપંતને હતી. ન્યાત બહાર મુકાએલાં છોકરાઓને જનોઈ આપવા બ્રાહ્મણોને સમજાવવાનું કામ જેવુંતેવું ન હોતું. વિઠ્ઠલપંતે એમને ઘણા વીનવ્યા. બ્રાહ્મણો એક જ જવાબ આપતા : 'આ છોકરા સંન્યાસીનાં સંતાન છે. શાસ્ત્રમાં આ વિષે કોઈ ઉલ્લેખ નથી. જો કે એક રસ્તો નીકળી શકે. સંન્યાસીના

લઘુકથા

'ફ્રૅન્કેન્સ્ટાઈન'નું હૃદય

સરોજ ત્રિવેદી

રસ્તો લાંબો હતો ને તડકો ખૂબ જ સખત હતો, ને વજન પણ વધારે હતું. જેમજેમ તાપ વધતો જતો હતો તેમતેમ બોજો વધારે લાગતો જતો હતો. પાછળથી એક લઘરવઘર ગામડિયો સાથે થઈ ગયો. અમે એને જોઈ ભડકી ગયા. ભડકી જવાય એવું જ હતું. એનો દેખાવ જ એવો હતો, જાણે અરધું બળેલું શબ ઊભું થઈ ચાલવા માંડ્યું હોય! આંખો નીચેની ચામડી ખેંચાઈ ગઈ હતી. નીચલો હોઠ છેક નીચે સુધી ખેંચાઈ ગયો હતો તેથી બધા દાંત સતત દેખાતા હતા. રક્તપિત્તથી ચામડી ગળીને ખેંચાઈ જાય એમ એની ચામડી ઠેરઠેરથી ખેંચાઈ ગઈ હતી. એકલો સામો મળ્યો હોય તો છાતી ફાટી પડે એવો એ ડ્રાકુલા જેવો આદમી અમારી સામે હસીને બોલ્યો: 'રામરામ, ભાઈ.'

અમે જાણે કંઈ સાંભળ્યું જ નથી તેમ ચાલતા રહ્યા. એ વળી બોલ્યો: 'દાદા તો વે'લા દેવ થઈ ગયા, ભાઈ.' મોટા ભાઈએ 'હા' કહી ને પછી મારી સામે જોઈ ધીમેથી બોલ્યા: 'ફ્રૅન્કેન્સ્ટાઈન!' મને પણ એનો બીભત્સ દેખાવ જોઈ કમકમાં આવી ગયાં. અંદરથી અમે બન્ને આ જલદી ટળે તો સારું એમ ઈચ્છતા હતા.

અમને પરસેવે રેબઝેબ જોઈ એણે કહ્યું: 'લાવો ભાઈ, થેલીઓ ઉપાડી લઉં.' એના રોગનો ચેપ થેલીઓને લાગશે એ દહેશતે અમે ના પાડતા હતા, તો એ વધુ ને વધુ રકઝક કરતો હતો. ત્યાં ગામના એક ભાઈ સાથે થઈ ગયા. એમણે કહ્યું: 'આપી દો, ભાઈ; થાકી જશો; ઘરનો માણસ છે', અને એ થેલીઓ લઈને આગળ ગયો.

મેં પૂછ્યું: 'કોણ હતો એ?' પેલા ભાઈએ કહ્યું: 'તમે નો ઓળખો. એને તમારા ઘરની લગોલગ જ એનું ઘર છે. તમારા ને એના ઘરમાં આગ લાગી ત્યારે તમે ઘરમાં ઘોડિયામાં રહી ગયા હતા, ને તમને પહેલા બચાવતાં એની ઘરવાળી અને એનો એકનો એક છોકરો આગમાં ભડથું થઈ ગયાં હતાં, ને એનેય ભગવાને જ બચાવ્યો હતો.'

ફ્રૅન્કેન્સ્ટાઈન અમારા જ અંતરમાં છુપાઈને ડોકિયાં કરતો હતો.

પુત્ર તરીકે આ બાળકો જન્મ્યાં એ એમનો ગુનો નથી; પણ પિતાએ સંન્યાસ છોડી ગૃહસ્થાશ્રમ સ્વીકારવાનું પાપ કર્યું, એનું પ્રાયશ્ચિત્ત પિતા કરે તો છોકરાઓને ન્યાતમાં સ્વીકારવાનો વિચાર કરી શકાય. કોઈ પણ પ્રાયશ્ચિત્તને માટે વિઠ્ઠલપંત તૈયાર હતા. બ્રાહ્મણોએ એમને કહ્યું : 'તમારા અપરાધની ક્ષમા ન થઈ શકે. અને એને માટે સજા પણ એક જ છે. દેહાંત પ્રાયશ્ચિત્ત ! તમારે બન્નેએ એટલે કે દંપતીએ દેહાંતની સજા સ્વીકારવી જોઈએ.' સંતાનોના હિત ખાતર વિઠ્ઠલપંત આ સજા ભોગવવા તૈયાર થયા. બાળકોને સમજાવી વિઠ્ઠલપંત અને રુકમિણીએ પ્રયાગક્ષેત્રમાં ત્રિવેણી સંગમ પાસે નદીમાં પ્રવેશ કર્યો અને જળસમાધિ લીધી !

હવે બાળકો ઉઘાડાં પડયાં. મોટા ભાઈ નિવૃત્તિનાથ એમની બધાની કાળજી લેતા અને એમની સંભાળ રાખતા. લોકો બાળકોનાં અપમાન કરતાં થાકયા ન હતા. પણ આ બાળકોએ નાની વયમાં કેવી અદ્‌ભુત શાંતિ અને ક્ષમા કેળવ્યાં હતાં એનો સુંદર દાખલો એમના જીવનમાં મળે છે. એક વાર જ્ઞાનેશ્વર માધુકરી માગવા ગયા હતા ત્યારે કોઇએ એમનું ભયંકર અપમાન કર્યું. જ્ઞાનેશ્વર કોઈ દિવસ ક્રોધે ભરાતા નહિ પણ આજે એમણે સંયમ ખોયો. ગુસ્સામાં ને ગુસ્સામાં ઘેર આવ્યા અને બારણું બંધ કરી લઈ અંદર બેસી રહ્યા. ઘણું કહેવામાં આવ્યું છતાં એમણે દરવાજો ખોલ્યો નહિ. છ-સાત વર્ષની ઉમરની બહેન મુક્તા દુઃખી થઈ. ભાઈ આજે આમ કેમ કરતા હશે ? એમને સમજાવવાનો એણે નિશ્ચય કર્યો. બંધ બારણા સામે એ આવી અને ભાઇને કવિતામાં વીનવવા લાગી : 'ચિંતા, ક્રોધ દૂર કરો અને ભાઈ! બારણું ઉઘાડો. યોગી તો મનનો પાવન હોવો જોઈએ. લોકોના અપરાધ એણે સહન કરી લેવા જોઇએ. ઉદ્વિગ્ન કે ગુસ્સે થવાનું હોય નહિ. લોકો અગ્નિના જેવી દાહકતા બતાવે તો યોગીએ પાણીનું રૂપ લેવું જોઇએ.' આટલી નાની બાળકીમાં આ સૂઝ કયાંથી આવી હશે ?

માતાપિતાએ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું હતું, છતાં બાળકોનો સવાલ હજી વણઉકલ્યો રહ્યો હતો. આળંદીના બ્રાહ્મણોએ કહ્યું : 'અમે કોઈ પણ નિર્ણય આપી શકતા નથી. પૈઠણ જઈ ત્યાંનાં બ્રહ્મવૃંદો પાસેથી નિર્ણય મેળવી લેજો, બાળકો પૈઠણ જવા ઊપડયાં. રસ્તામાં પહેલાં પંઢરપુર ગયા. જ્ઞાનેશ્વરે ત્યાં પોતાની કાવ્યરચના લોકોને સંભળાવી. પૈઠણમાં મોટી સભા મળી. સભામાં બાળકોએ પોતાનાં નામ કહી પોતાનો પરિચય આપ્યો. માતાપિતા પાસેથી પોતે શું શીખ્યાં હતાં તે કહ્યું પહેલાં તો બ્રાહ્મણોએ એમની ઠેકડી કરી. બોલ્યા : 'શું નામ પણ છે ! નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર, સોપાનદેવ–પણ એ નામને શોભે એવું તમને કંઈ આવડે છે ?' એ જ વખતે રસ્તામાં એક પખાલી જતો હતો. એના પાડાનું નામ પણ ગેન્યા (જ્ઞાનનો અપભ્રંશ) હતું. કોઈ ડાહ્યો બોલ્યો : 'તું જ્ઞાનેશ્વર અને પેલો પાડો ગેન્યા. બને કોઈ સંબંધ ખરો ?' જ્ઞાનેશ્વરે કહ્યું : 'એનો અને મારો આત્મા એક જ છે.' 'તો એ પુરવાર કરી બતાવ.' બ્રાહ્મણો બોલ્યા. નિવૃત્તિને કે જ્ઞાનેશ્વરને કોઈ ચમત્કાર બતાવવા ન હતા. તો યે એક આશ્ચર્ય થયું. પખાલીએ પાડાને ચાબુકવતી માર્યો એના સોળ જ્ઞાનેશ્વરના બરડા પર દેખાયા! ત્યારે કોઈ બ્રાહ્મણ બોલ્યો : 'આ રીતે તારો અને પાડાનો આત્મા એક જ હોય તો એ પાડો વેદ શા માટે ન બોલે ?' આ સાંભળી જ્ઞાનેશ્વરે પાડાના માથે હાથ મૂકયો. ત્યાં પાડાના મુખમાંથી ઋગ્વેદની ઋચાઓ નીકળવા માંડી. (જ્ઞાનેશ્વરના સમકાલીન નામદેવના કાવ્યમાંથી આ વિગતો લીધી છે.) જ્ઞાનેશ્વરનું અલૌકિક સામર્થ્ય જોઈ લોકોની આંખો અંજાઈ ગઈ. એમણે તરત જ જ્ઞાનેશ્વરને સંસ્કૃતમાં શુદ્ધિપત્ર આપ્યું. એમાં લખ્યું હતું કે 'આ ચાર જણા પ્રભુના અંશ છે. એમને શુદ્ધ કરી લેવાવાળા અમે કોણ ?' પછી પેલા પાડાને સાથે લઈ એમણે પૈઠણ છોડયું. હવે પોતાને માટે એમને કંઈ કરવાપણું રહ્યું ન હતું. કીર્તન અને પ્રવચન દ્વારા ભક્તિનો પ્રચાર કરવો એ જ હવે એમનું ધ્યેય હતું. એ મુસાફરી દરમ્યાન જ પ્રવરા નદીને તીરે આવેલા નેવાસે ગામે જ્ઞાનેશ્વરે ગીતા પરનો ટીકાગ્રંથ 'જ્ઞાનેશ્વરી' લખાવવાની શરૂઆત કરી. જ્ઞાનેશ્વર બોલતા જાય અને સચ્ચિદાનંદ બાબા લખી લેતા જાય. આ સચ્ચિદાનંદ વિષે પણ કેટલી ય ચમત્કારપૂર્ણ કથા છે. કહેવાય છે કે સદાનંદ સંસારથી કંટાળી સંન્યાસ લેવા નીકળ્યો હતો. જ્ઞાનેશ્વરે એને સમજાવ્યો અને પાછો ગૃહસ્થાશ્રમમાં મોકલ્યો. એને એવો ઉપદેશ કર્યો કે 'હરિનામ લેવાથી તમારા ચિત્તને આનંદ થશે. અને તમે ખરેખરા સચ્ચિદાનંદ થશો.' ત્યાર પછી સદાનંદ સચ્ચિદાનંદ તરીકે ઓળખાવા લાગ્યા અને એમણે જ્ઞાનેશ્વરની સેવા કરી.

'જ્ઞાનેશ્વરી' પૂરી કર્યા પછી જ્ઞાનેશ્વરે 'અમૃતાનુભવ' ગ્રંથ લખ્યો. આ બે ગ્રંથ એવા છે કે આખી જિંદગી એમનો અભ્યાસ પૂરો થાય નહિ અને એ ફરી ફરી વાંચવામાં આવે તો દર વખતે નવો આનંદ આપે, અલ્પ વયમાં આ ગ્રંથો લખાયા એ યાદ કરીએ છીએ ત્યારે સ્વીકારવું પડે છે કે જ્ઞાનેશ્વરના જીવનના આ ગ્રંથો જ શ્રેષ્ઠ ચમત્કાર છે, પછી એમના જીવનમાં નોંધાએલા બીજા ચમત્કારો તમે સ્વીકારો કે ન સ્વીકારો.

જ્ઞાનેશ્વરના સામર્થ્ય વિષેના સમાચાર યોગબળથી ચૌદસો વર્ષનું જીવન જીવતા યોગી ચાંગદેવને કાને ગયા. એ તાપી નદીને તીરે રહેતા. કુતૂહલથી પ્રેરાઈ એમણે જ્ઞાનેશ્વરનો પરિચય કરવાનો નિશ્ચય કર્યો. પણ પ્રત્યક્ષ દર્શને જતાં પહેલાં પત્ર લખવાનું યોગ્ય લાગ્યું. પણ પત્રની શરૂઆત શી રીતે કરવી ? એ મૂંઝવણમાં પડયા. જ્ઞાનેશ્વર ઉમરે એમનાથી બહુ નાના, પણ જ્ઞાનથી કદાચ મોટા ય હોય ! નમસ્કાર ન જ લખાય ને આશીર્વાદ ય ન લખાય ! એટલે એમણે કોરો કાગળ મોકલ્યો. એ જ કાગળ પર પાંસઠ અભંગ લખી જ્ઞાનેશ્વરે એમના એ પત્રનો જવાબ વાળ્યો જે 'ચાંગદેવ પાસષ્ઠી' તરીકે જાણીતો છે. એ વાંચી વાઘ પર સવાર થઈ, સર્પનો ચાબુક હાથમાં લઈ ચાંગદેવ જ્ઞાનેશ્વરને મળવા આવ્યા. તે વખતે આ ચારે બાળકો એક તૂટેલી ભીંત પર તડકો ખાતાં બેઠાં હતાં. ચાંગદેવ આવી રહ્યા છે એવા સમાચાર મળતાં જ્ઞાનેશ્વરે એ ભીંતને ચાલવાની આજ્ઞા કરી, અને ભીંતે એ માની ! ભીંત ચાલીને ચાંગદેવને આવકાર આપવા ઉપર બેઠેલાં બાળકો સાથે ગઈ એવી દંતકથા મહારાષ્ટ્રમાં પ્રચલિત છે. આ બનાવથી ચાંગદેવનું ગર્વહરણ થયું ને એ જ્ઞાનેશ્વરને શરણે ગયા. આગળ જતાં મુક્તાબાઈ એ એમના પર અનુગ્રહ કરી એમને આત્મરૂપની ઝાંખી કરાવી.

આમ જ્ઞાનેશ્વર ભજન-કીર્તન કરી લોકોન્નતિ કરી રહ્યા હતા ત્યારે એમને તીર્થયાત્રા કરવાનું મન થયું. ખરી રીતે એ પોતે જ તીર્થરાજ હતા! એમને યાત્રા કરવાની જરૂર જ શી હતી ? પણ એમણે પોતે જ કહ્યું છે : જીવનમુક્ત જ્ઞાનીઓ પોતે પાવન થયા હોય તો ય એમણે દેવ-તીર્થયાત્રા અને ભજન છોડી ન દેવાં જોઇએ, કારણ કે એમણે દુનિયાને માર્ગદર્શન આપવાનું હોય છે. પંઢરપુર જઈ એમણે સંત નામદેવને સાથે લીધા અને બન્ને પ્રભાસ તરફ ઊપડયા. આ પ્રવાસ દરમિયાન જે વાતો કે ચર્ચાઓ થઈ તે નામદેવના અભંગોમાંથી મળી આવે છે. એમાંથી જ્ઞાનેશ્વર વિષે સમકાલીન વ્યક્તિએ આપેલી ઘણી માહિતી મળે છે. જ્ઞાનેશ્વરે પોતાના ગ્રંથોમાં પોતાને વિષે ભાગ્યે જ કંઈ લખ્યું છે. પ્રભાસ, દ્વારકા ઇત્યાદિ સપ્તપુરીઓની યાત્રા પતાવી એ પંઢરપુર પાછા આવ્યા.

પોતાનું જીવનકાર્ય હવે પૂરું થયું છે એમ માની જ્ઞાનેશ્વરે સમાધિ લેવાનો વિચાર કર્યો અને પોતાના ગુરુ મોટા ભાઈ નિવૃત્તિનાથની અનુજ્ઞા માગી, અને આળંદી ખાતે ઇંદ્રાયણીને કિનારે સમાધિ લેવાનું નક્કી કર્યું. બધી વાત નામદેવને કાને નાખવામાં આવી હતી જ. એમને ઘણું દુઃખ થયું હતું. જ્ઞાનેશ્વરે શ્રી વિઠ્ઠલની ય રજા માગી લીધી. નામદેવ લખે છે કે શ્રી વિઠ્ઠલે એવા શબ્દોમાં રજા આપી : 'કારતક સુદ અગિયારસે

હું તને મળીશ. અને વર્ષમાં બીજી વાર કૃષ્ણપક્ષમાં પંઢરપુરની યાત્રામાં નિશ્ચિત આપણે મળીશું.' એ વાતને આજે સાતસો વર્ષ થવા આવ્યાં છે. પ્રતિવર્ષ પાલખી આળંદીથી નીકળી પંઢરપુર જાય છે.

જે ઠેકાણે મહાવલ્લી આજાનવૃક્ષ હતો તેના સાન્નિધ્યમાં સમાધિની જગ્યા નક્કી કરવામાં આવી. સિદ્ધેશ્વર મંદિર સામેના પોઠિયાને દૂર ખસેડી એની નીચેના વિવરમાં જ્ઞાનેશ્વર સમાધિ લેવાના હતા. એ જગ્યા સંત નામદેવના બે પુત્રોએ સાફ કરી. બધાએ જ્ઞાનેશ્વરની પૂજા કરી. એમણે ઈશ્વરસ્તુતિના એકસો નવ શ્લોક રચ્યા. નિવૃત્તિનાથ તો મૂળથી જ વિરાગી હતા. એમની દશાનું વર્ણન કરતાં નામદેવ લખે છે: 'જાણે કે બાંધેલા તળાવની પાળ તૂટી ગઈ, અને બધી તરફથી પાણી ધસવા માંડચાં. બાંધેલી ભારીનો જાણે બંધ છૂટી ગયો ને ચારે દિશામાં ઘાસ ઊડવા માંડયું.' નિવૃત્તિનાથ બોલ્યા: 'આ મારા નાના ભાઈએ કોઈ દિવસ મારી અમર્યાદા કરી નથી. ગુરુ-શિષ્ય સંબંધને એણે ઉજ્જવળ કર્યો છે. એણે ગીતાર્થ કહ્યો અને તેથી હું તૃપ્ત થયો છું. હવે મારો કોઈ મિત્ર રહેતો નથી.' નામદેવ પણ પાગલ જેવા થયા. મુક્તાબાઈ અને સોપાનદેવે કેટલો શોક કર્યો હશે એની કલ્પના જ કરવી જોઈએ. બપોરનો સમય થયો. જ્ઞાનેશ્વરે વિવરમાં પ્રવેશ કર્યો. એમને અંદર બેસાડી નામદેવે દીવો પ્રકટાવ્યો અને થથરતે હાથે નિવૃત્તિનાથ અને નામદેવે ઉપર પથ્થર બેસાડી વિવર બંધ કર્યું. નિવૃત્તિનાથ અંતર્બાહ્ય શાંત દેખાતા હતા. સોપાનદેવ બ્રહ્મસ્વરૂપમાં તન્મય થયા હતા. મુક્તાબાઈ ચૈતન્યમય દેખાતી હતી. નામદેવ અને અન્ય લોકો શોકાકુલ હતા. આ બનાવ શક સંવત ૧૨૧૫ની કારતક વદિ તેરસને દિવસે બન્યો. જ્ઞાનેશ્વરની સમાધિના પ્રસંગ પછી આઠ મહિનાની અંદર જ એમના ભાઈઓએ અને બહેને સમાધિ લીધી—નિવૃત્તિનાથ સમાધિ લેવામાં છેલ્લા હતા.

માત્ર ઓગણીસ વર્ષમાં જ્ઞાનેશ્વરનું જીવન પૂરું થયું. પણ એમનો અક્ષરદેહ હજી ય રસિકોને આકર્ષે છે. 'જ્ઞાનેશ્વરી' જેવો ગ્રંથ મરાઠીમાં થયો નથી, અને ભવિષ્યકાળમાં થશે જ એવું કોણ કહી શકે? કવિ તરીકે જ્ઞાનેશ્વર મહાન હતા. એ પંડિત હતા. શ્રેષ્ઠ આત્માનુભાવી હતા. રૂક્ષ ગણાતા વેદાન્તને એમણે રસભર્યા કાવ્ય સ્વરૂપમાં રજૂ કર્યા. રસ એટલો બધો કે શ્રવણેન્દ્રિયને પણ જીભ ફૂટે! બધી જ્ઞાનેન્દ્રિયો જાણે અંદર અંદર રસનું પાન કરવા ઝગડો કરે, એકબીજાની અદેખાઈ કરે! જ્ઞાનેશ્વરીમાં કર્મ છે પણ કર્મની કચકચ નથી; જ્ઞાન છે પણ એમાં રુક્ષતા નથી; ભક્તિ છે પણ એ અજ્ઞાનમૂલક કે ભોળી નથી. એમના તત્ત્વજ્ઞાનમાં પ્રેમનું માધુર્ય ને ભક્તિમાં જ્ઞાનનાં ચક્ષુ છે. દરેક કવિતામાં સૃષ્ટિ માટેનો, પશુપંખીઓ માટેનો તેમ જ સમાજ માટેનો અખૂટ પ્રેમપ્રવાહ વહે છે. પોતે વિરાગી હતા પણ એમને લોકો તરફ તિરસ્કાર ન હતો, પણ પ્રેમ હતો, એટલે જ તેઓ 'જ્ઞાનેશ્વર માઊલી' તરીકે મહારાષ્ટ્રમાં પૂજાય છે.

પ્રસાદ અને માધુર્યથી છલકાતાં એમનાં કાવ્યોમાં શાંતરસ એ સ્થાયી ભાવ છે. એમની ભાષામાં જ કહીએ તો એમની કાવ્યયુવતી લાવણ્યવતી, કુલવતી અને પતિવ્રતા છે. એ ખોટાં નખરાં કરતી નથી. એ કાવ્યકન્યા આત્મારામને ચરણે લીન થઈ છે. કાવ્યમાં બીજા રસો છે ખરા, પણ ગૌણ સ્વરૂપમાં. જ્ઞાનેશ્વરના જ શબ્દોમાં: કન્યા અને વરનું મિલન થાય એનું જ મહત્ત્વ; પણ સાથેસાથે જાનૈયાઓને પણ ઉપહારમાં કંઈ મળે! તેમ શાંતરસ મુખ્ય, પણ અન્ય રસ હાજર તો ખરા જ. એમાં શૃંગાર પણ આવે-પણ મુગ્ધ ભાવે!

શબ્દાલંકાર તેમ જ અર્થાલંકારથી કાવ્યની શોભામાં વૃદ્ધિ થાય છે એના દાખલા 'જ્ઞાનેશ્વરી'માં ઘણા મળે છે. સુરેખ શબ્દ, નાદમાધુર્ય અને અર્થને શોભે એવી પદપદ્ધતિ તરફ જ્ઞાનેશ્વરે ખાસ ધ્યાન આપ્યું હોય એમ લાગે છે. શબ્દસૌષ્ઠવ સાથે અનુપ્રાસ જેવા અલંકાર વારંવાર દેખા દે છે. ઉપમા અને દૃષ્ટાંત જ્ઞાનેશ્વરનાં વૈશિષ્ટ્ય તરીકે ઓળખાવી શકાય. ખાસ કરીને એમની ઉપમા સૂચક, સાભિપ્રાય અને વ્યાવહારિક હોય છે. નાની ઉંમરમાં પણ એમનું નિરીક્ષણ કેટલું સૂક્ષ્મ અને વ્યાપક હતું એ એમણે આપેલાં દૃષ્ટાંતો પરથી સમજાય છે. સુંદરતાથી અર્થની અભિવ્યક્તિ કરવાનો એમને આગ્રહ દેખાય છે. 'જ્ઞાનેશ્વરી'માં સાધુનાં લક્ષણો વિસ્તારથી આપ્યાં છે. એમાંનાં થોડાં આ રહ્યાં:

સાધુ કેવો હોય?—

ઉત્તમને ટેકો આપવો અને અધમનો ત્યાગ કરવો, એવો ભેદ જે ન કરે—વસુધા—(તેવો). ગાયની તરસ છિપાવવી ને વાઘને વિષ થઈ મારવો—એમ પાણી કોઈ દિવસ ન કરે (તેવો). પર્જન્યવૃષ્ટિ વિના પણ સાગર જેમ પાણીથી ભરપૂર હોય તેમ બાહ્ય ઉપચાર વિના સંતોષી હોય (તેવો).

વ્યાપક અને ઉદાસ, હોય જેમ આકાશ, તેમ તેનું માનસ સર્વત્ર. કે, ઘરનાંને અજવાળું આપે, પારકાંને અંધારું પાડે, એવું કદી ય ન કરે, દીપ જેમ. અથવા જેવો ઈક્ષુદંડ: પાળે-પોષે તેને મીઠો, પીલે તેને કડવો કદી ય ન બને. માધુર્ય વડે ચંદ્રિકા, સરખી રાજ-રાંકને, તેમ તે સકળ પ્રાણીઓને સમ. અને વાયુને જેમ નથી હોતું રહેઠાણ, તેમ લેતો નથી જે, આશ્રય ક્યાં ય. વિશ્વ આખું મારું ઘર, એવી મતિ જેની સ્થિર, અથવા ચરાચર, પોતે થયો.

આ વિષે વધુ ભાષ્ય કરવાની જરૂર દેખાતી નથી.

જ્ઞાનેશ્વરના વ્યક્તિત્વનો પરમોત્કર્ષ જોવો હોય તો એમની 'જ્ઞાનેશ્વરી'નો ઉપસંહાર જે 'પસાયદાન (પ્રસાદદાન)' તરીકે ઓળખાય છે તે જોવો. જ્ઞાનેશ્વર લખે છે:

'હવે વિશ્વરૂપી દેવ મારા આ વાકયજ્ઞથી સંતોષ પામે ને પ્રસાદદાન કરે. ખલોની કુટિલતા નષ્ટ થાય ને એમને સત્કર્મોમાં પ્રેમ વધતો રહે. પ્રાણીમાત્રમાં એકબીજા માટે સાચા દિલની મિત્રતા થાય. પાપનો અંધકાર નષ્ટ થાય અને વિશ્વમાં સ્વધર્મસૂર્ય પ્રકટ થાય. જેની જેને માટે ઈચ્છા હોય તે તેને મળે. સંપૂર્ણ કલ્યાણ વર્ષતા ઈશ્વરનિષ્ઠોનો સમુદાય આ ભૂતલ પર સર્વદા બધાંને મળે. ચાલતા કલ્પતરુના બગીચા જેવા, સજીવ ચિંતામણિનાં ગામ જેવા, અમૃત જેવું બોલનારા સાગરો, કલંક વિનાના ચંદ્રમા અને તાપ વિનાના સૂર્ય જેવા સજ્જનો બધાંને હમેશાં વહાલા લાગે. બહુ શું કહેવું? ત્રણે લોક સકળ સુખોથી પૂર્ણ થઈ આદિપુરુષનાં ચરણે ભજનમાં સતત લીન થાય.'

જ્ઞાનેશ્વરના મનની ઉદારતા, એમની વિશાલ સહાનુભૂતિ ને માનવતા આ શબ્દોમાંથી સ્પષ્ટ થાય છે. □

સુજ્ઞ વાચકો જોગ: સાક્ષરવર્ય સદ્ગત ડોલરરાય રંગીલદાસ માંકડની પુણ્યસ્મૃતિ નિમિત્તે પ્રકાશિત થએલ ગ્રંથ 'મંગળયાત્રા' (મંગળયાત્રા સદ્. શ્રી ડોલરભાઈ માંકડ સ્મૃતિગ્રંથ, પૃષ્ઠ ૧૮૮, કિંમત રૂ. ૧૧, પાકું પૂઠું) ગુજરાતના ગ્રંથાલયો, શૈક્ષણિક સંસ્થાઓ તથા સાહિત્યસેવીઓને વિનામૂલ્યે આપવાની છે. આ ગ્રંથ જેઓ વસાવવા માગતા હોય તેઓએ પોતાનું નામ અને પૂરું સરનામું નીચેના સરનામે ૩૧મી મે ૧૯૭૮ સુધીમાં મોકલવું. ડૉ. શિરીષભાઈ ડો. માંકડ, ગંગાજળા વિદ્યાપીઠ, અલીઆબાડા: ૩૬૧૧૧૦, જિ. જામનગર. પોસ્ટેજ ખર્ચે રૂ. ૩–૫૦ની પોસ્ટલ સ્ટૅમ્પ અરજી સાથે મોકલવા. માગણીને લક્ષમાં લઈને ગ્રંથ અગ્રતાક્રમ પ્રમાણે મોકલવામાં આવશે. અધૂરા સરનામા પર લક્ષ આપવામાં આવશે નહિ.

ડૉક્ટર શેરિંગની સ્મરણશક્તિ

(ગતાંકથી સંપૂર્ણ)

સત્યજિતરાય રચિત પાત્ર પ્રોફેસર શંકુની એક વાર્તા

અનુવાદક • સુકન્યા ઝવેરી

૧૦મી માર્ચ રાતના ૧૧ વાગે

એક ભયંકર દુઃસ્વપ્નમાંથી અમે પસાર થઈ ગયા. હજુ એ ખોફનાક ડર પૂરેપૂરો દૂર થયો નથી. દૂર થશે–જ્યારે ગિરિડી મારા સ્વાભાવિક વાતાવરણમાં પાછો જઈ પહોંચીશ. ત્યારે. આવા ચિત્ર જેવા સુંદર દેશમાં આવી એક ખતરનાક ઘટના બની જશે એ તો હું વિચારી પણ શકતો નથી.

ગઈ કાલે સવારે અમારા પ્લાન પ્રમાણે હું, બ્રુશ અને સ્વિસ પોલીસ હાન્સ બર્ગર જ્યારે અકસ્માતની જગ્યાએ જવા રવાના થયા ત્યારે મારી ઘડિયાળમાં પોણા નવ વાગ્યા હતા. રસ્તામાં અહીંતહીં બરફ જામેલો હતો. ચારે કોર—પહાડ પર અને શિખરો પર બરફ જ બરફ! ગાડીના કાચ બંધ હતા છતાં પણ ઝાડપાનને ડોલતાં જોઈ ખબર પડતી હતી કે ખૂબ જોરથી પવન ફૂંકાતો હતો. બ્રુશ જ ગાડી ચલાવતો હતો. હું એની બાજુમાં બેઠો હતો, અને પાછળની સીટ પર બર્ગર.

અમને અમારા નિયત સ્થળે પહોંચતાં એક કલાક ને દસ મિનિટ લાગ્યાં. સમુસમાં એક વાર ત્રણેક મિનિટ માટે રોકાયા હતા. ત્યાં પોલીસના માણસને પૂછતાં ખબર પડી કે નોયમાનના કંઈ જ સમાચાર હજુ સુધી મળ્યા નહોતા. તપાસ પૂર જોશમાં ચાલતી હતી. ઉપરાંત નોયમાનને પકડવા માટે પાંચ હજાર ફ્રાંકનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

ઍક્સિડેન્ટની જગ્યાનું પ્રાકૃતિક દૃશ્ય અદ્‌ભુત હતું. રસ્તાની પાસેથી ખીણ સાડા ત્રણ હજાર ફૂટ ઊંડી ચાલી ગઈ હતી. નીચે જુઓ તો એક સાંકડી નદી વહી રહી હતી. મનોમન બબડયો: કાગળ પત્ર જો આ નદીના પાણીમાં તણાઈ ગયા હોય તો મળવાની કોઈ આશા જ નહોતી. અહીં રસ્તો પણ એટલો પહોળો હતો કે જબરદસ્તી કોઈ ધકેલે નહિ, યા ડ્રાઈવરનું મગજ અચાનક બગડી ન જાય તો ગાડીની ખીણમાં પડવાની કોઈ સંભાવના જ નહોતી. પહાડ પર પોલીસના માણસો જોયા. રસ્તા ઉપર પણ કેટલીક જીપ અને ગાડીઓ ઊભી હતી. એના પરથી લાગતું જ હતું કે જાંચતપાસના કામમાં ક્યાંય ત્રુટી નહોતી. અમે બંને જણાએ પહાડ પરથી નીચે ઊતરવાની શરૂઆત કરી. કેડી હતી. અને ઢાળ પણ એવો કોઈ કપરો કે ખતરનાક નહોતો. દૂરથી સુરીલી મીઠી ઘંટડીનો અવાજ આવતો હતો. તેથી લાગ્યું કે ગાયો ચરતી હશે. સ્વિસ ગાયોનાં ગળામાં મોટી મોટી ઘંટડીઓ બાંધેલી હોય છે.

ગાડી જ્યાં પડી હતી અને લુવિનનો મૃતદેહ જ્યાંથી મળ્યો હતો એ બંને જગ્યા પહેલાં જોવી જરૂરી હતી. આમતેમ અહીંતહીં બરફની શુભ્ર બિછાત પથરાએલી હતી. વચ્ચે વચ્ચે ઝાડ, બીચ ને ઍશ વૃક્ષોની ડાળીઓ પરથી ઝપ ઝપ કરતો બરફ જમીન પર પડતો હતો.

લગભગ પિસ્તાલીસ મિનિટ લગી શોધવા છતાં એક ચબરખી યે કાગળની ન મળી. પણ ગાડીની જગ્યાએથી લગભગ વધુ પાંચસો ફૂટ નીચે ઊતર્યા ત્યારે જે વસ્તુ મળી એ તો બિલકુલ અનપેક્ષિત જ નીકળી! એ કે મને જ જડી હતી. બધા જ જમીન પર કાગળના ટુકડા, ચબરખી શોધતા હતા. મારી નજર તો ઝાડનાં ડાળ-પાંદડાં ને પોલાણ-તિરાડ. કશું જ છોડતી નહોતી. એક ઘટાદાર એક વૃક્ષની નીચે આવીને ઊંચે નજર ઊંચી કરી તો પાંદડાંની વચ્ચે એક સફેદ વસ્તુ નજરે પડી, જે ન તો કાગળ હતો કે ન બરફ. મારી નજર કોઈ પણ પોલીસની નજર કરતાં અનેક ગણી તીક્ષ્ણ છે. જોતાં જ ખબર પડી કે એ એક કપડાનો ટુકડો હતો. બર્ગરને ઈશારો કરી પાસે બોલાવી ઝાડ ભણી આંગળી ચીંધી. એ [illegible] ઝાડ પરથી એ ડાળ પર થઈને ઉપર ચડી ગયો. એકાદ મિનિટમાં [illegible] ઉત્તેજિત અવાજ સંભળાયો. એ પોતાની માતૃભાષામાં બરાડી ઊઠ્યો: 'ડા ઈસ્ટ આઇને લાઇખે!' એટલે કે આ તો એક મૃતદેહ છે!

પાંચ મિનિટમાં જ મૃતદેહ નીચે આવ્યો. બરફનો દેશ એટલે જ મૃત્યુના આટલા દિવસ પછી પણ શબ લગભગ અવિકૃત રહ્યું હતું. ઓળખવામાં અગવડ ન પડી. જાણી ગયા કે આ હતો ડ્રાઈવર નોયમાનનો મૃતદેહ! એના કોટના ખીસામાં હતું એનું ગાડીનું લાઇસેન્સ અને એનું આઇડેન્ટિટી કાર્ડ (ઓળખપત્ર). નોયમાનનાં ય હાડકાં ભાંગ્યાં હતાં, હાથ અને મોં પર જખમનાં ચિહ્નો દેખાતાં હતાં. એ પણ એ ગાડીને ધકેલતાં પોતે પહાડ પરથી ગબડી આવીને અહીં એક ઝાડની ડાળીઓમાં ભરાઇને મરેલો પડ્યો હતો, એમાં તો કોઈ શક જ ન હોતો.

તો પછી શું નોયમાન લુબીન અને શેરિંગને બેભાન કરી ગાડીમાં નાખી ગાડીને ધકેલી ખીણમાં નાખતાં પોતે પણ પગ લસરી જવાથી પડી ગયો હશે? ગમે તેમ નોયમાનને શોધવા માટે પોલીસને હવે જહેમત ઉઠાવવી નહિ પડે. એ પણ જણાયું કે તેનાં ખીસાંમાંથી ગવેષણાના કોઈ કાગળો મળ્યા નહિ. એ કાગળો ખીણમાંથી મળી આવે તો સારું; નહિ તો બી-એક્સ-ત્રણસો સત્યોતેરનો મામલો અહીં જ સંપૂર્ણ.

અમે અગિયાર વાગ્યે વાલેન્સ્ટાટથી રવાના થયા. અમારાં બંનેનાં શરીર અને મન થાકેલાં હતાં. એ થાક થોડો પહાડ ચડવા ઊતરવાના પરિશ્રમને લીધે, અને થોડો અકસ્માતની વાત યાદ કરીને. એ ઉપરાંત, કાલ રાતની જેમ આજે પણ કોણ જાણે શા કારણે મારા મનમાં ફરી ચણચણાટ થતો હતો. કોઈ એક વસ્તુ–અથવા વસ્તુનો અભાવ–લક્ષ્ય બનીને પળભર માટે મારા મનમાં એક પ્રતિક્રિયા સર્જાઈ હતી, એ મારી સ્મૃતિના અતલ ઊંડાણમાં તળીએ પહોંચી ગઈ હતી.

ઘેર પહોંચતાં પહેલાં જ વાદળ ઘેરાવા માંડયાં હતાં, ગાડી જેવી ઝાંપે આવીને ઊભી રહી કે તે જ પળે ઝરમર વરસાદ પડવો શરૂ થઈ ગયો. શેરિંગ નોયમાનનો મૃતદેહ મળવાની વાત સાંભળી અમારી જેમ જ આશ્ચર્ય પામી ગયા કહે: 'બે જણનાં મોત, અને સાથેસાથે સાત વર્ષની મહેનત બેકાર થઈ ગઈ!' એ પછી દીર્ઘ નિસાસો મૂકી બોલ્યા: 'એક રીતે તો સારું જ થયું છે.'

અમે તો, અવાક્ બની જઈ શેરિંગ ભણી જોઈ જ રહ્યા. તેની આંખોમાં ઉદાસીનતા દેખાતી હતી. તે બોલ્યા: 'ખતરનાક અસ્ત્રોની શોધ કરવાની મને મુદ્દલે ઇચ્છા નહોતી. લુબીને જ પહેલાં પ્રસ્તાવ મૂક્યો હતો. મેં તો પહેલાં વાંધો પણ ઉઠાવ્યો હતો, પણ પછી મારા પોતાના જ અણજાણપણે હું એમાં મશગૂલ થઈ ગયો, કારણ લુબીન મારો કૉલેજના સમયથી જ ગાઢ મિત્ર હતો.

શેરિંગ જરાક અટકી મારી તરફ ફરી મૃદુ હસી બોલ્યો: 'આ અસ્ત્રની પ્રેરણા ક્યાંથી મળી, ખબર છે? તમે ભારતીય, તેથી તમને જ ખાસ કરીને કહું છું. લુબિન સંસ્કૃત જાણતો હતો. બર્લિનની એક સંગ્રહશાળામાં રાખેલી એક અજબ સંસ્કૃત પોથી થોડા સમય પહેલાં લુબીને વાંચી હતી. એ પોથીનું નામ સમરાંગણસૂત્રમ્ એમાં જાતજાતનાં એટલાં બેશુમાર યુદ્ધાસ્ત્રોનું વર્ણન છે કે પૂછવાની વાત નહિ. એ પોથી વાંચીને જ લુબીનના મગજમાં આ અસ્ત્રનો વિચાર–ઉદ્‌ભવ્યો હતો. ખેર, જવા દો, જે થાય તે સારા માટે.'

મેં સમરાંગણસૂત્રમ્‌નું નામ તો સાંભળ્યું હતું, પણ એ વાંચવાનું સૌભાગ્ય મને સાંપડ્યું નહોતું. જો કે ભારતીય લોકો મારણાસ્ત્ર વિષે એક જમાનામાં ખૂબ વધારેપડતો વિચાર કરતા હતા એ તો મહાભારત પરથી ખબર પડી જાય છે.

શેરિંગને હવે અહીં રાખવાનો કોઈ અર્થ જ નહોતો. અમે જ્યારે બહાર ગયા હતા ત્યારે એણે આલ્ટડર્ફ શહેરમાં તેના કોઈ મિત્રને ફોન કરી કહ્યું હતું કે તે આવીને એને લઈ જાય. આલ્ટડર્ફ અહીંથી પશ્ચિમે પંચોત્તેર કિલોમીટર દૂર હતું. શેરિંગના મિત્રે બપોર પછી આવવાનું જણાવ્યું હતું.

આખી બપોર અમે ચાર પુરુષ અને એક મહિલા બેઠકખંડમાં બેઠા ગપાટા હાંકતાં રહ્યાં. સાડા ત્રણ વાગ્યે એક હાલની ફૅશનની લાલ મોટર આવીને અમારા બંગલા સામે ઊભી રહી. તેમાંથી ઊતર્યો એક ચાળીસેક વર્ષનો તંદુરસ્ત પુરુષ. ઊંચાઈ હશે છ ફૂટથી યે વધારે. ચામડાનું જર્કિન અને કોર્ડનું પૅન્ટ એણે પહેરેલું હતું. તડકામાં તપીને લાલ થઈ ગયો હોય એવો એનો ચહેરો જોઈ મને અંદાજ તો આવી જ ગયો હતો, પછીથી સાંભળ્યું કે સાચે જ એમને પહાડ પર ચડવાનો ખૂબ શૉખ હતો. સ્વિટ્ઝર્લૅન્ડનાં ઉચ્ચોચ્ચ શિખર મોન્ટે રોઝા પર તે પાંચ વાર ચડચા હતા—જો કે એમનો વ્યવસાય તો હતો વકીલાતનો. શેરિંગના એ મિત્રનું નામ હતું પીટર ક્રીક. શેરિંગે અમારા બધાની વિદાય લેતી વખતે ફરી એક વાર મારા યંત્રની ખૂબ પ્રશંસા કરી અને આલ્ટડર્ફ ભણી જવા રવાના થયો.

એને ગયાને લગભગ દસેક જ મિનિટ થઈ હશે. હજુ ફ્લારાએ બધા માટે લેમન-ટી અને કેક લાવીને મૂક્યાં જ હતાં—એવામાં, અચાનક જ, કાંઈક ઝબકારો થાય એમ મારા મનના એ ખટકાનું–ચણચણાટનું કારણ સ્પષ્ટ થઈ ગયું, ને થતાંની સાથે જ હું બધાંને ચમકાવીને તડાક લઈને સોફા પરથી ઊભો થઈ ગયો અને બુશ ભણી ફરી બોલ્યો : ‘અબઘડી ચાલો, આલ્ટડર્ફ જવું પડશે.’

‘એટલે ?’ વુલરિખ અને બુશ એકીસાથે બોલી ઊઠચા.

‘એટલેનો જવાબ પછી આપીશ, હવે એક પળનો પણ વિલંબ કરવાનો સમય નથી !’ મારી આ ઉંમરે આટલી તત્પરતા જોઇને જ લાગે છે બુશ અને વુલરિખ તાબડતોબ તે જ પળે ઊભા થઈ ગયા.

દાદરનાં ત્રણત્રણ પગથિયાં એકસાથે ચડતાં ચડતાં મેં બુશને કહ્યું : ‘તમારી પાસે કંઈક હથિયાર છે ? મારું તો હું લાવ્યો નથી.’

‘એક લુગર ઑટૉમૅટિક છે.’

‘એ લઈ લો, ને પોલીસનો માણસ હોય તો એને ય સાથે આવવા કહી દો. અમે આલ્ટડર્ફ પણ ખબર કરી દો—એ તરફ પણ પોલીસ તૈયાર રહે.’

મારું યંત્ર મારી રૂમમાંથી લઈ અમે ચાર પુરુષો બુશની ગાડીમાં બેઠા અને વંટોળિયાના વેગે ચાલી નીકળ્યા. આલ્ટડર્ફ ભણી. બુશ મોટર ચલાવવામાં સિદ્ધહસ્ત. સ્ટીઅરિંગ પર બેઠાને એક મિનિટમાં તો એકસો વીસ કિલોમીટરની સ્પીડે પહોંચી મારી મૂકી ગાડી.

ત્રીસ કિલોમીટરનું પાટિયું વટાવ્યા પછી થોડી જ સેકંડમાં અમે શેરિંગની લાલ ગાડી જોઈ, અને એ જે ભાવે ચાલતી હતી તે પરથી સ્પષ્ટ લાગ્યું કે ચલાવનાર આરામથી નિરુદ્વેગ ભાવે જઈ રહ્યો છે. મેં કહ્યું : ‘એને વટાવી—ઓવરટેક કરીને આગળ જઈ ઊભી રાખો !’

બુશે હૉર્ન મારતાં મારતાં લાલ ગાડીને બાજુમાંથી વટાવી જઈ થોડેક દૂર જઈ હાથ બતાવી ગાડીન રસ્તાની વચ્ચોવચ્ચ ત્રાંસી ઊભી રાખી. તેથી શેરિંગની ગાડીને ના છૂટકે ઊભા રહેવું પડ્યું. અમે ચારે જણ ગાડીમાંથી ઊતર્યા. શેરિંગ અને એનો મિત્ર પણ ઊતરીને નવાઈ પામ્યા હોય એમ અમારી તરફ આગળ વધ્યા. ‘કેમ, શું થયું ?’ શેરિંગે પૂછ્યું.

આવતી વખતે રસ્તામાં અમારી ચાર જણ વચ્ચે બિલકુલ વાતચીત થઈ નહોતી. કદાચ મને ગંભીર જોઇને જ બીજા ત્રણ જણ કંઈ પૂછી શક્યા નહોતા. તેથી મારે જ એ ‘કેમ’–આ મુસાફરીએ અમે નીકળવાનો જવાબ આપવાનો હતો, કારણ કે હું જ એનો જવાબ જાણતો હતો.

હું આગળ વધ્યો. શેરિંગ ઘણો સ્વાભાવિકરીતે વર્તવાની કોશિશ કરતો હતો, છતાં પણ એના હોઠની ફીકાશ અને લેવાઈ ગએલું મોં એ છુપાવી શક્યો નહિ. તેનાથી ત્રણ હાથ પાછળ ઊભો હતો એનો મિત્ર પીટર ક્રીક. ‘એક ચિરૂટ પીવાની ઇચ્છા થઈ.’ મેં શાંત સ્વરે કહ્યું. ‘કાલે તમારી ડચ ચીરૂટ પીધા પછી મને એનો ચસકો લાગી ગયો છે. એ ચિરૂટ-કેસ છે ને તમારી પાસે ?’

મેં સાહસ કર્યું ......અશ્વિનકુમાર પરમાર

કડકડતી ઠંડીના દિવસો હતા. ઉત્તરાયણ હજી લગભગ પંદર-વીસ દિવસ દૂર હતી. વહેલી સવારમાં અમારાં એક પડોશી બહેન તેમના ત્રણેક વર્ષના બાબાને લઇને ત્રીજે માળ છાપરે તાપમાં બેઠાં હતાં. સાથે તેમની આઠ દસ વર્ષની બેબી પણ હતી.

એકાએક એ બહેનને કંઈ કામસર નીચે જવાનું થયું. નાના બાબાને બેબી પાસે મૂકી તેઓ ગયાં. આજુબાજુનાં છાપરાંઓ ઉપર કોઈ કોઈ બાળકો પતંગ ઉડાડતાં હતાં. એટલામાં કોણ જાણે ક્યાંથી એક મોટો બુઢિયો વાંદરો ત્યાં આવી ચડ્યો. વાંદરાને જોઇને એક છોકરાને ટીખળ સૂઝ્યું. વાંદરા સામે એણે દાંતિયાં કર્યાં. અને પછી બેચાર મોટા કાંકરા શોધીને તેને માર્યા. વાંદરો ખૂબ ચિડાયો અને એ છોકરાને કરડવા માટે કૂદ્યો. બીકનો માર્યો પેલો છોકરો પતંગ છોડી નીચે નાસી ગયો, પણ શત્રુને આમ છટકી જતો જોઈ વાંદરો વધુ ચિડાયો અને છાપરાં કૂદતો અમારા છાપરે આવી ગયો.

છાપરે બેઠેલી પેલી બેબી તો બુઢિયાને આવતો જોઈ ગભરાઇને બાબાને એકલો મૂકીને ચીસો પાડતી નીચે ઊતરી ગઈ ! એકલો પડેલો બાબો ભયથી ચીસો પાડી રડવા લાગ્યો. એનો અવાજ સાંભળીને પેલાં બહેન ઉપર આવ્યાં ત્યાં સુધીમાં તો વાંદરો બાબા નજીક આવી ગયો હતો. પોતાના બાબા પર હુમલો કરવા દોડી આવતા વાંદરાને જોઇને પેલાં બહેનના ગળામાંથી ભયની ચીસ નીકળી ગઈ અને તેઓ તો અગાસીમાં જ બેભાન થઈ ગયાં.

એ વખતે હું નાહીને ઉપરના માળે માથું ઓળતો હતો. શરીર ઉપર ફક્ત લેંઘો જ પહેર્યો હતો. જેવી ચીસ સાંભળી કે તુરત હું છાપરે દોડી ગયો. જોયું તો પેલો વાંદરો છોકરાને બચકું ભરવાની તૈયારીમાં જ હતો. પહેલાં તો હું એ જોઇને ડઘાઈ ગયો. પણ પછી ભગવાનનું નામ લઈ હિંમત એકઠી કરીને મેં એ વાંદરાની પૂછડી પકડવા તરાપ મારી. પણ વાંદરો મને જોઈ ગયો હતો. બાબાને ફેંકીને એ મારા ઉઘાડા શરીર ઉપર કૂદી આવ્યો ને મને એક જોરદાર બચકું ભરી લીધું. મારો ગુસ્સો અને વેદના વધી ગયાં. કોણ જાણે ક્યાંથી મારામાં જુસ્સો ચડી આવ્યો અને મેં એકદમ વાંદરાની પૂછડી પકડી લીધી અને એને ઊંચકીને બેત્રણ વખત ગોળગોળ ફેરવીને એટલા જોરથી દૂર ફેંક્યો કે તે રસ્તા ઉપર આવેલા વીજળીના થાંભલા ઉપર જઈ પડ્યો. થાંભલા ઉપર પડતાં જ એને વીજળીનો જોરદાર ઝટકો લાગ્યો અને એ ત્યાં જ ચોંટી ગયો. આ બધું પલક વારમાં જ બની ગયું હતું. મારાથી એના બચકાની વેદના સહન થતી ન હતી. વાંદરાને તો કરંટ લાગતાં જ એના રામ રમી ગયા હતા. એટલામાં તો બધાં ઉપર દોડી આવ્યાં. મને તેઓ દવાખાને લઈ ગયાં. ધીરેધીરે મને આરામ થઈ ગયો પરંતુ તે બચકાની નિશાની આજે પણ મારા શરીર પર રહી છે. □

મારા એ સ્વાભાવિકરીતે બોલાએલા સામાન્ય વાક્યની અસર ડાયનેમાઈટ—દારૂ—પર અગ્નિ ચાંપવા જેવી થઈ! શેરિંગના મિત્રના હાથમાં આંખના પલકારામાં ચાલી આવી એક રિવૅાલ્વર, અને એ જ પળે એ ગર્જી ઊઠી. મેં અનુભવ્યું કે મારી જમણી કોણીને ઘસાઇને ગોળી જઇને લાગી બુશની મર્સીડીસ ગાડીના છાપરાના એક ખૂણાને. પણ એ પછી એ રિવૅાલ્વર પીટર ક્રીકના હાથમાં પળભર માટે પણ નહોતી રહી, કારણ બીજી ઓર એક અગ્ન્યાસ્ત્રના ગર્જનની સાથે સાથે ક્રીકની રિવૅાલ્વર હાથમાંથી છટકીને રસ્તા પર પડી ગઈ હતી અને ક્રીક એના ડાબા હાથ વડે જમણા હાથના કાંડાને દાબી મોં વિકૃત કરી ઘૂંટણિયાભેર રસ્તા પર બેસી પડયો હતો.

અને શેરિંગ? એણે એક અમાનુષિક ચિત્કાર કરીને અધ્ધર શ્વાસે ઊંધી દિશામાં દોડવા માંડતાં જ બુશ અને વુલરિખ બંનેએ તીરવેગે પીછો પકડી વાઘની જેમ તરાપ મારી તેને પકડીને બગલમાં ઘાલી પાછો લાવ્યા. અને મેં—જગવિખ્યાત વૈજ્ઞાનિક ત્રિલોકેશ્વર શંકુએ—મારી અદ્વિતીય શોધ-રિમેમ્બ્રેઈન યંત્રને શેરિંગના માથે પહેરાવી દીધું અને બટન દબાવી બૅટરી ચાલુ કરી દીધી! અને તરત શેરિંગ બંને જણના હાથમાં બંદી બની, એમ જ નિશ્ચેષ્ટ ઊભો રહી ગયો ને એની નિષ્પલક નજરે હિમાચ્છાદિત શિખર તરફ જોઈ ધ્યાન ધરી રહ્યો. તરત મારી રમત શરૂ થઈ. મેં શેરિંગને સવાલ પૂછવા માંડયા.

'ડૅાક્ટર લુબિન શી રીતે મૃત્યુ પામ્યા?'

'શ્વાસ રૂંધાઇને.

'તમે મારી નાખ્યા?' 'હા.'

'શી રીતે?' 'ગળું દૂંપીને.'

'ત્યારે ગાડી ચાલતી હતી?' 'હા.'

'ડ્રાઈવર નોયમાન શી રીતે મર્યો?'

'નોયમાનની સામે આયનો હતો. આયનામાં એણે લુબિનની હત્યાનું દશ્ય જોયું. એ જ સમયે એનાથી સ્ટીઅરિંગ ફરી ગયું. ગાડી ખીણમાં પડી ગઈ.'

'તમે પણ એની સાથે પડયા?' 'હા.'

'તમે શું ધાર્યું હતું કે લુબિન અને નોયમાનનું ખૂન કરી તેમને ખીણમાં નાખી દેવા?' 'હા.'

'એ પછી ફૅાર્મ્યુલા લઈ નાસી છૂટવું?' 'હા.'

'તમારે એનું શું કરવું હતું?' 'વેચવી હતી.'

'કોને?'

'જે વધુ પૈસા આપે એને.'

'ફૅાર્મ્યુલાનો કાગળ શું તમારી પાસે છે?' 'ના.'

'તો પછી શું છે?' 'ટેઈપ.'

'તેમાં ફૅાર્મ્યુલા રેકોર્ડ કરી છે?' 'હા.'

'ક્યાં છે એ ટેઈપ?'

'ચિરૂટના કેસમાં.'

'એ શું અસલમાં ટેઈપ રેકૅાર્ડર છે?' 'હા.'

મેં શેરિંગના માથા પરથી હેલમેટ કાઢી લીધી. પોલીસનો માણસ ભીના રસ્તા પર જોડાના અવાજ કરતો શેરિંગ તરફ આગળ વધ્યો...

અત્યારે મનમાં થાય છે કે આ મગજ કેવી આશ્ચર્યજનક વસ્તુ છે, અને કેવી અદ્ભુત આ ચાહદાસ્તની રમત છે! કાલે શેરિંગે ચિરૂટ માગી, ફ્લારાએ એને કેસ લાવી આપ્યું. પણ એણે ચિરૂટ પીધી નહિ. ત્યારે જ એ વાત, એ ઘટના મારે પૂરેપૂરી વિચારવી જોઈતી હતી, પણ મેં ખાસ ધ્યાન ન આપ્યું. આજે સવારે પણ એના ઓરડામાંથી ચિરૂટની કોઈ વાસ કે કોઈ ચિહ્ન નજરે પડયાં નહિ. ચિરૂટનું કેસ નિયમ પ્રમાણે પલંગ પાસેના ટેબલ પર પડ્યું રહેવું જોઈતું હતું પણ હતું જ નહિ.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૮૮

દાહ

દાહ એટલે બળતરા. તે પિત્તજન્ય છે. પિત્ત વગર બળતરા થાય જ નહિ. દાહ શરીરના ગમે તે ભાગમાં થઈ શકે છે. આંખો બળવી, માથું તપવું, પેટમાં બળતરા થવી, છાતીમાં ગરધાઈ બળવી, હાથ-પગનાં તળિયામાં બળતરા થવી, પેશાબમાં બળતરા થવી કે મળત્યાગ વખતે બળતરા થવી એ 'દાહ' છે. ઘણાને અવારનવાર આવી ફરિયાદો ઊભી થાય છે. આ બધાંમાં નીચે પ્રમાણે શીતોપચાર કરવા.

સામાન્ય ઉપચાર

૧) શતાવરી, જેઠીમધ, કાળી દ્રાક્ષ, સાકર, ઘી, માખણ, આમળાં, દૂધ, વગેરે શીતળ દ્રવ્યોનું શક્ય તેટલું સેવન કરવું. ૨) તકમરિયાંને રાતભર પાણીમાં પલાળી સવારે તેમાં સાકર મેળવી પી જવાં. ૩) આખા ધાણા, વરિયાળી, કાળી દ્રાક્ષ અને સાકરને પાણીમાં પલાળી સવારે ચોળીને પછી એ પાણી ગાળીને પી જવું. ૪) ઔષધમાં કામદૂધા રસ, આમલકી રસાયન, ધાત્રી રસાયન, ગુલકંદ, ચંદ્રકલા રસ, સૂતશેખર રસ, રસાયન ચૂર્ણ, ચંદ્રપ્રભાવટી વગેરે લઈ શકાય.

વિશિષ્ટ ઉપચાર

૧) માથામાં તપતું હોય તો ચત્તા સૂઈ નાકમાં ઘીનાં ટીપાં પાડવાં. ૨) આંખો બળતી હોય તો દીવેલ આંજવું અને સવારે, રાતભર પલાળી રાખેલા ત્રિફળા ચૂર્ણનું પાણી ગાળીને આંખમાં છાંટવું. ૩) પેટમાં બળતરા બળતી હોય તો તકમરિયાં, સાકર, દૂધ વગેરે લઈ શકાય. ૪) છાતીમાં બળતરા બળતી હોય તો નારિયેળનું પાણી પીવું. ૫) હાથપગનાં તળિયાં બળતાં હોય તો શતાવરી ક્ષીરપાક ખાવો. ૬) પેશાબમાં બળતરા થતી હોય તો ગોક્ષુરાદિ ગૂગળ અને રસાયન ચૂર્ણનું સેવન કરવું. ૭) મળ-પ્રવૃત્તિ વખતે બળતું હોય તો ગરમાળાનો ગોળ પાણીમાં ઓગાળીને લેવો. ૮) ઘણી વાર આમપાચકપંને લઈને વાયુ પિત્તને અમુક જગ્યાએ ખેંચી જઈ બળતરા કરાવે છે. તેવા પ્રસંગે શીતળ ઉપચાર કામ આવતા નથી. તેથી વાયુના શમન માટે અગ્નિતુંડી વટીનું સેવન કરાવવું.

પરેજી

બહુ તીખા, ગરમ, તળેલા, ખાટા પદાર્થો ન ખાવા; ગરમીનું સેવન ન કરવું; તડકો-તાપ-અગ્નિથી દૂર રહેવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

આજે બપોરે કેટલી ય વાર બેસીને ગપાટા હાંક્યા, પણ ત્યારે ય શેરિંગે ચિરૂટ પીધી નહિ.

એ ચિરૂટ-કેસ અત્યારે મારા ઓરડામાં મારા ટેબલ પર પડ્યું છે. એનું ઢાંકણું ખોલો તો એક ચિરૂટ બહાર નીકળે, અને નીચેની તરફ એક લગભગ અદશ્ય બટન છે. એને દબાવવાથી નીકળે માઇક્રોફોન સમેતનું એક અતિશય નાનકડું ટેઈપ રેકૅાર્ડર. ટેઈપ ચલાવીને જોયું તો એમાં બી એકસ ત્રણસો સત્યોતેરનું બધું જ તથ્ય શેરિંગના પોતાના અવાજમાં રેકૅાર્ડ કરેલું છે એના પર જો બીજું કંઈ રેકૅાર્ડ કરું તો શેરિંગની એ અમાનુષી—મનુષ્યત્વહીન ફૅાર્મ્યુલા હમેશને માટે નાબૂદ થઈ જાય.

વિલીનો જ અવાજ છે, નહિ? એ ફરી રાગડા તાણતો બેસૂરા-બેતાલા અવાજે કવિતા ગાય છે. માઇક્રોફોન બહાર કાઢી મેં રેકૅાર્ડર ચાલુ કર્યું.

'ટીપે મિંજ મહેરામણુ માયો,
ઈય અચરજ કેં ભાયો !
કલાં કલાથે કુદરત રંગ રેલાયો.'
(બિંદુમાં સિંધુ સમાયો, એ આશ્ચર્ય કોણે જોયું!
ખુશહાલ કલા થકી કુદરતનો રંગ રેલાયો છે.)

શ્રેયસ્ લોકસંગ્રહાલય

લેખક · રામસિંહજી રાઠોડ

અમદાવાદમાં 'શ્રેયસ પ્રતિષ્ઠાન'ના પ્રાંગણમાં ઘેઘૂર લીમડાના છાંયે 'શ્રેયસ લોકસંગ્રહાલય'ના ઉદ્ઘાટન અને 'કચ્છ કોઠીલો' મેળાના પ્રારંભનો ઓચ્છવ યોજાયો હતો ત્યારે એના આરંભમાં કચ્છનાં રામાબાઈ ભક્તાણીએ લલિત કળા વિષેની આ કચ્છી કાફી ગાઈને લોકગીતની મીઠાશનો પ્રસાદ પણ ચખાડયો. ઝાઝેરા મહેમાનોની હાજરીમાં શ્રીમતી લીનાબહેને ગુજરાતના રાજ્યપાલ શ્રી વિશ્વનાથનના શુભ હસ્તે ગણેશથાપણ કરાવ્યું અને એમ ૧૯૭૭ની ૨૨મી એપ્રિલે લોકઢબે શ્રેયસ લોકસંગ્રહાલયનું ઉદ્ઘાટન થયું. આ પ્રસંગે પોતાના અસલી સ્વાંગમાં ત્યાં આવેલા કચ્છના ત્રણસો જેટલા લોકકલાકારો પોતાના મુલકની પ્રાણભરી કલાકારીગરીને આવું માનભર્યું સ્થાન પામેલું જોઈને રાજીરાજી થઈ ગયા. લોકકળાનું જાણે એક જીવંત સ્વરૂપ 'શ્રેયસ'માં ખડું થઈ ગયું. કોડામણો કચ્છ જાણે ત્યાં ઊલટથી ઊમટી પડયો હતો.

નવા જમાનાની નવી પ્રણાલિઓમાં ગ્રામીણ ગણાઈને ઉપેક્ષા પામી ભુલાતી-ભૂંસાતી જતી આપણી લોકકળાની પરંપરાને જાળવી રાખવા, આપણો પોતીકો કલારસ કાયમ કરવા કંઈક સંગીન પગલું ભરવાનો લીનાબેનને જે ઉમળકો આવ્યો તેની આ ફલશ્રુતિ હતી. શહેરી સંસ્કાર પામેલા લોકોને સાચકલું કલાજીવન કેવું હોય તે દેખાડવા, જીવનમાં કળાનું મૂલ્ય સમજાવવા લોકકળાને જોઈ સમજીને શક્ય હોય ત્યાં અપનાવવાની પ્રેરણા મળે એવું લોકકળાનું એક આગવું સંગ્રહસ્થાન રચવાનો એમનો ખયાલ આમ મૂર્ત સ્વરૂપ પામ્યો. પલટાતા યુગમાં વિલાતી જતી લોકકળામાં અસલ રૂઢિગત વસ્ત્રાભૂષણો, મુક્ત કંઠે ગવાતું સંગીત, લોકનૃત્યો ને અન્ય કલાકારીગરી વગેરેને એકત્ર કરી નવી પેઢીને જોવાસમજવા માટે સુયોગ્ય સુવ્યવસ્થિત રીતે સુલભ કરી આપવું એ આ લોકસંગ્રહાલયનો એક મુખ્ય ઉદ્દેશ છે.

આવા મહદ્ કાર્યની સરાર અને સોંસરી સફળતા સારુ લીનાબેને આ કામના તદ્વિદ નિષ્ણાત ડૉ. જ્યોતીન્દ્ર જૈનને એમાં પરોવી લીધા. સંસ્કૃતિશાસ્ત્રી તરીકે ડૉ. જૈન દેશપરદેશમાં ખ્યાત છે. એમણે મુંબાઈ યુનિવર્સિટીમાં આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું શિક્ષણકાર્ય કર્યું છે. સાંસ્કૃતિક નૃવંશશાસ્ત્ર વિષયક મહાનિબંધ લખી ૧૯૬૯માં એમણે વિયેનામાં પીએચ.ડી. કર્યું. 'ભારત-સ્વિસ અભ્યાસ' આયોજનની રાહબરીમાં ૧૯૭૨-'૭૪માં એમણે ભારતીય ધર્મ અને કળાનું પ્રતિનિધિત્વ કરતું એક પ્રદર્શન ગોઠવ્યું. યુરોપના ઘણા દેશોમાં પછી એની રજૂઆત કરવામાં આવી. ૧૯૭૫માં એમને 'પશ્ચિમ ભારતના લોકધર્મો'ના એમના મહાનિબંધ માટે પશ્ચિમ જર્મનીની હાઈડલબર્ગ યુનિવર્સિટીએ ઍલેક્ઝાંડર ફૉન હમ્બોલ્ડ ફેલોશિપ એનાયત કરી છે. પશ્ચિમ ને મધ્યભારતની લોકસંસ્કૃતિના આવા નિષ્ણાત અનુભવી શ્રી જૈનને ૧૯૭૬માં શ્રેયસનું આ લોકકળા સંગ્રહાલય ઊભું કરવા નિમંત્રવામાં આવ્યા. જ્યાં આવી લોકકળા જીવંત છે, સચવાઈ છે તે કચ્છ-સૌરાષ્ટ્ર ગુજરાતનાં ગામડાંઓમાં એમણે વ્યાપક પ્રવાસો કર્યા; લોકસંપર્ક સાધ્યો, લોકજીવનમાં હળ્યામળ્યા અને લીનાબેનની ભાવના મુજબ આ સંગ્રહાલયમાં મૂકવા માટે અદ્‌ભુત અને અદ્વિતીય એવા ઉત્તમ નમૂનાઓ એકત્ર કરવા માંડયા. શ્રી અંજલિબેન મંગલદાસના સાથમાં હવે તેઓ લોકસંગ્રહાલય વિકસાવે છે. સંગ્રહાલય જેમ ગોઠવાતું જાય છે તેમ તે અભ્યસનીય બની રહે એ રીતે સચિત્ર નોંધો પણ તૈયાર થતી જાય છે.

શ્રેયસ ટેકરીની પ્રસન્ન પ્રકૃતિ વચ્ચે રચાએલા આ લોકસંગ્રહાલયના પ્રદર્શન-ખંડોની વાતાનુકૂલિત વ્યવસ્થામાં અદ્યતન ઢબે ને શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે સંગ્રહનીય નમૂના ગોઠવવામાં આવ્યા છે. વળી, અભ્યાસીને ઉપયોગી બને તે રીતે પરાપૂર્વ સંબંધ દર્શાવવા મૂળ નમૂના સાથે તદ્‌વિષયક મોટા કદનાં ફોટોચિત્રો પણ મૂકેલાં છે. તેની સાથે મૂકેલાં વિગતવાર વર્ણનોથી જે તે નમૂનાઓની વ્યવહારુ ઉપયોગિતાનો ખયાલ પણ મળી રહે છે. દરેક ચીજની બનાવટની પ્રણાલિ ને પદ્ધતિ પણ દર્શાવવામાં આવી છે. અત્યારે સંગ્રહસ્થાનના મોટા ખંડમાં, મધ્યભાગે બનાવેલા ખુલ્લા અલંકૃત ઓટલાઓ ઉપર અને દીવાલમાં ઉતારેલા આરિયાઓમાં આ બધું આકર્ષક રીતે ગોઠવાયું છે. આ રીતે હાલ ભરતકામના ત્રણસો નમૂના, મોતીકામ અને કટાવકામના સો નમૂના, તથા કાષ્ઠકામ અને ધાતુકામના સો નમૂના ગોઠવાઈ જવામાં છે. ઉપરાંત ધભા, ધલવા જેવી કારીગરીવાળી ચામડાંની ચીજો, ચાંદી અને હાથીદાંતના અલંકારો, પથ્થર અને માટીનાં મૂર્તિકામ, લોકજીવનના દેવ-દેવતાઓ અને પાળિયા યુક્તરીતે મૂકવામાં આવ્યા છે. ઊંટ, બળદ, ઘોડાનાં ઓઠાં બનાવી તેના ઉપર શણગારને ખરા સ્વરૂપે ઉપયોગમાં લેવાતાં હોય તેમ પહેરાવી એનો તાદૃશ ચિતાર આપવા યત્ન કરવામાં આવ્યો છે.

ગુજરાતના વિધવિધ લોકો-આહીર, રબારી, કાઠી, મેર, ચારણ, રાજપૂત, ગરાસીઆ, ભરવાડ, કણબી, કોળી, કાછિયા, સથવારા, ભણસાળી, બ્રાહ્મણ, વાણિયા, મેઘવાળ, મેમણ, મિયાણાં આદિ કોમોની લોકકળાની ચીજો તેમની રહેણીકરણીમાં જેમ અને જ્યાં ઉપયોગમાં લેવાતી હોય તેમ એમના ઓળાની માંડણી ઉપર સ્વાભાવિક લાગે એવી રીતે ગોઠવી છે. ઘરમાંડણી કરીને ઘરશણગારમાં ચાકળા, તોરણ જેમ ઘરમાં વપરાય તેમ જ ગોઠવ્યાં છે. વળી, હિંડોળો, હુક્કા, હથિયાર, વાસણ વગેરે ઘરવખરીની કલાત્મક વસ્તુઓ લોકોની રંગીલી રહેણીકરણીમાં લોકકળાનો જે પ્રાણવાન ફાળો છે તેનો તાદૃશ ચિતાર આપે છે. પ્રસંગે પ્રસંગે, લગ્નવિધિમાં, મેળાઓમાં, ઘરમાં અને અન્ય કામમાં પગલે પગલે આપણા લોકોએ કેવો કલારંગ રેલાવ્યો છે તેનો આથી અચ્છો અંદાજ મળે છે.

શ્રેયસ પ્રતિષ્ઠાનમાં ગયા વર્ષે 'કચ્છ કોડીલો' લોકમેળાના આયોજન ટાણે ખુલ્લા મુકાએલા આ લોકસંગ્રહાલયનો સાચો આનંદ તો આ મેળા



શ્રીમતી લીનાબેન મંગળદાસ



શ્રી જ્યોતીન્દ્ર જૈન



લોકાભૂષણોથી મંડિત મેઘવાળ કન્યા




અંજાર પથકનું રંગબેરંગી ચીંથરાનું આહિર કટાવકામ—ડામચિયાનું ઢાંકણ. (નીચે) માતાનો મઢ ગામનું લોકભરત—સોઢી કન્યાનું કેડિયું.






કચ્છી લોકભાત: મોતી ગૂંથેલી ચોપાટ, ઝૂલણાં, પોપટ, શિકલી, ઘૂઘરા અને અન્ય રમકડાં તથા વિવિધ ઘાટ અને આકારની રોજિંદા વપરાશની અવનવી ચીજો.



નકશીવાળો ડામચિયો, પાણીઆરું, ઘંટીનું થાળું, માચી, ઘોડિયું, લાકડિયાં વગેરેથી શોભતી પોરબંદર પંથકના મેરના ઘરની ગોઠવણી. (નીચે) ભરત ભરેલા ચાકળા, કળશિયાની માંડ, ખાટ, પટારો, ગોળી, ડાબરીઓ, બાજઠ, દીવી વગેરેથી શોભતું કાઠીઘર.



◁ સામેના પૃષ્ઠ પર 'શ્રેયસ્ લોકસંગ્રહાલય'-માં પ્રદર્શિત કરાએલા લોકકળાના સુંદર નમૂના-ઓની ઝલક.



△ ગરાસિયા બાઈનું ઝાલાવાડી ઘાટનું રૂપાનું કડું.



▷ પૂતળી જડિત પિત્તળનો ડાબર.

નિમિત્તે અહીં આવેલા કચ્છના ત્રણસોએક જેટલા લોકકળાકારોએ માણ્યો. આ સંસ્કાર-દર્પણ સમા સંગ્રહાલયમાં એમણે પોતાનાં રૂપ અનેજીવનરસનું એકત્રિત આબેહૂબ પ્રતિબિંબ જોયું. લોકજીવનમાં કળાના સ્થાનની પ્રતીતિ પામી એ કળાકારો અને કસબીઓએ પોતાના કળાકામની કિંમત નાણી અને સચોટપણે તેની ઉપયોગિતા પ્રમાણી. એમ આ સંગ્રહાલયમાંથી પૂરી પડતી પ્રેરણાત્મક સાહિત્યસામગ્રી કલા, કસબ અને હુન્નરઉદ્યોગના અભ્યાસીઓને અને વિદ્યાર્થીઓને પણ અધ્યયનનું મોટું માધ્યમ બની રહે તેમ છે.

આપણી લોકકળામાં કંઈ જ કમી નથી. ઓછપ વિનાની એની બ-નાવટમાં મનની ક્યાં ય ગરીબી નથી. આ બધું જોઈ પ્રતીત થાય છે કે દુનિયાના કોઈ પણ દેશની લોકકળા કરતાં આપણી લોકકળા કોઈ રીતે ઊતરતી નથી; બલ્કે અમુક બાબતમાં તો ચડિયાતી ને કેટલેક અંશે આગવી ને ઉત્કૃષ્ટ છે. આ લોકસંગ્રહાલય જોઈને લોકકળાની આપણી પરંપરા સજીવ છે, સુંદર છે, આપણા લોકોની કલાસૂઝ કામણગારી છે તે મહેસૂસ થાય છે, સંગ્રહસ્થાનની રચનાનું આ તો પ્રથમ પગલું છે; સમગ્ર ગુજરાતની લોકકળાનું પ્રતિનિધિત્વ ધરાવતી વિશેષ સામગ્રીથી એને સમૃદ્ધ કરવાના પ્રયત્નો જારી છે. ગુજરાતની લોકકળા અને લોકસંસ્કૃતિની પ્રવૃ-ત્તિમાં પ્રાણ પૂરતું અમદાવાદનું આ અદ્યતન સંગ્રહાલય આપણી સંસ્કૃ-તિના ઇતિહાસને 'શ્રેયસ'ની અણમોલ દેણગી બની રહેશે એ નિશ્ચિત છે.

ટિકિટ-સંગ્રહ: કારુણ્યભર્યો હાસ્યરસ પ્રકટાવતી પોતાની આગવી અભિનયશૈલી દ્વારા જગવિખ્યાત અદાકાર ચાર્લી ચૅપ્લિન (ચાર્લ્સ સ્પેન્સર ચૅપ્લિન)નાં ચલચિત્રોએ આ સદીના ફિલ્મસર્જન-ને એક કળાનું સ્વરૂપ આપ્યું હતું. ગઈ ક્રિસ્ટમસના રોજ ૭૬ વર્ષની વયે એમનું અવસાન થયું. એ અદ્વિતીય અભિનય-પ્રતિભાની-યાદ-માં ભારતે ગઈ ૧૬મી એપ્રિલે એક ખાસ ટિકિટ બહાર પાડી જેમાં એમની ફિલ્મ કારકિર્દીની સૂચક પશ્ચાદ્ભૂ પર મોટાં બૂટ, તંગ કોટ ને ઢીલા પાટલૂનવાળા એમણે સર્જેલા ટ્રૅમ્પના વિખ્યાત પાત્રમાં એમ-ની લાક્ષણિક છબિ આપી છે. બીજી ટિકિટ વિખ્યાત કલાકાર પીટર પૉલ રૂબિન્ઝની ૪૦૦મી જયંતી નિમિત્તની છે. (જુઓ 'કુમાર' અંક ૬૪૮) આ ટિકિટ પર એણે પોતે જ ચીતરેલી એની છબિ પૂર્ણ-રંગમાં આપી છે. (પ્રેષક: જગદીશ બિનિવાલે અમદાવાદ)







◁ વિષયવૈવિધ્ય અને સુંદર છપાઈ માટે ઈઝરાએલની ટપાલ ટિકિટો ઘણી ખ્યાત છે. બાજુની એની ચાર ટિકિટો પર રાતા સમુદ્રમાં થતાં વિવિધ શંખ-છીપલાંની રજૂઆત કરેલી છે. આ ચાર ખાસ ટિકિટો ગયા ડિસેમ્બરમાં બહાર પડી હતી.

માનવસેવામાં કૃત્રિમ ઉપગ્રહ-૩]

સર્વેક્ષણ ઉપગ્રહ


લેખક • ડૉ. પરંતપ પાઠક

પૃથ્વી ઉપર દૂરદૂરના પ્રદેશો વચ્ચે સંદેશ-વ્યવહાર સ્થાપવામાં તથા સમગ્ર પૃથ્વી ઉપરના હવામાન વિષે થોડા સમયમાં સવિસ્તર માહિતી મેળવવા માટે કૃત્રિમ ઉપગ્રહ જેમ ખૂબ જ ઉપયોગી બની શકે છે તેમ પૃથ્વી ઉપરના વિશાળ પ્રદેશોની નૈસર્ગિક સંપત્તિનું સર્વેક્ષણ કરવા માટે પણ કૃત્રિમ ઉપગ્રહનો ઉપયોગ કરી શકાય છે. આ પ્રકારના ઉપગ્રહ વડે કૃષિ, વન, જળ, ભૂમિ, ભૂસ્તર, સમુદ્ર આદિ વિષે સર્વેક્ષણ થઈ શકે છે. આવા સર્વેક્ષણ દ્વારા મળતી માહિતી આ બધી નૈસર્ગિક સંપત્તિના ઉપયોગ અને આયોજન માટે અત્યંત ઉપયોગી થાય છે.

કૃત્રિમ ઉપગ્રહ વડે સર્વેક્ષણ કરવાથી મુખ્ય બે વિશિષ્ટ લાભ મળે છે: એક એ કે પરંપરાગત પદ્ધતિ, એટલે કે જમીન ઉપરથી કે હવાઈ નિરીક્ષણ દ્વારા કરવામાં આવતા સર્વેક્ષણની સરખામણીમાં કૃત્રિમ ઉપગ્રહ વડે ઘણા ઓછા સમયમાં વિશાળ પ્રદેશોનું સર્વેક્ષણ કરી શકાય છે, અને બીજો લાભ એ છે કે દરેક પ્રદેશના ઉપરના સર્વેક્ષણનું નિયમિત પુનરાવર્તન થવાથી નૈસર્ગિક સંપત્તિમાં સમયાંતરે થતાં પરિવર્તનો વિષે પણ માહિતી મળે છે, જે કૃષિ, જળ સંપત્તિ, વન-પ્રદેશ વગેરેનાં આયોજન માટે અત્યંત ઉપયોગી થાય છે. કૃત્રિમ ઉપગ્રહ વડે કરવામાં આવતા સર્વેક્ષણમાં દૂર-સંવેદન (Remote Sensing) નામે ઓળખાતી વૈજ્ઞાનિક પદ્ધતિ વપરાય છે. છેલ્લાં ૧૫-૨૦ વર્ષમાં આ પદ્ધતિમાં નોંધપાત્ર વિકાસ થયો છે. આજે વિવિધ પ્રકારનાં વીજાણુ ઉપકરણો ને કૉમ્પ્યુટરની મદદથી આ પદ્ધતિનો ઉપયોગ વધારે વ્યાપક બન્યો છે. આ લેખમાં પ્રથમ દૂર-સંવેદન પદ્ધતિ વિષે ચર્ચા કરીને પછી એ પદ્ધતિના ઉપયોગ દ્વારા કૃત્રિમ ઉપગ્રહ વડે કરવામાં આવતા સર્વેક્ષણ વિષે તથા તેનાં પરિણામોના અનેકવિધ ઉપયોગો વિષે ખ્યાલ આપવાનો વિચાર છે.


દૂર-સંવેદન પદ્ધતિ


કોઈ પણ પદાર્થ સાથે સીધા સંપર્કમાં આવ્યા સિવાય કોઈ ઉપકરણ દ્વારા દૂરથી તે પદાર્થના ભૌતિક ગુણધર્મો વિષે માહિતી મેળવવાની પદ્ધતિને 'દૂર–સંવેદન' (Remote Sensing) પદ્ધતિ કહે છે. આપણે આંખનો ઉપકરણ તરીકે ઉપયોગ કરીને જુદાજુદા પદાર્થોનાં આકાર, માપ, રંગ વગેરે જોઇને તે પદાર્થોના ગુણધર્મો વિષે તારણ કાઢીએ છીએ. એ દૂર સંવેદન પદ્ધતિનું એક સાદું ઉદાહરણ છે. કેરીનો રંગ જોઇને તે કાચી છે કે પાકી તે આપણે કહી શકીએ છીએ. આ ક્રિયાના મુખ્ય બે ભાગ છે: એક, આંખનો ઉપયોગ કરીને કેરીનો રંગ જોવો તે, તથા બીજો આપણા સામાન્ય જ્ઞાન અને અનુભવ (કાચી અને પાકી કેરી વચ્ચેના રંગનો તફાવત)નો ઉપયોગ કરીને નિર્ણય કરવો તે. આ જ રીતે દૂર-સંવેદન પદ્ધતિના ઉપયોગમાં પણ મુખ્ય બે પ્રક્રિયાઓ ભાગ ભજવે છે: એક, ઉપકરણનો ઉપયોગ કરીને પદાર્થનું ચિત્ર મેળવવું અને એ ચિત્રનો ઉપયોગ કરીને ઉપયોગી માહિતી મેળવવી. ઉપર્યુક્ત ઉદાહરણમાં જેમ સામાન્ય જ્ઞાન અને અનુભવના ઉપયોગનું મહત્ત્વ છે તેવી જ રીતે દૂર-



અણુના માપ સાથે સરખાવી શકાય તેવી અત્યંત સૂક્ષ્મ તરંગ-લંબાઈ ધરાવતાં ગામા-કિરણોથી માંડીને કિલોમીટર જેટલી તરંગ-લંબાઈના રેડિયો-તરંગ સુધી વિસ્તરેલા વીજ-ચુંબકીય રંગપટના વિવિધ વિસ્તારો, તેમનાં નામ સાથે, ઉપરની આકૃતિમાં બતાવ્યા છે. આ તરંગો મૂળભૂત રીતે અણુની અંદરના ઇલેક્ટ્રોનની ગતિથી પેદા થતા વિદ્યુત અને ચુંબકીય ક્ષેત્રના સ્પંદનને લીધે ઉત્પન્ન થાય છે, અને પ્રકાશની ગતિ (એટલે કે સેકંડના ૨૯૯૮૦૦ કિલોમીટર) ધરાવે છે. ઉપરની આકૃતિમાં બતાવેલા આ રંગપટની બહાર પણ વીજ-ચુંબકીય તરંગનું અસ્તિત્વ શક્ય છે. વીજ-ચુંબકીય તરંગની તરંગ લંબાઈ વધે તેમ તેની કંપ-સંખ્યા ઘટે છે. ઉપરની આકૃતિમાં આ રંગપટના જુદાજુદા વિસ્તારોમાં વપરાતાં તરંગ-લંબાઈ માટેનાં વિવિધ માપ—ઍન્ગસ્ટ્રોમ, માઇક્રોન, મિ. મિ. વગેરે બતાવેલાં છે.

આ આકૃતિમાં જોઈ શકાશે કે આપણે આંખ વડે જે દશ્યમાન પ્રકાશ જોઈ શકીએ છીએ તે તો આ વિરાટ રંગપટનો એક અતિ સૂક્ષ્મ ભાગ છે. આ આખા રંગપટના જુદાજુદા વિસ્તારો કેવી રીતે શોધાયા તેનો ઇતિહાસ પણ રસપદ છે. સહુ પ્રથમ આઇઝૅક ન્યૂટને સૂર્યના શ્વેત પ્રકાશનું સપ્ત રંગમાં વિભાજન કરીને પ્રકાશના દશ્યમાન રંગપટનું દર્શન કરાવ્યું. એ પછી ઈ. ૧૮૦૦માં સર વિલિયમ હર્ષેલે આ દશ્યમાન રંગપટની અંદર અને બહાર ઉષ્ણતામાપક યંત્ર મૂકીને લાલ રંગની બહાર વધારે ગરમી ઉત્પન્ન કરતાં ઉષ્ણતા કિરણો (Heat rays) અથવા અધો-રક્ત (Infra-red) કિરણોનું અસ્તિત્વ બતાવ્યું. એ પછીના જ વર્ષમાં જે. ડબ્લ્યુ. રીટરે ફોટોગ્રાફિક પ્લેઈટની મદદથી દશ્યમાન રંગપટના જાંબલી રંગની બહાર અદશ્ય પાર જાંબલી (Ultra-Violet) કિરણો નું અસ્તિત્વ બતાવ્યુ. ૧૯મી સદીની મધ્યમાં જેમ્સ ક્લાર્ક મૅક્સવેલે સૈદ્ધાંતિક ભૂમિકા ઉપર પ્રકાશની ગતિ ધરાવતા પણ તેનાથી ઘણી મોટી તરંગ લંબાઈવાળા વીજ-ચુંબકીય તરંગો વિષે આગાહી કરી, જે ઈ. ૧૮૮૮માં હાઈનરીક હર્ટ્ઝે પ્રાયોગિક રીતે પુરવાર કર્યું. આથી આ તરંગો હર્ટ્ઝિયન તરંગ કહેવાય છે, જ્યારે સામાન્ય રીતે આ તરંગ રેડિયો-તરંગ કહેવાય છે. ૧૯મી સદીના અંતમાં બૅકવેરલે રેડિયમમાંથી નૈસર્ગિક રીતે ઉત્સર્જિત થતાં ગામા-કિરણોની શોધ કરી જ્યારે રૉન્જને ક્ષ-કિરણો શોધી કાઢ્યાં.





ડાબી બાજુની આકૃતિમાં પૃથ્વી ઉપરના જુદાજુદા પદાર્થો સૂર્યના પ્રકાશનું કેવી રીતે પરાવર્તન કરે છે તે બતાવ્યું છે. આ આકૃતિમાં જમણી તરફ અનુક્રમે રોગિષ્ઠ વનસ્પતિ, જમીન, તંદુરસ્ત વનસ્પતિ અને પાણીનું પરાવર્તન બતાવ્યું છે. આ ઉપરથી સમજાશે કે દૂર સંવેદન પદ્ધતિમાં દૃશ્યમાન અને અધો રક્ત પરાવર્તિત પ્રકાશ એકસાથે વાપરવાથી જુદાજુદા પદાર્થો વિષે માહિતી મળી શકે છે. (જમણી બાજુ) સૂર્ય (૬૦૦૦° કે) અને પૃથ્વી (૩૦૦° ક) દ્વારા ઉત્સર્જિત થતા પ્રકાશના ગુણધર્મો ઉપરના આકૃમાં બતાવ્યા છે. સૂર્યના ઉત્સર્જિત પ્રકાશની મુખ્ય તરંગ-લંબાઈ દૃશ્યમાન વિસ્તારમાં છે, જ્યારે પૃથ્વીના ઉત્સર્જિત પ્રકાશની મુખ્ય તરંગ લંબાઈ અધો રક્ત વિસ્તારમાં છે.

સંવેદન પદ્ધતિના ઉપયોગમાં પણ અમુક જાતના જ્ઞાન અને અનુભવની જરૂર પડે છે, જેને 'ભૂમિ સત્ય' (Ground truth) કહે છે. દૂર-સંવેદન પદ્ધતિનો ઉપયોગ કરતાં પહેલાં પ્રાયોગિક પદ્ધતિથી જુદાંજુદાં ક્ષેત્રે 'ભૂમિ-સત્ય' નક્કી કરવું એ ખૂબ જ મહત્ત્વનું છે.

કોઈ પણ પદાર્થ તેની ઉપર પડતા પ્રકાશનું કેવી રીતે પરાવર્તન કરે છે અને પદાર્થ કેવી રીતે પ્રકાશનું ઉત્સર્જન કરે છે એ વિષેના ભૌતિક વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો ઉપર દૂર-સંવેદન પદ્ધતિ રચાએલી છે. આપણે આંખ વડે વીજ-ચુંબકીય રંગપટનાં ફક્ત દૃશ્યમાન (Visible) કિરણોનો જ ઉપયોગ કરી શકીએ છીએ જ્યારે દૂર સંવેદન પદ્ધતિના ઉપયોગમાં વીજ-ચુંબકીય રંગપટનાં દૃશ્યમાન ઉપરાંત અધો રક્ત, પારજાંબલી અને સૂક્ષ્મ તરંગ (Microwave) જેવાં અદૃશ્ય વિકિરણનો પણ ઉપયોગ કરવામાં આવે છે. (વીજ-ચુંબકીય રંગપટ વિષે જાણવા માટે આકૃતિ-૧ અને તે સાથેની સમજૂતી જુઓ)

દરેક પદાર્થ દ્વારા પરાવર્તિત થતો પ્રકાશ અમુક લાક્ષણિકતા બતાવે છે, જે તે પદાર્થનું 'રંગ લક્ષણ' (Spectral Signature) કહેવાય છે. આ રીતે પૃથ્વી દ્વારા પરાવર્તિત થતા સૂર્યના પ્રકાશમાં વનસ્પતિ, પાણી, જમીન, બરફ, ખનિજ-તત્ત્વ વગેરે પોતપોતાનાં ભિન્ન 'રંગ લક્ષણો' વડે ઓળખી શકાય છે. સૂર્યના પ્રકાશમાં વનસ્પતિનાં પાંદડાં આપણને લીલા રંગનાં દેખાય છે, પરંતુ સૂર્યના પ્રકાશની ક્લૉરોફિલ સાથેની પ્રક્રિયાને કારણે પાંદડાં દ્વારા સૂર્યના પ્રકાશનું પરાવર્તન અધો-રક્ત વિસ્તારમાં વધારે પ્રમાણમાં થાય છે. વનસ્પતિની જુદીજુદી જાત માટે આ અધોરક્ત પરાવર્તન જુદુંજુદું હોય છે. વળી, નાઇટ્રોજન અને ફૉસ્ફરસ જેવાં ખનિજ તત્ત્વના અભાવની પરિસ્થિતિમાં તથા વનસ્પતિની રોગિષ્ઠ અવસ્થામાં આ પરાવર્તિત અધો-રક્ત વિકિરણમાં પરિવર્તન થાય છે. આ ઉપરથી સમજી શકાશે કે અધો રક્ત પરાવર્તન તપાસવાથી વનસ્પતિની વિવિધ જાત તથા વનસ્પતિના વિકાસ અને આરોગ્ય વિષે પણ માહિતી મેળવી શકાય છે. આ રીતે કૃષિ ક્ષેત્રે દૂર-સંવેદન પદ્ધતિ અત્યંત ઉપયોગી થઈ પડે છે. અલબત્ત, આ પદ્ધતિનો ઉપયોગ કરતાં પહેલાં વિવિધ વનસ્પતિ માટે પ્રાયોગિક રીતે જુદીજુદી પરિસ્થિતિ અનુસાર 'રંગ-લક્ષણો' (ભૂમિ-સત્ય) નક્કી કરવાનું ખૂબ જ અગત્યનું છે.

શૂન્યથી વધારે નિરપેક્ષ ઉષ્ણતામાન* (Absolute temperature) ધરાવતા બધા પદાર્થ તેમાંના અણુ અને અણુ-સમૂહ (Atoms and Molecules)ના સતત સ્પંદનને કારણે વીજ ચુંબકીય વિકિરણનું ઉત્સર્જન કરે છે. આ ઉત્સર્જિત વિકિરણ અમુક ચોક્કસ રીતે જુદીજુદી તરંગ-લંબાઈ (અથવા કંપ સંખ્યા)માં વહેંચાએલું હોય છે. પરંતુ અમુક ઉષ્ણતામાને કોઈ પણ પદાર્થ એક ખાસ તરંગ લંબાઈમાં મહત્તમ પ્રમાણમાં વિકિરણનું ઉત્સર્જન કરે છે. પદાર્થનું ઉષ્ણતામાન વધવાથી ઉત્સર્જિત વિકિરણનું પ્રમાણ વધે છે અને તેની મુખ્ય તરંગ લંબાઈ ઘટે છે (અથવા કંપ સંખ્યા વધે છે). આ રીતે પૃથ્વી ઉપરનો દરેક પદાર્થ વીજ-ચુંબકીય વિકિરણનું સતત ઉત્સર્જન કરે છે, પરંતુ સામાન્ય રીતે લગભગ ૩૦૦° કે. (૨૭° સે.) જેટલા ઓછા ઉષ્ણતામાનના કારણે આ વિકિરણની મુખ્ય તરંગ-લંબાઈ વીજ ચુંબકીય રંગપટના અધો-રક્ત વિસ્તારમાં હોવાથી આપણે આંખ વડે તે વિકિરણ જોઈ શકતા નથી. આપણે જે જોઈએ છીએ તેમાં ફક્ત પરાવર્તિત કે ઉત્સર્જિત પ્રકાશની દૃશ્યમાન તરંગ-લંબાઈ જ ભાગ ભજવે છે. સૂર્યની સપાટીનું ઉષ્ણતામાન ૬૦૦૦° કે. હોવાથી તેમાંથી ઉત્સર્જિત થતા વિકિરણની મુખ્ય તરંગ-લંબાઈ પીળા રંગમાં હોય છે ને તેથી આપણે તે જોઈ શકીએ છીએ. પદાર્થનું ઉષ્ણતામાન અને (પદાર્થ દ્વારા) ઉત્સર્જિત થતા વિકિરણના ગુણધર્મો વચ્ચેનો સંબંધ સમજવા માટે નીચેનાં બે ઉદાહરણો ઉપયોગી થશે:

લોખંડને ગરમ કરવાથી અમુક ઉષ્ણતામાને તે લાલ રંગનું દેખાય છે અને ઉષ્ણતામાન વધારવાથી તે ધીમેધીમે પીળા રંગનું દેખાય છે, અર્થાત્ ઉષ્ણતામાન વધવાથી ઉત્સર્જિત થતા પ્રકાશની મુખ્ય તરંગલંબાઈ લાલથી પીળા રંગ તરફ ઘટે છે. આ જ રીતે આકાશમાં દેખાતા લાલ રંગના તારાઓનું ઉષ્ણતામાન ભૂરા રંગના તારાઓના ઉષ્ણતામાન કરતાં ઘણું ઓછું હોય છે. આકાશમાં કેટલાક એવા તારાઓ પણ છે, જે તેમના ઓછા ઉષ્ણતામાનને કારણે ફક્ત અધો રક્ત પ્રકાશનું જ ઉત્સર્જન કરે છે. પૃથ્વીના ઉષ્માજનિત ઉત્સર્જિત વિકિરણ દ્વારા ભૂગર્ભમાંથી ઉત્પન્ન થતા ગરમ પાણીના ઝરા, સક્રિય જ્વાળામુખી તથા સમુદ્રના ગરમ પ્રવાહો વિષે માહિતી મેળવી શકાય છે.

દૂર સંવેદન પદ્ધતિમાં પૃથ્વીની સપાટીથી દૂર રાખેલું ઉપકરણ પૃથ્વી દ્વારા પરાવર્તિત અને ઉત્સર્જિત થએલાં બંને વિકિરણ ગ્રહણ કરે છે. આ બંને વિકિરણનું (ખાસ કરીને અધો-રક્ત વિસ્તારના અમુક તરંગલંબાઈ ધરાવતા વિકિરણનું) વાતાવરણમાં વધતે-ઓછે અંશે શોષણ થાય છે. વળી આ વિકિરણ અંતરના વર્ગના પ્રમાણમાં પણ ઘટે છે. પરંતુ

*ભૌતિક વિજ્ઞાનમાં ઓછામાં ઓછા શક્ય ઉષ્ણતામાનને નિરપેક્ષ શૂન્ય ઉષ્ણતામાન કહે છે, જે –૨૭૩° સે. જેટલું હોય છે. આ ઉષ્ણતામાને પદાર્થના અણુ અને અણુ-સમૂહની ઉષ્મા-જનિત ગતિ શૂન્ય બની જાય છે. આ આંકને કેલ્વીન કહે છે. એ રીતે ૨૭૩° કે=૦° સે.

પૃથ્વીની સપાટીથી ઘણી ઊંચાઈ ઉપર વિમાન કે કૃત્રિમ ઉપગ્રહમાં રાખેલું ઉપકરણ પૃથ્વીના વિશાળ પ્રદેશ (ક્ષેત્રફળ : ૧૦૦થી ૧૦૦૦ ચોરસ કિ. મી.) દ્વારા પરાવર્તિત અને ઉત્સર્જિત થતું બધું વિકિરણ ગ્રહણ કરે છે, એટલે અંતર ને વાતાવરણમાં થતા શોષણને કારણે વિકિરણની માત્રામાં ઘટાડો થતો હોવા છતાં, ઉપકરણના ઉપયોગી કાર્યમાં કોઈ વાંધો આવતો નથી.

દૂર-સંવેદન પદ્ધતિના ઉપયોગમાં એક ખાસ મહત્ત્વનો મુદ્દો એ છે કે કોઈ પણ એક તરંગ લંબાઈના વિકિરણનો ઉપયોગ કરવાને બદલે એકથી વધારે તરંગ લંબાઈના વિકિરણનો એકસાથે ઉપયોગ કરીને મેળ-વેલાં એક જ પ્રદેશનાં ચિત્રો ઉપરથી પૃથ્વી ઉપરનાં જુદાંજુદાં લક્ષણો વિષે એક સાથે માહિતી મેળવવાની શકયતા ઘણી વધે છે.

દૂર-સંવેદન પદ્ધતિમાં ઉપયોગમાં લેવાતાં જુદાંજુદાં ઉપકરણોમાં સૌથી સરળ ઉપકરણ ફોટોગ્રાફિક કૅમેરા છે. સામાન્ય 'બ્લૅક ઍન્ડ વ્હાઈટ' અને રંગીન ફિલ્મ ઉપરાંત અધો-રક્ત સંવેદનશીલ ફિલ્મ અને બીજી ખાસ પ્રકારની ફિલ્મ* (False Colour Film) સાથે આવશ્યકતા પ્રમાણે જુદાંજુદાં રંગનાં ફિલ્ટર વાપરીને મેળવેલાં ચિત્રો ઉપરથી પૃથ્વી ઉપરના જુદાજુદા પદાર્થોની લાક્ષણિકતા વિષે ઉપયોગી માહિતી મેળવી શકાય છે. પહેલા વિશ્વયુદ્ધ પછી ખાસ કરીને જંગલોમાં લશ્કરની હિલચાલ વિષે માહિતી મેળવવા માટે અધો-રક્ત ફિલ્મનો ઉપયોગ શરૂ થયો હતો. જંગલમાં ખાખી કે લીલા રંગનાં કપડાં અને વનસ્પતિનાં પાંદડાંથી ઢંકાએલા માણસો સામાન્ય રંગીન ફિલ્મ વડે કે આંખથી જોઈ ન શકાય, પરંતુ અધો-રક્ત ફિલ્મ વડે માણસના શરીર અને વનસ્પતિનાં ઉષ્ણતામાન વચ્ચેનો થોડો તફાવત પણ જોઈ શકાય છે, એટલે લશ્કરની હિલચાલ વિષે માહિતી મળી શકે છે. વળી, અધો-રક્ત ફિલ્મ વડે અંધારામાં પણ 'જોઇ' શકાય છે. વિમાન, હેલીકૉપ્ટર કે બલૂનમાં મૂકેલા કૅમેરા વડે ચિત્રો મેળવવાથી ભૂ-સંપત્તિનું સર્વેક્ષણ કરી શકાય છે.

કૃત્રિમ ઉપગ્રહમાં સાદા કૅમેરાને બદલે ટી. વી. કૅમેરા વાપરવામાં આવે છે, કારણ કે આ કૅમેરા વડે લેવાએલું ચિત્ર ઉપગ્રહના ટ્રાન્સમીટરની મદદથી ભૂમિ મથક ઉપર મોકલી શકાય છે. અલબત્ત, ઘણા સ-માનવ ઉપગ્રહના અવકાશવીરોએ સાદા હાથ કૅમેરા વડે પણ પૃથ્વીના જુદાજુદા પ્રદેશોનાં અત્યંત સ્પષ્ટ ચિત્રો મેળવ્યાં છે.

ટી. વી. કૅમેરા ઉપરાંત કૃત્રિમ ઉપગ્રહમાં 'અધો રક્ત વિકિરણ-માપક' નામનું ઉપકરણ પણ વાપરવામાં આવે છે. આ જાતના ઉપકરણમાં અધો-રક્ત વિકિરણથી સંવેદિત થતા સ્ફટિકમય ઘન પદાર્થો (Crystalline solids) વપરાય છે. આ જાતના પદાર્થ ઉપર અધો-રક્ત વિકિરણ પડવાથી તે વધારે પ્રમાણમાં વિદ્યુત-પ્રવાહ વહન કરી શકે છે. આ રીતે વિદ્યુત-પ્રવાહમાં થતા ફેરફાર માપવાથી અધો રક્ત વિકિરણનું પ્રમાણ જાણી શકાય છે. આ જાતનું ઉપકરણ એક રંગી (અમુક એક તરંગ-લંબાઈ માટે) અથવા બહુ-રંગી (એકથી વધારે તરંગ-લંબાઈ માટે) બનાવી શકાય છે. બહુરંગી વિકિરણ માપકમાં ત્રિપાર્શ્વ કાચથી વિભિન્ન કરેલાં જુદીજુદી તરંગ-લંબાઈમાં વિકિરણ દ્વારા બનતાં એક જ પ્રદેશનાં ચિત્રો ઉપરથી વધારે ઉપયોગી માહિતી મળી શકે છે.

* આ પ્રકારની ફિલ્મ સાથે પીળા રંગનું ફિલ્ટર વાપરીને તૈયાર કરેલા ચિત્રમાં મૂળ લીલા રંગના સ્થાન ઉપર ભૂરો, લાલ રંગના સ્થાન ઉપર લીલો ને અધો-રક્ત વિકિરણના સ્થાન ઉપર કિરમજી (Crimson Red) રંગ મળે છે. આ પ્રકારના ચિત્ર ઉપરથી પરાવર્તિત અધો-રક્ત પ્રકાશનું પ્રમાણ જાણી શકાય છે.

અધો-રક્ત ઉપરાંત વીજ ચુંબકીય રંગપટના સૂક્ષ્મ-તરંગ—માઇક્રો-વેવ વિસ્તારમાં નૈસર્ગિક રીતે ઉત્સર્જિત થતાં વિકિરણનો ઉપયોગ કરીને પણ ઘણી ઉપયોગી માહિતી મેળવી શકાય છે. આ માટે સૂક્ષ્મ-તરંગ વિકિરણ-માપક (એક પ્રકારનું રેડિયો રીસીવર) સાધન વપરાય છે, જે વિમાન કે કૃત્રિમ ઉપગ્રહમાં રાખવાથી કૃષિ, જળ, સમુદ્ર, હવામાન વગેરે સંબંધિત ઘણી ઉપયોગી માહિતી મેળવી શકાય છે. સૂક્ષ્મ-તરંગ વિકિરણની વિશિષ્ટતા એ છે કે એ વાદળાંને પણ ભેદી શકે છે, એટલે આ પ્રકારનું ઉપકરણ દરેક ઋતુમાં ચોવીસે કલાક ઉપયોગી થઈ શકે છે.

ઉપર્યુક્ત બધાં જ ઉપકરણો નિષ્ક્રિય પ્રકારનાં ઉપકરણો છે જે પદાર્થ દ્વારા પરાવર્તિત અને / અથવા ઉત્સર્જિત થતાં વિકિરણનો જ ઉપયોગ કરે છે. સક્રિય પ્રકારનું રેડાર પણ દૂર-સંવેદન પદ્ધતિમાં વપરાય છે (વિમાન કે ઉપગ્રહમાં મૂકેલા શક્તિશાળી ટ્રાન્સમીટર વડે ફેંકાએલું સૂક્ષ્મ-તરંગ વિકિરણ પૃથ્વી દ્વારા પરાવર્તિત થયા પછી ગ્રહણ કરવાથી જમીનનો ભેજ, ભૂસ્તરીય લક્ષણો, સમુદ્ર વગેરે વિષે ઉપયોગી માહિતી મળે છે. આવા ઉપકરણમાં ટ્રાન્સમીટર ખૂબ શક્તિશાળી હોય એ ખાસ જરૂરનું છે.

ઉપર્યુક્ત જુદાંજુદાં ઉપકરણો આવશ્યકતા પ્રમાણે વિમાન, બલૂન કે કૃત્રિમ ઉપગ્રહમાં મૂકીને જરૂરી માહિતી મેળવી શકાય છે. કોઈ પણ ઉપકરણ વધારે ઊંચાઈ ઉપર મૂકવાથી પૃથ્વીના વધારે વિશાળ પ્રદેશો જોઈ શકાય છે. પરંતુ આ સાથે એ પણ જાણવું જોઈએ કે ઊંચાઈ વધવાની સાથે ઉપકરણનું વિભેદન માપ (નાનામાં નાની વિગત જોઈ શકવા-ની ક્ષમતા) પણ ઘટતું જાય છે. અમુક વિભેદન માપ મેળવવા માટે વિમાન, બલૂન કે કૃત્રિમ ઉપગ્રહમાંથી કોઈ એકની પસંદગી કરી શકાય છે. જેમ કે ૫ કિ. મી.ની ઊંચાઈ ઉપર ઊડતા વિમાનમાં રાખેલા કૅમેરા વડે ૫ સે. મી. જેટલું વિભેદન-માપ મેળવી શકાય છે, જ્યારે પૃથ્વીથી ૧૦૦૦ કિ. મી.ની ઊંચાઈ ઉપર ઘૂમતા ઉપગ્રહમાં મૂકેલા એ જ કૅમેરા દ્વારા મળતું વિભેદન માપ ૧૦ મીટર જેટલું હોય છે.

જુદાંજુદાં ઉપકરણ દ્વારા મેળવેલી માહિતીને ઉપયોગી રૂપમાં મૂકવા માટે જુદાંજુદાં ફોટોગ્રાફિક સાધનો, વિજાણુ ઉપકરણો ને કૉમ્પ્યુટરની ખાસ જરૂર રહે છે. તૈયાર થએલાં ચિત્રો દ્વારા જરૂરી માહિતી મેળવવા 'દાર્શનિક અર્થઘટન પદ્ધતિ' (Visual Photo-interpretation technique)નો ઉપયોગ થાય છે, જ્યારે જુદીજુદી તરંગ લંબાઈમાં પૃથ્વીના વિશાળ પ્રદેશો દ્વારા પરાવર્તિત કે ઉત્સર્જિત થતા વિકિરણના ઘણી મોટી સંખ્યામાં આંકડા મેળવ્યા પછી તેમાંથી ઉપયોગી માહિતી મેળવવા માટે જુદીજુદી સંખ્યાકીય પદ્ધતિ (Statistical Methods)-નો પણ ઉપયોગ કરવો જરૂરી બને છે, જેને માટે કૉમ્પ્યુટર એક ખૂબ જરૂરી સાધન છે. કૉમ્પ્યુટરની મદદથી આ જાતના આંકડાઓ ઉપરથી કાળા અને ધોળા રંગનાં અથવા રંગીન ચિત્રો પણ બનાવી શકાય છે, જેમાં ભૂમિ ઉપરનાં જુદાંજુદાં લક્ષણો સહેલાઈથી ઓળખી શકાય છે.

ઉપર્યુક્ત ચર્ચા ઉપરથી ખયાલ આવશે કે દૂર સંવેદન પદ્ધતિ એક બહુ-ક્ષેત્રીય વિષય છે અને તેના ઉપયોગમાં કૃષિવિદ્યા, વન-શાસ્ત્ર, જળ-શાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર, સમુદ્રશાસ્ત્ર જેવાં જુદાંજુદાં ક્ષેત્રોમાં નિષ્ણાતોની જરૂર પડે છે.

(આવતા અંકે પૂરું)

'વિનોદ'ની નજરે
[૨૬]

ચુનીલાલ મડિયા



લેખક
વિનોદ ભટ્ટ

આ માણસે મને એક તીવ્ર આઘાત આપેલો. લગભગ નવેક વર્ષ પહેલાં. ત્રીસમી ડિસેમ્બર ઓગણીસસો અડસઠની સવાર. હું નાહીને અરીસા સામે માથું ઓળતો ઊભો હતો, ત્યાં મારો નાનો ભાઈ ગિરીશ હાથમાં 'સંદેશ' લઈ શ્વાસભેર દોડી આવતાં બોલ્યો : 'મડિયા ગુજરી ગયા!' હું તેની સામે જોઈ રહ્યો—અવાચક. મારા મિત્રો-સ્નેહીઓમાં યે ઘણાં મરણ થયાં છે. એથી વ્યથિત પણ થયો હોઈશ...પણ આવો આઘાત કોઇએ મને નથી આપ્યો. મડિયા ગુજરી ગયા છે એ વાત ખુલ્લી આંખે માનવી જ પડી; કેમ કે તેમને મેં બળતા જોયા. છતાં આ વાત ખોટી હોય તો કેવું સારું એમ ક્યારેક થયા કરે છે.

મડિયાને સૌ પહેલાં મેં 'સંદેશ'માં જોએલા. મોટેથી હસીએ તો યે ખખડે એવા લાકડાના પાર્ટીશનવાળી કૅબિનમાં પીતામ્બર પટેલ સામે હું બેઠેલો, ત્યાં જાડા કાચનાં ચશ્માંવાળો, પડછંદ શરીર ડોલાવતો એક માણસ અંદર ધસી આવ્યો.

'આવો મડિયા...' કહી પીતામ્બર પટેલે આવકાર આપ્યો એટલે પોતાના હાથમાંનાં કાગળિયાં આપતાં તે બોલ્યો : 'તાજી વાર્તા, તાજી વાર્તા કરો છો, તો લ્યો આ તાજી વાર્તા!...સૂંઘી જુઓ.' જવાબમાં મુક્ત હાસ્ય કરીને પીતામ્બરે મડિયા પાસેથી વાર્તા લીધી. મડિયા સાથેની મારી આ પહેલી ઓળખાણ. જો કે હજુ તો પચાસ ટકા ઓળખાણ જ થએલી. મેં તેમને ઓળખ્યા, તેમણે મને ઓળખવો બાકી હતો. પીતામ્બરે સો ટકા ઓળખાણ કરાવી દીધી. પછી તો જ્યારે પણ મળે ત્યારે મડિયા 'કેમ છો, વિનોદકુમાર!' પૂછીને હોઠ અને આંખથી સ્મિત કરે. તેમની સામે હું જોયા કરું. તે આપણી સામે જોઇને હસે ત્યારે, જાણે તેમણે આપણને કશુંક આપી દીધું હોય, આપણે તે મેળવી લીધું હોય એવો ભાવ આપણને થાય. પણ એમની આંખમાં ધ્યાનથી ઝાંખીએ તો ટીખળ દેખાય—તોફાન દેખાય.

મડિયાની વાણીમાં તીખાશ ને તલવારની ધાર જેવી અવળવાણીમાં મોટે ભાગે કડવાશ પણ ભળે, જે ક્યારેક બિનજરૂરી લાગે. પાંચ-પાંચ બહેનો વચ્ચે ખોટનો ભાઈ. બચપણમાં લાલન-પાલન બહુ પામેલા એટલે જરા વધુપડતા 'ટચી'. આક્રમક પણ. સહન ઓછું કરે. છેડાઈ જલદી જાય. કશુંક પણ ખોટું થતું લાગે તો મૂગે મોઢે સહી લેવાની વૃત્તિ જ નહિ.

એક સાહિત્ય-સમારોહ (વીલેપારલે સાહિત્ય પરિષદ-૧૯૬૩) માટે ફંડ-ફાળો એકઠો થઈ રહ્યો હતો. રૂા. ૫૦-૧૦૦-૨૦૦ની ફી લઇને સ્વાગત સભ્યો નોંધાય. બેઠક-વ્યવસ્થા પણ એ રીતે કરવી એવી ચર્ચા ચાલે. ધનિકો—શેઠિયા—ઉદ્યોગપતિઓ, જે વધારે પૈસા ખરચી શકે એ લોકો માટે આગળની હરોળમાં બેઠકોની વ્યવસ્થા ને ઓછા પૈસા ખરચી શકનાર સાહિત્યકારો ને સાહિત્યરસિકો પાછળની ખુરસીઓમાં. મડિયા કહે: 'આવું ના ચાલે આવું સંમેલન શું પેલા પાછલી ખુરસીઓમાં બેઠેલ સાહિત્યકારો માટે હશે? આગલી હરોળ પચાવી પાડનારાઓ આમાં કશું સમજવાના નથી.'

'પણ એ બધા તો નાટક સમજીને આવવાના છે.' કોઈ વચ્ચે બોલ્યું. 'અને એમના પૈસાની આપણને જરૂર છે, એટલા પૂરતી એમનો અહં સંતોષવા જ આગળની ખુરસીઓ એમને માટે રાખી છે.'

'ભલા માણસ, ત્યારે તો બહુ સહેલું છે!' મડિયાએ તરત જ કહ્યું : 'એમને સમજાવો કે આ નાટક નથી...સિનેમા છે!'

મડિયા કોઈની યે સાડાબારી ના રાખે. એમના વ્યંગ્યનો ભોગ ગમે તેને બનાવી દે. કહે છે કે નિરંજન ભગતની ભાગીદારીમાં તેમણે એક 'ખોહણીકોશ' તૈયાર કરેલો! શબ્દને જરા આડોઅવળો મરડી એમાંથી કોઈ ખાસ વ્યક્તિને લાગુ પડતો હોય એવો અર્થ તારવે. પ્રભાકર માચવે નામના એક પરભાષી લેખક છે. એ માચવે વિષે મડિયા કહેતા કે, 'હી ઈઝ મચ-અવે ફ્રૉમ લિટરેચર'. આપણા ઘણા લેખકોને આ ખોહણીકોશમાં ઝડપાવાનો લ્હાવો મળ્યો છે. મડિયા કોઈને ય છોડે નહિ—પછી તે ઉમાશંકર હોય, સુરેશ જોષી હોય, ઠાકર હોય કે પછી ખુદ મડિયા હોય.

દિલ્હીમાં ભરાએલી સાહિત્ય પરિષદ વખતે શમિયાણામાં કૅપ્સ્ટન સિગારેટ પીતા તે ઊભા હતા. મને પસાર થતો જોઇને પાસે બોલાવ્યો. મારી સામે સિગારેટનું પૅકેટ ધર્યું. સિગારેટ લેતાં હું સહેજ ખચકાયો. એટલે કહે : 'પાંચસો પંચાવનથી ઊતરતી ના પીવી એવું કોઈ વ્રત તો નથી ને?' સહેજ આગળ ઉમાશંકર ઊભા'તા. એમની સામે આંગળી ચીંધતાં મેં કહ્યું: 'ઉમાશંકર ઊભા છે...' 'હં...તો આમાન્યા રાખો છો, એમ?' કહી હસ્યા. પછી બોલ્યા : 'પણ એ ક્યાં આપણી આમાન્યા રાખે છે?... સ્ટેઈજ પર કેવા જઇને બેસી જાય છે?'

સુરેશ જોષીનો 'ઉપજાતિ' નામે કાવ્યસંગ્રહ પ્રકટ થએલો. થોડાંક વર્ષો પછી જોષીને એ કાવ્યો બરાબર નહિ લાગ્યાં એટલે તેમણે જાહેર કર્યું : 'આથી મારો એ સંગ્રહ હું રદ કરું છું.' આ વાંચીને મડિયાથી બોલ્યા વગર ના રહેવાયું : 'ભાઈ, અમે તો કે'દિનો કરી નાખ્યો છે.'

કોઈ એક સાહિત્ય સભામાં ઠાકર ભાષણ કરવા ઊભા થયા. મડિયા ઑડિયન્સમાં બેઠેલા. ઠાકર અમુક મુદ્દાઓ કાગળ પર ટપકાવી લાવેલા. થોડુંક એમાંથી વાંચતા, બાકીનું બોલતા. બોલતાં બોલતાં વચ્ચે તે અટકી ગયા ને પાનાં ફેરવવા લાગ્યા—કોઈ મુદ્દો શોધવા. કાગળની એક જ બાજુએ તેમણે લખેલું. પાછળની બાજુ કોરી. કદાચ એ બાજુ પર તો કશું નથી ટપકાવ્યું ને એ ચકાસવા ઠાકર કોરી બાજુ પર નજર ફેરવવા લાગ્યા. પાસે બેઠેલ રઘુવીરના કાનમાં મડિયા ધીમેથી ગણગણ્યા : 'હી ઈઝ સીઈંગ હિઝ બ્રાઈટર સાઈડ!'

પણ મને લાગે છે કે આ બધો તેમનો બાહ્ય દેખાવ જ હશે. સાચું રૂપ આ નહિ હોય. બહારથી બરછટ પણ અંદરથી તે ખૂબ જ મુલાયમ હશે, પ્રેમાળ ને હરિયાળ દિલ હશે—રાજા માણસ. ખુદ ઠાકરે જ મડિયાની ઝિંદાદિલીનો એક પ્રસંગ મને કહ્યો છે. કોઈ કે નોંધ્યો પણ છે. આમાં મડિયાની ખેલદિલી ને ઠાકરનું સૌજન્ય બન્ને એકસાથે દેખાય છે.

ઉમાશંકરનાં પત્ની જ્યોત્સ્નાબેન હૉસ્પિટલમાં છેલ્લા શ્વાસ લેતાં

હરિ: ૐ આશ્રમ તરફનાં
એપ્રિલ અંક માટેનાં રૂ. ૫૦–૫૦નાં બે પારિતોષિકો
જીવનચરિત્ર 'નીલકંઠરાય છત્રપતિ' માટે અશોક ઠાકોરને
અને વ્યક્તિચિત્રો 'ગંગુમા' માટે
મુકુંદરાય વિ. પારાશર્યને મળે છે.

હતાં. ગણતરીના શ્વાસ લેવાના બાકી હતા. રાતના મોડે સુધી ઉમાશંકરના ઘણા સાહિત્યિક મિત્રો 'કૉરીડોર'માં આંટા મારે. ઠંડીના દિવસો. આમ તો ઓકર ઘરની બહાર નીકળે ત્યારે અરધું ઘર સાથે લઇને નીકળે. પણ રાતના રોકાવાનું થશે એની એમને કલ્પના નહિ. એ તો એક બાંકડા પર લંબી તાણીને સૂઈ ગયા. શિયાળાની રાત વધતી હતી. ઠંડીથી ઓકર ધ્રૂજતા હતા. તેમણે ટૂંટિયું વાળ્યું હતું. એકાએક તેમની આંખ જરા ઊઘડી. તેમણે જોયું તો કોઈક તેમને ગરમ ધાબળો ઓઢાડી રહ્યું'તું. ધાબળો ઓઢાડીને એ જણ સરકવા માંડ્યો. ઓકર હવે પૂરેપૂરા જાગી ગયા હતા. સરકી જતી વ્યક્તિને તેમણે જોઈ લીધી. એ મડિયા હતા. (મડિયાને જાગતા ઓકર સામે જ કશુંક કહેવાનું હશે, કદાચ.)

ઓકર સાથેનો મડિયાનો બીજો પણ પ્રસંગ યાદ આવે છે. મડિયા ને ઓકર કોઈક સમારંભમાં સાથે હતા. કાર્યક્રમ ઓકરે ધાર્યા કરતાં વધારે સમય ચાલ્યો. મોડું થશે તો ઘેર પત્ની ચિંતા કરશે એની ફિકરમાં ઓકર પડી ગયા. વચ્ચે ઈન્ટરવલ જેવું પડ્યું એટલે ઓકરે મડિયાને કહ્યું: 'મડિયા, ફોન પર મારા ઘેર જરા સંદેશો આપી દોને કે મારે પાછા ફરતાં મોડું થશે.' ને ડોકું હલાવતા મડિયા ફોન કરવા દોડ્યા. મડિયા–ઓકરને એકબીજાના દુશ્મન માનતા લોકોને આ જોઇને આશ્ચર્ય થયું. એક જણે તો ઓકરને પૂછ્યું ય ખરું: 'તમે આદેશ કર્યો, ને મડિયા એના પાલનાર્થે દોડી યે ગયા.' ત્યારે ઓકરે હસીને કહ્યું: 'અમારા સંબંધો વિષે તમે શું માનો છો? હું કહું કે મડિયા પૂને જઇને મારો આટલો સંદેશો પહોંચાડી આવો, તો પણ મડિયા આટલી જ ઝડપથી દોડી જાય.'

ઓકર મડિયાને સારી રીતે પિછાણી ચૂક્યા'તા. કો'ક આવીને તેમને કહે કે મડિયા તમારા વિષે ફલાણું ને ઢીંકણું બોલતા'તા ત્યારે ઓકર શાંતિથી કહેતા. 'એ જે કહેતો હોય તે; પણ મને એટલી તો ખબર છે કે મારે જો મડિયા કરતાં પહેલાં મરવાનું થશે તો મારા મૃત્યુ પર જે થોડાં જણાંની આંખોમાં આંસુ હશે એમાંના એક મડિયા હશે.'

મડિયા પ્રેમાળ ઘણા. એમના અવાજમાં, લહેકામાં પ્રેમ નીતરતો જોઈ શકાય. સાહિત્યવાળાઓનું મોટું દુઃખ એ હોય છે કે તે હમેશાં બહારના માણસો પર ઓળઘોળ થઈ જાય છે; ઘરના લોકો પર કાયમ તે છાસિયાં જ કરે છે. મડિયા આપ્તજનો પર પણ અપાર પ્રીતિ રાખે... ને બાળકો માટે તો અસીમ પ્રેમ. ઘરની બહાર હોય તોપણ જીવ તો બાળકોમાં જ રહે. ફોનથી દક્ષાબહેનને પૂછી લે: 'અપૂ (અપૂર્વ) ઊંઘી ગયો?'

એક વાર તે દિલ્હી ગએલા. બીજે દિવસે વહેલી સવારની ફ્લાઈટમાં મુંબઈ પહોંચવાનું. કામમાં ને કામમાં રાતના નવ વાગી ગયા. કામમાંથી પરવાર્યા ને તરત જ બાળકો સાંભર્યાં. બહારગામથી ઘેર જતાં બાળકો માટે રમકડાં–મીઠાઈ લીધા વગર જવાય જ કેમ? એ તો દોડ્યા બજારમાં. બંધ દુકાનો ખોલાવી રમકડાં ને મીઠાઈ ખરીદ્યાં ત્યારે 'હાશ' થઈ. આ બધી ખરીદીનો આનંદ બાળક ભોગવે એ કરતાં ય તેમને અદકો હતો. છેલ્લી વાર અમદાવાદ છોડીને તે મુંબઈ જવા ઊપડ્યા (ને પહોંચ્યા કોઈક બીજા જ સ્થળે) ત્યારે ય તેમના માલસામાન સાથે બાળકો માટે ફ્રૂટનો કરંડિયો લીધો'તો.

સાહિત્યના માણસો તરફ પણ તેમને ઘણો સ્નેહભાવ. મડિયા કાર લઇને નીકળે ને બસ-સ્ટૉપ પર કોઈ સાધારણ ઓળખીતો લેખક-પત્રકાર દેખાય તો તરત જ કાર થોભાવીને તેને લિફ્ટ આપે. તેમને થોડું અવળું ચક્કર લગાવવું પડે તો લગાવીને ય પેલાને ઘર સુધી કે ઘરની નજીકના રસ્તા સુધી પહોંચાડી દે.

મડિયામાં સ્ત્રી-સન્માનની લાગણી પણ ઊંચી. મોટી બહેનોની વચ્ચે ઊછરેલા, બહેનોનો પ્રેમ મેળવેલો, એટલે વળતો પ્રેમ કેમ નાપવો, સ્ત્રીઓ સાથે કેવો વ્યવહાર કરવો એ જ્ઞાન મડિયાએ જાણે ગળથૂથીમાં જ મેળવેલું. સ્ત્રી સાથે વાત કરતી વખતે મડિયા હમેશાં ઊભા થઈ જાય. બેસીને વાત કરે જ નહિ. (દક્ષાબહેન સાથે વાત કરતાં ઊભા રહીને વાત કરતા કે કેમ એ બાબત દક્ષાબહેનને પૂછવું પડે.)

એક વાર મડિયા ને નિરંજન ભગત ઈરોઝ થીએટર પાસેની એક રેસ્ટોરાંમાં વાતો કરતા બેઠેલા. ત્યાં દીના ગાંધી રેસ્ટોરાંમાં પ્રવેશ્યાં. મડિયાના ટેબલ પાસેથી તે પસાર થયાં એટલે મડિયાએ ઊભા થઈને 'હલ્લો' કહ્યું બે પાંચ મિનિટ વાત કરી નિરંજને બેઠાંબેઠાં જ દીનાબહેનને 'હલ્લો' કર્યું. દીનાબહેનના ગયા પછી મડિયાએ નિરંજન સામે આંખો સ્થિર કરીને ગંભીર અવાજે કહ્યું: 'વ્હેન અ લેડી કમ્સ નીઅર ધ ટેબલ, જેન્ટલમેન મસ્ટ સ્ટૅન્ડ-અપ.'

'યેસ, યેસ; આઈ નો ઈટ. "બટ વ્હેન અ લેડી" કમ્સ. અન્ડરસ્ટુડ?' નિરંજને પ્રત્યુત્તર વાળ્યો. નિરંજનની આવી સરસ રમૂજ પર પણ મડિયા નો'તા હસ્યા. એમને આ નો'તું ગમ્યું. (જો કે નિરંજને તો આ 'જોક' પાછી બીજા કોઇને નહિ ને ખુદ દીના ગાંધીને જ કહેલી!)

કોની પાસે કઈ વાત કરવી એ પણ તમારે મડિયા પાસેથી શીખવું પડે. દિનકર જોશીને ત્યાં એક વાર મડિયા જમવા ગયા. દિનકરનાં વૃદ્ધ બા તેમને પીરસે. ભરેલાં રીંગણાંનું શાક બનાવેલું. રવૈયું ખાતાં મડિયાએ દિનકરની બા સાથે રસાવાળા શાક વિષે ચર્ચા શરૂ કરી. એ શાક સૌરાષ્ટ્રમાં જુદીજુદી વર્ણોમાં કેવી રીતે બનાવાય છે એની વાતો કરવા માંડી. રીંગણાનો ઓળો કેમ બને, એમાં ટમેટા કાંદા ઉમેરવાથી એનો સ્વાદ કેવો બદલાય એની લગભગ અરધો કલાક વાત કરી.

ખાવાના મડિયા એટલા જ શૉખીન. અમદાવાદમાં કઈ ચીજ સારી ક્યાં મળે છે એ બાબતની યે મડિયાને પૂરી જાણકારી. લક્ષ્મી ટૉકીઝની ગલીમાં, નવતાડ સામે સાતમાંની કઈ દુકાનમાં વધુ સારા સમોસા મળે છે એની ય મડિયાને ખબર.

એક વાર શિયાળામાં તે કોઈ મિત્ર સાથે રિલીફ રોડ પરની નાઝ હોટેલ (જે હવે બંધ થઈ ગઈ છે)માં ગયા. મિત્રે પૂછ્યું: 'શું લેશો?'

'ભેળસેળ વગરની કોઈ પણ ચીજ ચાલશે!' મડિયા બોલ્યા.

'એવું અહીં શું મળે?'

'બૉઈલ્ડ ઇંડું... જેમાં હજી સુધી ભેળસેળ પહોંચી શકી નથી. ખુદ મરઘી ય એમાં ઘાલમેલ કરી શકતી નથી.'

મડિયા મહેફિલનો—ડાયરાનો માણસ. ઊંચા કરીને સ્ટેઈજ પર બેસાડીએ તો એમને બહુ મઝા ના આવે. પણ બધાની સાથે કૂંડાળામાં બેઠા હોય, બધું ઈન્ફૉર્મલી ચાલતું હોય તો તે ઓર ખીલે. ટોળટપ્પા ને હસી-મજાક સાથે જ્ઞાનની એકબે સરસ વાતો કહી નાખે... ને વાત કરતાં કરતાં ડાયરામાંથી કોઈ વાર ચાલવા ય માંડે—બસ, બહુ થઈ ગયું એમ માનીને... આપણી મહેફિલમાંથી તે આવી રીતે જ ચાલી ગયા ને! કોઈક કહેતું'તું મડિયા બહુ કઠોર હતા, નિર્દય હતા. પોતાની વાર્તાઓના નાયકને તે વાર્તાની અધવચ્ચે જ મારી નાખતા. મડિયાનો આ મિજાજ હતો. સામે ઈશ્વર એવો જ મિજાજી નીકળ્યો. જીવનની અધવચ્ચે જ મડિયાને તેણે ઉપાડી લીધા... શું આ જ 'પોએટિક જસ્ટિસ' કહેવાતો હશે? છટ્! □

કલાવાર્તા

કાગળ-કટાઈ

કાગળ-કટાઈ એ એક બહુ જાણીતું કલાકૌશલ છે. રંગબેરંગી પાતળા કાગળમાં અત્યંત બારીક કાપકોતરણી અને નજાકતભરી અનેકવિધ સુંદર ભાત અને ચિત્રો કોરવામાં ચીને સાધેલી સિદ્ધિ આશ્ચર્યકારક અને કદાચ દુનિયાભરમાં સૌની મોખરે છે. આપણાં વૈષ્ણવ મંદિરોમાં પુરાતી 'સાંઝી'નાં કાગળમાં કોરેલાં ઓઠાં પણ જાણીતાં છે. અન્ય દેશોમાં પણ એક યા બીજી રીતે આ કૌશલ ઓછુંવત્તું ખીલેલું છે જ. શોભન સંયોજનની કલાદૃષ્ટિ, હાથની ચોકસાઈ અને કામ કરવાની ધીરજ કેળવવા માટે શાળાના કલાવર્ગોમાં આ માધ્યમનો પણ ઉપયોગ થાય છે. પણ આ કૌશલ એ માત્ર બાળકોની રમત જેવું નથી, ચીવટ અને ચાતુરી સાથે જો દૃષ્ટિ કેળવાઈ હોય તો હાથ બેસી ગયા પછી કાગળ-કટાઈમાં અનેકવિધ સુંદર કૃતિઓ થઈ શકે છે. એવા નમૂના સ્વયં એક કલાકૃતિ જેવા છે એટલું નહિ પણ એને જુદીજુદી રીતે પ્રયોજીને અનેક સુંદર શોભનરચનાઓ બનાવી શકાય છે. બાળકોનાં વસ્ત્રો પર કાગળ કટાઈ કરીને બનાવેલા નમૂનાનો ઓઠા (સ્ટેન્સિલ) તરીકે ઉપયોગ કરીને વિધવિધ ભાત છાપી શકાય, લૅમ્પશેડ બનાવવામાં પણ એ પ્રયોજી શકાય, ટેબલના કાચ નીચે દાબીને શોભન રચી શકાય. આમ, ઘણી રીતે એનો ઉપયોગ થઈ શકે. આ કટાઈ પણ જુદીજુદી રીતે કરી શકાય (અહીં ઉદાહરણાર્થે થોડા સરળ નમૂના આપ્યા છે) ચિત્ર કે વેલબુટ્ટા વગેરેની આકૃતિઓથી માત્ર રેખાત્મક કોતરણી થઈ તેમ આકાર-આકૃતિની રેખાઓ વચ્ચેના ગાળા કોરી પણ થઈ શકે. આવા કોરાએલા ગાળા પાછળ રંગીન કાગળ મૂકીને એકરંગી પશ્ચાદ્ભૂ બતાવી શકાય અથવા જુદાજુદા રંગના કાગળના કાપલા ચોડીને એ જ ચિત્ર કે ભાતને બહુરંગી ઉઠાવ પણ આપી શકાય. પારદર્શક કે અર્ધપારદર્શક કાગળ પર નમૂનો લગાડીને એની પાછળથી પ્રકાશ આવે એવી ગોઠવણ વાળી રચના પણ એક આકર્ષક નમૂનો બની રહે. આ કૌશલ હવે અજાણ્યું નથી પણ એના વિવિધ ઉપયોગમાં અનેકવિધ



એક જ વિષયનું બે જુદીજુદી રીતે કરેલું કટાઈકામ

નવીનતા છે. કાગળકટાઈ માટે કાતર, વપરાએલી બ્લેડ, તીણી ધારવાળું ચપ્પુ કે નરેણી વગેરેનો ઉપયોગ પણ જાણીતો છે. જરૂર છે માત્ર લગનથી કામ કરવાની. ઉનાળાની લાંબી રજાઓ હવે નજીક આવી રહી છે ત્યારે નવરાશના એ લાંબા ગાળામાં વિદ્યાર્થીઓ આવું કામ હાથ ધરી લે તો જાતે કંઈ કર્યાનો આનંદ અને ઘરમાં ઉપયોગી એવું ઘણું કરી શકે.

—કૃષ્ણવદન જેટલી







ચિત્રવિષયને ઉઠાવ આપનારી વિવિધ રીતની કટાઈનાં ઉદાહરણ રૂપ નમૂના ▷

'રંગરેખા'

'શાળાના ન્યૂ એસ. એસ. સી.ના દસમા ધોરણના ચિત્રવર્ગોમાં કલ શિક્ષકો વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ તો આપે છે જ, પરંતુ એ તાલીમમાં વિશેષ સુવિધા અને સહાયક ગુરુ-વિદ્યાર્થીને મળી રહે એ હેતુથી' અમદાવાદ(અને મુંબાઇ)ના પ્રકાશક એ. આર. શેઠની કંપનીએ 'રંગરેખા' નામનું એક ચિત્રખચિત પ્રકાશન કર્યું છે. 'કુમાર'ના કદનાં કુલ ૮૦ પાનાંના આ પુસ્તકમાં 'સ્કેચિંગ (ત્વરાલેખન), ફ્રીહૅન્ડ ડ્રૉઈંગ (મુક્તહસ્ત ચિત્રો), કૉમ્પોઝિશન (ચિત્ર-સંયોજન), સ્ટિલ લાઈફ (પદાર્થ ચિત્રો), નેચર ડ્રૉઈંગ (કુદરતી-?) ચિત્ર, લેટરિંગ (અક્ષર-આલેખન) અને ડિઝાઈન (ભાત ચિત્ર) માટે માર્ગદર્શક સૂચનો આપ્યા પછી બાકીનાં બધાં પાનાંઓમાં આ દરેક વિભાગનાં ઉદાહરણ રૂપ ચિત્રો આપેલાં છે.

'માનવ આકૃતિ સરળ રીતે સમજીને ચીતરી શકાય એ હેતુથી' આ ચિત્રપૃષ્ઠોના આરંભમાં જ ચાર પાનાંમાં માનવદેહ ચીતરવા માટેનાં થોડાં માર્ગદર્શક રેખાંકનો આપ્યાં છે. એમાં સ્ત્રી અને પુરુષના દેહનો તુલનાત્મક તફાવત તથા આંખ, કાન, નાક, હોઠને ભિન્નભિન્ન દૃષ્ટિકોણથી દર્શાવ્યાં હોત તો આ પૃષ્ઠોની ઉપયોગિતા વધી શકત.

પુસ્તકના યોજક કલાકારો સર્વશ્રી કનુ દેસાઈ, ચન્દ્ર ત્રિવેદી ને જી. દલવાડીએ પ્રાસ્તાવિકમાં લખ્યું છે કે, '...ચિત્રકાર બનવું સહેલું નથી. ચિત્રકલા સખત પરિશ્રમ માગી લે છે.' ચિત્રકલા માટે આ વિધાન જેટલું ખરું છે એટલું

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૨)

શબ્દકથા : વઘારવું · ધુંગારવું

સંસ્કૃતમાં व्याघारयति '(ઘી) ઉપર છાંટે છે' એવું પ્રાચીન ધાતુરૂપ વપરાયું છે. તે પરથી પ્રાકૃતમાં **वग्घार्** ધાતુ 'વઘારવું'ના અર્થમાં નિષ્પન્ન થયો. તે પરથી પંજાબી, હિંદી बघारना, કુમાઉની बघारणो, નેપાળી बगारनु ઉડિયા बघारिवा અને ગુજરાતી वघारवुं વગેરે (તથા बघार, वघार વગેરે નામ) થયાં છે. वघारवुं એટલે 'ઘી કે તેલમાં રાઈ, મરચાં, હિંગ વગેરે કકડાવીને દાળ, કઢી વગેરેમાં છમકારવું.' આમાં હિંગ મુખ્ય હોવાથી તેને बघारणी—'વઘાર માટેનો પદાર્થ' કે 'વઘાર કરનારી'—પણ કહે છે.

ધુંગારવું એટલે મૂળે 'ઘીની ધુમાડી આપવી.' સંસ્કૃતમાં धूमोद्गार એટલે 'કશાકમાંથી ધુમાડો નીકળવો'. એના પરથી પ્રાકૃત धूमुग्गार, ને પછી धूँवुग्गार ને धुंगार. પંજાબમાં धुंगारना, ढुंगारना 'દૂધના વાસણને ઘીની ધુમાડી આપવી' એવા અર્થમાં વપરાય છે.

કેટલેક સ્થળે वघारवुं-ढुंगारवुं (અથવા धुंगारवुं) એવો જોડિયો પ્રયોગ થાય છે. ढांको-ढूंबो, मर्युं–मादर्युं, ताणो–तूसी વગેરેની જેમ બે સંલગ્ન કે નિકટવર્તી, પરસ્પરપૂરક ક્રિયાઓ આ પ્રયોગ વ્યક્ત કરે છે 'વઘાર વગેરે કરવો', છમકારીને ધુમાડો કઢાય એ રીતે વઘાર કરવો એવો અર્થ છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બોર્ડ
પાટનગર યોજનાભવન, અમદાવાદ–૬

ભારતીય સાહિત્યવિચાર મંજૂષા: ખંડ ૧-૨: ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સાહિત્યના સિદ્ધાન્તોનો અભ્યાસ એક યા બીજા સ્તરે વર્ષોથી અધ્યાપનનો વિષય રહ્યો છે ત્યારે પૂર્વના સાહિત્યાચાર્યોએ પોતાના ગ્રંથોમાં જે સિદ્ધાંતો સંસ્કૃતમાં આપ્યા છે તેને ગુજરાતીમાં અહીં મૂળ સંસ્કૃત આધારો સાથે સંસ્કૃતના અનુભવી અધ્યાપકો ડૉ. રમેશ સું. બેટાઈ અને ડૉ. નારાયણ મ. કંસારાએ સંચિત કર્યા છે તે તદ્‌વિષયના વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓને ખૂબ જ ઉપયોગી થઈ પડશે. (મુખ્ય વિક્રેતા: બાલગોવિંદ બુકસેલર્સ, બાલા હનુમાન પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૧, બન્ને ખંડનું પાકું પૂઠું, ખંડ ૧નાં પૃ. ૮૦૬, રૂ. ૩૭ અને ખંડ ૨નાં પૃ. ૬૫૨, રૂ. ૩૦.)

પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ: સાહિત્યવાચનનો શૉખ અને એના અભ્યાસનું અધ્યયન વધતાં ગયાં છે ત્યારે આપણી પ્રશિષ્ટ ભાષા સંસ્કૃતમાં સર્જાએલા પ્રશિષ્ટ સાહિત્યનો સમ્યક્ ખ્યાલ મેળવવો આવશ્યક છે. પ્રસ્તુક પુસ્તકમાં નાટક સિવાયનાં બહુધા સર્વ લલિત સાહિત્ય સ્વરૂપોનો વિકાસલક્ષી સંક્ષિપ્ત ઇતિહાસ પ્રા. અમૃત મ. ઉપાધ્યાયે આલેખ્યો છે તે સંસ્કૃત નહિ જાણનાર પણ સંસ્કૃતમાં રસ લેનાર સહુને ખૂબ જ ઉપયોગી સામગ્રી પૂરી પાડી રહેશે. (મુ. વિ. ઉપર મુજબ; પાકુ પૂઠું, પૃ. ૪૬૮, રૂ. ૨૧.)

ભારતીય કવિતા: પ્રસ્તુત પુસ્તકમાં ભારતની વિવિધ પ્રાંતીય ભાષાઓમાં તેમ જ અંગ્રેજીમાં લખાતી કવિતાનું તે તે ભાષાના વિદ્વાન પાસે વિહંગાવલોકન કરાવવામાં આવ્યું છે. આમ, અત્યારે ભારતીય કવિતાની ગતિવિધિ કેવી છે એનો એક ફલક પર સમ્યક્ ખયાલ મેળવવા માટે કવિતાપ્રેમીઓ અને સાહિત્યના અભ્યાસીઓને ખપ લાગે તેવા આ આવકાર્ય પુસ્તકના સંપાદકો છે ડૉ. રામેશ્વરલાલ ખંડેલવાલ ને ડૉ. સુરેશચંદ્ર ત્રિવેદી. (મુ. વિ. ઉપર મુજબ; કાચું, પૃ. ૨૦૮, રૂ. ૧૦-૫૦.)

પાશ્ચાત્ય ટૂંકી વાર્તા: ઉચ્ચ શિક્ષણમાં વિવિધ સાહિત્ય સ્વરૂપોનો વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાનો હોય છે, ત્યારે પશ્ચિમમાંથી આવી આપણે ત્યાં પાંગરેલા ટૂંકી વાર્તાના સાહિત્યસ્વરૂપનો પશ્ચિમમાં જે વિકાસ થયો તેનો ઈલાબેન પાઠકે તૈયાર કરેલો આ અભ્યાસ તે વિષયના વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓને મહત્ત્વના સંદર્ભગ્રંથની ગરજ સારશે. (મુ. વિ. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૩૩૪, રૂ. ૧૬)

ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ: ઉચ્ચ શિક્ષણમાં આજે ગુજરાતી ભાષા અને વ્યાકરણનો અભ્યાસ અનિવાર્ય બન્યો છે ત્યારે અગાઉનાં તદ્‌વિષયક પુસ્તકોને આધારે સરળ રીતે તૈયાર કરેલું પ્રા. જયન્ત કોઠારીનું આ પુસ્તક વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થઈ પડે તેવું છે. (મુ. વિ. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૩૩૦, રૂ. ૯.)

પ્રકાશન વિભાગ
પતિયાલા હાઉસ · નવી દિલ્હી

હિન્દી પ્રકાશનો

સમ્પૂર્ણ ગાંધી વાઙ્‌મય ખંડ ૬૨: ૧લી ઑક્ટોબર ૧૯૩૫થી ૩૧મી મે ૧૯૩૬ સુધીના આઠ વર્ષના ગાળાને આવારી લેતા હિંદીમાં લખાએલા ગાંધી વાઙ્‌મયના આ ખંડમાં અંગ્રેજ સરકારે પ્રાંતીય સ્વાયત્તતા આપી તે પરત્વે કૉંગ્રેસ અને લીગના વિચાર-વિમર્શો અને તેનો સ્વીકાર નહિ કરવાના નિર્ણયની ભૂમિકા અહીં જાણવા મળે છે. વળી, ગાંધીજી કૉંગ્રેસથી અલગ થઈ ગ્રામવિકાસના કાર્યક્રમમાં લાગી ગયા હતા તેનો, માંદગીના તેમના દિવસોનો, બહાર રહીને પણ કૉંગ્રેસને માર્ગદર્શન આપવામાં તેમની વિચારસરણીનો, નેહરુ સાથેના એમના આત્મીય સંબંધોના વિકાસનો તથા ભારતના ભાવિની એ પીઠિકાનો અહીં સુપેરે પરિચય મળી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૫૬૪, રૂ. ૭–૫૦.)

સમ્પૂર્ણ ગાંધી વાઙ્‌મય-ખંડ ૬૩: પ્રસ્તુત ખંડમાં ૧લી જૂનથી ૨ નવેમ્બર, ૧૯૩૬ સુધીનો ગાળો આવરી લેવામાં આવ્યો છે, જેમાં નંદી હિલ પર આરામ કરીને પાછા ફરેલા ગાંધીજી વર્ધા જઈને વસ્યા અને ગ્રામોદ્ધારના કાર્યક્રમમાં જે વેગ આવ્યો તેનો મુખ્ય ચિતાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજકારણ સાથે તેઓ પરોક્ષ-પ્રત્યક્ષ રીતે પણ સંકળાએલા રહ્યા જ હતા, એટલે તે વાતાવરણના પ્રશ્નો, તેમાં ગાંધીજીના વિચારો આદિ જે વ્યક્ત થયા છે તે તેમની એક માનવતાભર્યા અને દૂરંદેશ રાજકારણી તરીકેની છાપ ઊપસાવી રહે છે. (કાચું, પૃ. ૫૦૦, રૂ. ૭·૫૦)

સમ્પૂર્ણ ગાંધી વાઙ્‌મય ખંડ-૬૪: ૩ નવેમ્બર ૧૯૩૬થી ૧૪ માર્ચ ૧૯૩૭ સુધીના ગાળાનાં લખાણોને આવરી લેતો આ ગ્રંથ બે મહત્ત્વની બાબતો પર સારો પ્રકાશ ફેંકે છે: ત્રાવણકોરના મહારાજાએ હરિજનો માટે મંદિરપ્રવેશ ખુલ્લો મૂકતો કાયદો જાહેર કર્યો; બે, ફૈજપુરમાં ભરાએલું કૉંગ્રેસનું અધિવેશન. પ્રથમ ઘટનાનો ગાંધીજી પર ખૂબ પ્રભાવ પડયો, જે એમની માનવતાપ્રીતિ અને એ નાતે હરિજનપ્રીતિનું દ્યોતક છે. બીજી ઘટના તે ગ્રામવિસ્તારમાં પ્રથમ જ વાર મળેલું કૉંગ્રેસનું અધિવેશન. આનો પ્રભાવ પણ ગાંધીજી પર ખૂબ પડયો. ખાદી અને ગ્રામોદ્યોગની બાબતોમાં આ અધિવેશન દરમિયાન ગાંધીજીએ ખૂબ ફાળો આપ્યો એ એમની ગ્રામપ્રીતિ સૂચવી જાય છે આ ઉપરાંત કૉંગ્રેસના આ અધિવેશનની કાર્ય-વિચારણાએ ભારતના ભાવિ રાજકીય

વાતાવરણ માટે જે ભૂમિકા તૈયાર કરી તેનો પણ અહીં આ લખાણોમાંથી ખયાલ મળી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૫૨૪, રૂ. ૭-૫૦.)

સમ્પૂર્ણ ગાંધી વાઙ્મય ખંડ ૬૫: ૧૫ માર્ચ ૧૯૩૭થી ૩૧ જુલાઈ ૧૯૩૭ સુધીના સાડા ત્રણ માસની સામગ્રીને આવરી લેતા આ ખંડમાં અંગ્રેજ સરકારે પ્રાંતીય સ્વાયત્તા માટે ચૂંટણી અધિકાર આપ્યા અને તે માટે કૉંગ્રેસ પ્રમુખ જવાહરલાલે ૫૦,૦૦૦ માઈલનો પ્રવાસ કરી લોકમત જાગ્રત કર્યો, જેને પરિણામે ૧૧ પ્રાંતમાંથી ૬ પ્રાંતમાં કૉંગ્રેસને બહુમતિ મળી તેનો સ્પષ્ટ ચિતાર આપવામાં આવ્યો છે. આ ચૂંટણી બાદ કૉંગ્રેસે તે તે રાજ્યમાં મંત્રીપદનો સ્વીકાર કરવો કે નહિ તે સમસ્યામાં ગાંધીજીનો ઠીકઠીક સમય ગયો એ અન્વયે તેમના વિચારો પણ અહીં વિસ્તારથી જાણવા મળે છે. ભારતની પ્રજાની જાગ્રતિ અને લોકનેતાઓની જનસંપર્કની તાલાવેલી અને કાર્યવાહીનાં અહીં સુસ્પષ્ટ દર્શન થાય છે. (કાચું પૂઠું, પૃ. ૫૪૮, રૂ. ૭-૫૦.)

જવાહરલાલ નેહરુ કે ભાષણ ખંડ-૧: સપ્ટેમ્બર ૧૯૪૬થી ડિસેમ્બર ૧૯૫૪ સુધીમાં પંડિત નેહરુએ આપેલાં મુખ્ય ભાષણોનો આ સંચય તેમની દેશપ્રીતિ અને માનવતા તથા કુશળ રાજનીતિજ્ઞતા પ્રકટ કરી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૨૮૪, રૂ. ૧૨.)

વન્દેમાતરમ્: બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા 'આનંદમઠ'માં આવતા ઊર્મિક 'વન્દેમાતરમે' તેના સર્જનને સો વર્ષ પૂરાં કર્યાં તે શતાબ્દી અવસરે વિવિધ લેખકોએ તેને ઉપલક્ષીને લખેલા લેખોનો આ સંચય મબલખ માહિતી અને અનન્ય દેશપ્રેમથી ઊભરાય છે. (કાચું પૂઠું, પૃ. ૨૨૮, કિ. જાણવા મળતી નથી.)

ભારત: તુમ્હારા ઔર મેરા: કિશોરોને ભારતનાં વિભિન્ન પાસાંનો પરિચય કરાવવાના આશયથી કમલા ડોંગરકેરી દ્વારા હિંદીમાં સરળ શૈલીમાં તૈયાર કરાવવામાં આવેલું આ સચિત્ર પુસ્તક ભારતનાં વિભિન્ન લોકો, લોકજીવન, કલા-કારીગરી, સાહિત્ય, ધર્મ, માન્યતાઓ, શિક્ષણ આદિની ઉપયોગી માહિતી પૂરી પાડી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૬.)

આ ભારત: બાળકોને ભારતનો સમ્યક્ ખયાલ આપવાના ઉદ્દેશથી અગાઉ શીલા ધર દ્વારા અંગ્રેજીમાં લખાએલા અને ખૂબ પ્રસિદ્ધિ પામેલા પુસ્તક 'ધિસ ઇંડિયા'નો આપણા નીવડેલા અનુવાદક રમણલાલ સોનીએ કરેલો આ સુભગ ગુજરાતી અનુવાદ અંગ્રેજી નહિ જાણનાર ગુજરાતી બાળકોને હવે એક માહિતીપ્રદ સારું પુસ્તક વાંચવાનો આનંદ પૂરો પાડી રહે તેમ છે. (પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૧૦.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી શાંતિલાલ શાહ

જન્મ: તા. ૩૧ ઑગસ્ટ, ૧૮૯૮. કાયદાના શિક્ષણ બાદ વ્યવસાયે સૉલિસિટર. દેશની સ્વાતંત્ર્યની લડતોમાં સક્રિય ભાગ લઈ વારંવાર જેલ ભોગવી. સરદાર પટેલના મંત્રી. ૧૯૪૬માં મુંબઈ ધારાસભામાં કૉંગ્રેસ પક્ષના મંત્રી. સરકાર નિયુક્ત વિવિધ વિષયક અનેક સમિતિઓમાં સભ્ય. ૧૯૫૬માં મુંબઈ રાજ્યમાં પ્રધાન. મુંબઈ ખાદી ગ્રામોદ્યોગ સંઘ, ગાંધી સ્મારકનિધિ, ભારતીય વિદ્યાભવન, નવજીવન ટ્રસ્ટ, સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્ક્સ વગેરે અનેક સંસ્થાઓ સાથે સક્રિયપણે સંકળાએલા. લોકસભાના સભ્ય. પ્રામાણિક, કાર્યદક્ષ, પ્રતિભાશાળી વ્યવસ્થાપક તરીકે સુખ્યાત.

૧ વૃત્તપત્ર, સાપ્તાહિક ને સામયિકની સંસ્થાના વહીવટના દીર્ઘ અનુભવ પરથી આજના વૃત્તપત્રો માટે આપનો શો અભિપ્રાય?

ઉ. જેને 'ઈન્વેસ્ટિગેટિંગ રીપોર્ટિંગ' કહી શકાય તેની ગુજરાતી વર્તમાનપત્રોમાં ઊણપ દેખાય છે. જનસમાજ કે સરકારને અપ્રિય લાગે તેવું સત્ય કહેવાની નીડરતા પણ તેમનામાં કળાતી નથી. કટોકટી દરમિયાન અમુક બેએક ગુજરાતી પત્રો સિવાય લગભગ બધાં પત્રોએ ગરીબડાં બની જઈ સરકારે લાદેલા અંકુશો મૂગે મોંએ વેઠી લીધા હતા.

૨ આપની દૃષ્ટિએ ધ્યેયનિષ્ઠ પત્ર કોને કહી શકાય?

ઉ. જાહેર જીવન ઊંચું આવે તેવું લખાણ આપે એ જ પત્ર સાચા અર્થમાં ધ્યેયનિષ્ઠ કહી શકાય. ગાંધીજીનું 'નવજીવન' કોઈના યે ભય વિના કડવું સત્ય કહી શકતું હતું. અને એ લોકપ્રિય પણ બન્યું હતું.

૩ ઉદ્યોગપતિ ને કામદારો વચ્ચે સુમેળ સાધવા શું જરૂરી છે?

ઉ. આ વિષે ગાંધીજીનો વિચાર કહું: 'આજે ઉદ્યોગોના નફામાં મજૂરો જ હકદાર છે ને મૂડી નિરર્થક છે એ માન્યતા દૂર કરવા કંઈ પ્રયત્નો થતા નથી. તેમ જ ઉદ્યોગોના નફા ઉપર ગ્રાહક, સમાજ અને રાષ્ટ્રનો પણ અધિકાર છે એ વાત તદ્દન ભુલાઈ જાય છે.'

૪ ઈશ્વર સંબંધી આપનું મંતવ્ય કેવું છે?

ઉ. અજ્ઞેયવાદી કહી શકાય. ઈશ્વર હોય તો અફલ ઈન્સાફી ને સત્યપરાયણી હોવો જોઈએ. સત્ય ને ન્યાયને હું ઈશ્વરના પ્રતિબિંબરૂપ માનું છું. 'સત્ય એ જ ઈશ્વર છે' એ ગાંધીજીનું કથન મને ખૂબ જ ગમે છે. પણ હું પોતે પણ એ જ શબ્દો કહી શકું એવી લાયકાત મેં હજી કેળવી નથી.

૫ આપ સ્પષ્ટપણે તડ ને ફડ કહી દો છો એવું લાગે છે એ ખરું છે?

ઉ. ખરું છે. કોઈ નારાજ થશે એવી બીક રાખ્યા વિના હું મારી વાત કરું છું. ચૂંટણીઓ દરમિયાન પણ મેં એમ જ કર્યું છે, અને મને એથી નુકસાન થયું નથી. કમિટીઓમાં, સંસ્થાઓમાં કે સમૂહગત નિર્ણયોમાં મેં મારો મત સ્પષ્ટપણે કહ્યો છે, તેને માટે આગ્રહ પણ રાખ્યો છે, છતાં છેવટ જરૂર લાગે ત્યાં મારા વિરોધની નોંધ કરાવીને બહુમતિનો નિર્ણય સ્વીકારી તેનો અમલ પણ કર્યો છે.

૬ સરદાર પટેલના કયા ગુણો આપને ગમ્યા?

ઉ. સરદારમાં સંગઠનશક્તિ, નિર્ભયતા, વિરોધી સામેની વ્યૂહરચના, ચારિત્ર્યબળ, લોકસમુદાય સાથેની આત્મીયતા વગેરે અનેક ગુણો હતા. તેઓ જે કામ હાથ ધરતા તેની પાછળ પોતાની સમગ્ર બુદ્ધિ, શક્તિ અને કુનેહ પૂરા જોરથી કામે લગાડતા. બહારથી વજ્ર સમા કઠોર લાગતા, પણ અંગત રીતે એમના હૃદયની મૃદુતાનો મને ઘણો અનુભવ છે.

આર. આર. શેઠની કં.
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨,
ગાંધી રોડ, અમદાવાદ-૧

નિમજ્જન (નવલિકા-સંગ્રહ): લે. ઉત્પલ ભાયાણી, પૃ. ૧૨૦, કાચું પૂઠું, રૂ. ૬.

મુસાફર (નવલકથા): ત્રીજી આવૃત્તિ, લે. ગુણવંતરાય આચાર્ય, પૃ. ૨૧૩, પાકું, રૂ. ૧૦.

જામ તમાચી-પૂર્વાર્ધ (નવલકથા): લે. ગુણવંતરાય આચાર્ય, પૃ.૩૩૧, પાકું. રૂ.૧૪-૫૦.

જામ તમાચી-ઉત્તરાર્ધ (નવલકથા): લે. ગુણવંતરાય આચાર્ય, પૃ. ૩૧૦, પાકું, રૂ. ૧૪.

અનુબંધ (નવલકથા): બીજી આવૃત્તિ, લે. પિનાકિન દવે, પૃ. ૩૩૨, પાકું, રૂ. ૧૪-૭૫.

શરીર પરિચયમાળા-ભાગ ૧ થી ૧૦: બાબુભાઈ અવરાણી, કાચું પૂઠું, સેટના રૂ. ૧૫.

ચિત્તરંજન બાળવાર્તાવલી-ભાગ ૧-થી ૧૦: લે. રમણલાલ સોની, કાચું પૂઠું, સેટના રૂ. ૧૨-૫૦.

બોધોદય બાળવાર્તાવલી ભાગ ૧ થી ૧૦: લે. રમણલાલ સોની, કાચું પૂઠું, સેટના રૂ. ૧૨-૫૦.

વિશ્વજિત (નવલકથા): બીજી આવૃત્તિ, લે. પિનાકિન દવે, પૃ. ૪૯૨, પાકું, રૂ. ૨૧ ૨૫.

સાવ અચાનક (નવલકથા): લે. વિઠ્ઠલ પંડયા, પૃ. ૨૫૮, પાકું પૂઠું, રૂ. ૧૧ ૭૫.

શિશુવિકાસ બાળવાર્તાવલી ભાગ-૧ થી ૧૦: લે. રમણલાલ સોની. કાચું પૂઠું, સેટના રૂ. ૧૨-૫૦.

સુમંગળ બાળવાર્તાવલી ભાગ ૧થી ૧૦: લે. રમણલાલ સોની, કાચું પૂઠું, સેટના રૂ. ૧૦-૦૦.

સિનેમા સારુ-માઠું મનોરંજન: લે. ઇશ્વર પેટલીકર, પૃ. ૧૪૮, કાચું પૂઠું, રૂ. ૬ ૫૦.

આઝાદીની પહેલી ત્રીસી: લે. ઇશ્વર પેટલીકર, પૃ. ૧૮૪, કાચું પૂઠું, રૂ. ૯.

વાચન સારીમાઠી ટેવ: લે. ઇશ્વર પેટલીકર, પૃ. ૧૭૧, કાચું પૂઠું, રૂ. ૭ ૫૦.

બારાફેરા (વાર્તાસંગ્રહ): બીજી આવૃત્તિ, લે. વિ.સ. ખાંડેકર, પૃ. ૧૯૨, પાકું, રૂ. ૯ ૫૦.

જોર તલબી (નવલકથા): બીજી આવૃત્તિ, લે. ગુણવંતરાય આચાર્ય, પૃ. ૨૮૬, પાકું પૂઠું, રૂ. ૧૨-૭૫.

ધવલગીરી (વાર્તાસંગ્રહ): લે. રજનીકાંત રાવળ, પૃ. ૧૯૯, પાકું પૂઠું, રૂ. ૯-૫૦.

નવભારત સાહિત્યમંદિર
ગાંધી રોડ અમદાવાદ-૧

એવા વિરલા કોક-ભાગ ૧ (સત્યઘટના): લે. પ્રિયકાન્ત પરીખ, પૃ.૫૬, કાચું, રૂ. ૨-૫૦.

એવા વિરલા કોક-ભાગ ૨ (સત્યઘટના): લે. પ્રિયકાન્ત પરીખ, પૃ. ૫૬, કાચું, રૂ. ૨-૫૦.

પેરેલિસિસ (નવલકથા): બીજી આવૃત્તિ, લે. ચંદ્રકાન્ત બક્ષી, પૃ. ૧૬૮, કાચું પૂઠું, રૂ ૮.

મોસમ ભીના મન (નવલકથા): લે. નવલકિશોર વ્યાસ, પૃ. ૨૪૦, પાકું, રૂ. ૧૨-૫૦.

ઓથાર અતીતનો (નવલકથા): લે. ચન્દ્રવદન શુક્લ, પૃ. ૩૫૬, પાકું પૂઠું, રૂ. ૧૮.

કલાપી, સુમન અને મિત્રમંડળ (સંસ્મરણો) લે. કપિલભાઈ ઠક્કર, પૃ. ૧૪૧, કાચું પૂઠું, રૂ. ૧૦.

દિશાંતરંગ (નવલકથા): લે. ચન્દ્રકાંત બક્ષી, પૃ. ૧૯૨, પાકું પૂઠું, રૂ. ૧૦-૫૦.

નવરંગ મેળો (વિવિધ સામગ્રીનો રસપંચમ): લે. હીરાલાલ ફોફલિયા, પૃ. ૨૧૦, કાચું પૂઠું, રૂ. ૮.

લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર

હું શું બનવાનો (બાળસાહિત્ય): લે. મેરીલીન હર્ષ, પૃ. ૨૪, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

ફટફટ (બાળસાહિત્ય): લે. નીરા ગણુદોત્રા, પૃ. ૧૨, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

ચુગ્ગુ (બાળસાહિત્ય): લે. નીરા ગણુદોત્રા, કાચું પૂઠું, રૂ. ૨ ૫૦.

ચપની ચપની (બાળસાહિત્ય): લે. અનૂપા લાલ, પૃ૧૨, કાચું પૂઠું, રૂ. ૨ ૫૦.

The Circus (ચિત્રપોથી): પૃ. ૧૨, કાચું પૂઠું, રૂ. ૬.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય
ભદ્ર, અમદાવાદ-૧

સ્વામી સહજાનંદની પ્રસંગકથાઓ: લે. નાનુભાઈ દવે, પૃ. ૧૫૬, કાચું, રૂ. ૩-૫૦.

સો ટચનું સોનું (વાર્તાસંગ્રહ): લે. નાનુભાઈ દવે, પૃ. ૨૧૨, કાચું પૂઠું, રૂ. ૪.

શાંતિપારાવાર (વાર્તાસંગ્રહ): લે. શિવકુમાર જોશી, પૃ. ૧૬૮, કાચું પૂઠું, રૂ ૪-૫૦.

પ્રાચીન વિભૂતિઓ (જીવનપ્રસંગો): લે. રઘુનાથ બ્રહ્મભટ્ટ, પૃ. ૨૪૦, કાચું, રૂ. ૬.

અભીપ્સા: ગિરજાશંકર વિશ્વનાથ પાઠકની કેટલીક કાવ્યકૃતિઓનો પ્રથમ સંગ્રહ. (પ્રા સ્થા. નિર્માણ બુક સેન્ટર, રૈયા રોડ, રાજકોટ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૬.)

પચ્ચીસ વર્ષ પહેલાં
કુમાર
મે ૧૯૫૩ • સળંગ અંક ૩૫૩

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલા લેખોમાંની બે વાનગી:

મનનું મેઘધનુષ્ય

વાદળોને આપણે દુ:ખનાં પ્રતીક ગણીને કહીએ છીએ કે જીવનમાં દુ:ખનાં વાદળો ઊમટી આવ્યાં.

આંસુને વર્ષાની ઉપમા આપીને કહીએ છીએ કે આંખમાં આંસુની હેલી વરસે છે.

વીજળીને ઘાવનું રૂપક માનીને કહીએ છીએ કે હૃદયમાં બળતો ચિરાડો પડી ગયો.


આ બધું સાચું છે. પણ આટલી ઉદાસ માન્યતા, આટલું નિરાશ દૃષ્ટિબિંદુ અને આટલો નિરુત્સાહી અભિપ્રાય બાંધીને વિહ્વળતાની મૂઢતામાં નિષ્ક્રિયનથી બની જવાનું. આબધાંની વચ્ચે પણ મનનો રંગ અને જીવનનું ધ્યેય તો જાળવી જ રાખવાનાં છે.

મનના ઘણા બધા રંગ છે: મસ્તીનો રંગ છે, પ્રેમનો રંગ છે, શૌર્યનો રંગ છે, ઉદારતાનો રંગ છે, લાપરવાહીનો રંગ છે, મહત્ત્વાકાંક્ષાનો રંગ છે, શ્રદ્ધાનો રંગ છે, રૂપનો રંગ છે, વ્યક્તિત્વનો રંગ છે અને પ્રભાવનો રંગ છે. આ બધા રંગ ભેગા થાય ત્યારે મનનાં મેઘધનુષ્ય બંધાઈ જાય છે. એ બધા બહુરૂપી રંગોનું એકીકરણ કરીને એક સફેદ રંગનું આપણું ધ્યેય બનાવવાનું છે, સફેદ રંગ એટલે પવિત્રતા, પ્રામાણિકતા, પરિશ્રમ; સફેદ રંગ તે કર્તવ્યનો રંગ.

તો, અનુભવોની કાળી ઘટાઓની વચ્ચે મનનું વિવિધરંગી મેઘધનુષ્ય અને જીવનનું એકરંગી ધ્યેય સદા સાચવી રાખજો. □

ભારતીય લિપિનો વિકાસ

એ અંકમાં આપેલા 'ગુજરાતના પ્રાચીન રાજાઓના હસ્તાક્ષરો'વાળા લેખના અનુસંધાનમાં ભારતીય લિપિનો વિકાસ દર્શાવતો એક આલેખ આપ્યો હતો તે સામેના પાને આપ્યો છે. ભારતની રાષ્ટ્રભાષા હિંદી આજે જેમાં લખાય છે તે 'દેવનાગરી' લિપિમાંથી જ આજે ઉત્તર ભારતની બધી પ્રાંતલિપિઓ (ગુજરાતી, મહારાષ્ટ્રની મોડી, કૈથી, બંગાળી, પંજાબની ગુરુમુખી, કાશ્મીરની શારદા વગેરે) ઊતરી આવી છે. એ લિપિમાતા નાગરીનો વિકાસ મૂળ બ્રાહ્મી લિપિમાંથી ક્રમશઃ કઈ રીતે થયો તે આ સામેના આલેખમાં દર્શાવ્યું છે.




શરૂના ખાનામાં વર્તમાન ગુજરાતીનો અક્ષર આપીને પછીનાં ખાનાંઓમાં, ઈ. પૂર્વે ૩૫૦ના અશોકના શિલાલેખ પરની બ્રાહ્મીની આકૃતિઓથી શરૂ કરીને પછી તેમાંથી બીજી સદીની ક્ષત્રપ સમયની બ્રાહ્મી, ૬ થી ૯મી સદીની કુટિલા (નાગરીનું આદ્ય રૂપ) તેમજ રાષ્ટ્રકૂટો તથા ચૌલુક્યોના સમયની લિપિ દર્શાવીને ઉત્તરોત્તર આજની નાગરીનું રૂપ કેમ બંધાયું તે દર્શાવ્યું છે. કાનો, માત્રા વગેરેનાં ખાનાંઓમાં તે તે ચિહ્નો અખંડ લીટીથી અને જેને તે લગાડ્યા છે તે અક્ષરો ટપકાંવાળી લીટીથી દર્શાવ્યા છે.

શતરંજના કોયડા

છેલ્લા થોડા અંકમાં આપણે શતરંજના સાધારણ બોર્ડથી જુદા બોર્ડવાળા થોડા કોયડા જોયા. આ બધાં બોર્ડ એક જ Planeવાળા—Two dimensional—બોર્ડ હતાં. હવે થોડાં Three dimensional બોર્ડવાળા કોયડા જોઈશું, જેમાં પહેલાં આવે છે Cylinder બોર્ડ. સાધારણ બોર્ડના બે છેડા જોડીને નળાકાર બનાવીએ તો Cylinder બોર્ડ બને. જો a અને h પંક્તિ જોડીએ તો Vertical cylinder અને પહેલી અને આઠમી હરોળ જોડીએ તો Horizontal cylinder બને. આ વખતના કોયડામાં Vertical cylinder બોર્ડ વપરાયું છે (Horizontal cylinder ભાગ્યે જ વપરાય છે) તે દર્શાવવા આકૃતિમાં a અને h પંક્તિ પાસેની બોર્ડર બતાવાઈ નથી.

Dr. A. Mandler



Vertical Cylinder
Mate in three

આ બોર્ડ પર મ્હોરાંની ચાલ સાધારણ બોર્ડ કરતાં કઈ રીતે જુદી પડે છે તે આપણે જોઈએ. આકૃતિમાં c6 પરનો ઊંટ a4 પર ન અટકતાં આગળ h3 g2 અને f1 ઉપર પણ જઈ શકે.

ઉકેલ: ચાવીની ચાલ: 1 Bb7!

ધમકી: 2 Qf4+, KE1; 3 Qf8≠ (અહીં f8 પરનો વજીર h6 અને a5 પર થઈને E1 પરના કાળા રાજાને શેહ આપે છે અને b7 પરનો ઊંટ a6 અને h5 પર થઈને E2 અને d1 પર કાબૂ રાખે છે.)

2..., Kg1; 3 Qf8≠.

(અહીં f8 પરનો વજીર a3 અને h2 પર થઈને g1 ઉપરના રાજાને શેહ આપે છે.)

વિકલ્પો: 1..., Pd3; (હવે ધમકીના પહેલા વિકલ્પમાં 3Qf8 સામે 3..., Pd2 બચાવે છે.)

2 Qa5+, KE3; 3 Qa7≠ (અહીં વજીર કાળા રાજાને બન્ને diagonal પરથી શેહ આપે છે અને રાજાના ક્ષેત્રમાં ચારેય કાળાં ખાનાં પર કાબૂ ધરાવે છે.)

2..., Kf1 Kg1; 3Qf8≠.

ફક્ત છ જ મ્હોરાં વાપરીને ઉકેલમાં Vertical Cylinderની ખાસિયતો દર્શાવતો Dr. Mandlerનો આ સુંદર કોયડો ૧૯૬૨માં Feenschachમાં પ્રસિદ્ધ થયો હતો.

સુરેશ મોદી

અનુ.] રંગરેખા [પૃ. ૧૭૭થી

જ એ આવા પ્રકાશનને પણ લાગુ પાડી શકાય, ને એ રીતે જોતાં આ પ્રકાશન તૈયાર કરવા પાછળ લેવાએલો પરિશ્રમ 'સખત' જણાતો નથી. ઉપલક દૃષ્ટિએ એનાં થોડાં કારણો જોઈએ:

યોજકોએ ત્વરાલેખન અંગેનાં સૂચનોમાં કહ્યું છે: '...વસ્તુ વ્યક્તિ કે વિષયનું ઊંડું અવલોકન જ નહિ, એનો બારીક ને પદ્ધતિસરનો અભ્યાસ પણ કરવાનો હોય છે.' પણ આ વિભાગનાં ઉદાહરણ-ચિત્રોમાં અનેક પાત્રોની આકૃતિઓમાં એમનું દેહપ્રમાણ કે પ્રાણીઓની આકૃતિઓમાં એમના પગના પંજા ને ચહેરા વગેરેની રજૂઆત આ શિખામણને પુષ્ટિ આપતી નથી. દા. ત. પૃ. ૧૨માં સ્ત્રીના પગના પ્રમાણમાં મોજડીનું કદ, પૃ. ૧૮માં શાકપાન લઈ જતી સ્ત્રીના હાથનું પ્રમાણ અને તેની બાજુમાં માથાનાં ઝટિયાં જેવી વૃક્ષની ઘટા, પૃ. ૨૩માં વાદળો વચ્ચે ઊડતું વિમાન (વિમાન હવામાં ઊંચે ચડે કે તુરત એનાં પૈડાં અંદર સંકેલી લેવામાં આવે છે, અહીં એ બહાર લટકતાં જ દર્શાવ્યાં છે.) પૃ. ૩૧ પરના હાથીઓમાં ઊંચી સૂંઢવાળા મોટા હાથીની આકૃતિમાં દંતુશળો નીચે એની મોંફાડ જ દેખાતી નથી. તો અમદાવાદના મ્યૂઝિયમના મકાન તથા કાંકરિયા તળાવના સ્કેચ (પૃ. ૨૮ અને ૨૭) ચિત્રકામની કોઈ પણ ચોપડીમાં મૂકી શકાય તેવાં નહિ લાગે. એ જ રીતે પૃ. ૨૩ પરની આગગાડી, પૃ. ૨૬ પરનાં શત્રુંજયનાં દહેરાં ને આગરાના ઈતમદ ઉદ્ દૌલાનાં ચિત્રો તથા પૃ. ૨૯ પરની એલિફન્ટાની અને ગણેશની પ્રતિમાનાં ચિત્રો ત્વરાલેખનના નમૂનામાં સમાવેશ પામે કે નહિ એ પ્રશ્ન છે.

માર્ગદર્શનમાં પહેલું જ સૂચન છે, 'સ્મૃતિનો આશરો લઈ થતાં ચિત્રો પરિપૂર્ણ ભાગ્યે જ હોય છે.' ફ્રીહેન્ડ ડ્રૉઇંગ અને કૉમ્પોઝિશનનાં કેટલાક દૃષ્ટાંત ચિત્રો આ વિધાનને ખરું પાડે છે. (અલબત્ત આ એક અકસ્માત જ છે!) (દા. ત. પૃ. ૩૩ પરનો દરજી સીવવાના સંચાની જે તરફ બેસવું જોઈએ તેનાથી સામેની બાજુએ બેસીને સીવે છે. એ જ રીતે એ જ પાના પરનો સુથાર જે કામ ફરસીથી કરવું જોઈએ એ કામ વાંસલાથી કરે છે. પૃ. ૪૧ પર રામ-લક્ષ્મણ ને સીતાના ચિત્ર (સંયોજન)માં રામના હાથમાં જે તીર આપ્યું છે એ જો એની પાસેના ધનુષ પર ચડાવીને રામ પણછ ખેંચે તો ધનુષની કમાન પર ટેકાવાને બદલે અધવચ્ચે જ લબડતું રહે એટલું ટૂંકું છે. આવી જ રીતે પૃ. ૪૬ પર શ્રવણની કાવડનાં પલ્લાંની લંબાઈ પણ ખોટી છે. કૉમ્પોઝિશનના નમૂના તરીકે પૃ. ૪૮ પર પિકાસોના એક વિખ્યાત ચિત્રનું રેખાંકન આપ્યું છે. સમગ્ર પુસ્તકમાં અલગ પડી જતું આ 'મૉડર્ન' ચિત્ર આપવાથી સંયોજન સમજાવવાનો કોઈ અર્થ સ્પષ્ટ થતો લાગતો નથી. આવું જ એક બીજું 'મૉડર્ન' ચિત્ર 'સ્ટિલ લાઈફ'નાં ઉદાહરણો સાથે પણ મૂક્યું છે, તે પણ વિદ્યાર્થીઓને શા ખપનું થઈ પડે તે સમજાતું નથી. સ્ટિલ લાઈફ વિભાગનાં દૃષ્ટાંતોમાં ચિત્રવર્ગમાં શીખવાતી 'લાઈટ ઍન્ડ શેઈડ'ની વિવિધ રીતો પણ દર્શાવી હોત તો ઉપયોગી થઈ પડત. એ જ રીતે 'નેચર ડ્રૉઇંગ'નાં ઉદાહરણો સાથે થોડાં રેખાંકનો આપીને ડાળ સાથેના ફૂલપાનનાં સંધાણની વિગતો વધુ સ્પષ્ટતાથી બતાવી શકાત, જે સમજાવી વિદ્યાર્થીઓ માટે જરૂરી ગણાય છે.

અક્ષરાલેખનના નમૂનાઓ માટે યોજકો કહે છે કે '...ચીલાચાલુ અક્ષરોને બદલે પ્રત્યેક ચિત્રમાં પ્રતીક (?) અનુરૂપ અક્ષરોના મરોડ આપ્યા છે, અને એ પણ રંગોમાં.' પણ એમાં સવિશેષ નવીનતા જણાતી નથી. શ્રી કનુ દેસાઈ અને શ્રી ચંદ્રએ આનાથી ઘણું સારું અક્ષરાલેખન કરેલું છે. બજારુ અભિનંદનપત્રો ('મુબારક'ની ખોટી જોડણી સાથે) અને લગ્નપત્રિકાઓમાંથી કાપીને ચોડી દીધા હોય એવા આ નમૂનાઓ રંગીન હોય કે ન હોય સરખા જ લાગે તેવા છે. કેટલાંક દૃષ્ટાંતો માટે શ્રી કનુ દેસાઈનાં ચિત્રસંપુટો (ખાસ કરીને વ્રત ચિત્રાવલી)માંથી જેમ સીધાં જ અમુક ચિત્રો આપ્યાં છે તેમ આમાં પણ થઈ શકત. આ જ રીતે પૃ. ૬૮ પરનાં ચિત્ર સંયોજનના દૃષ્ટાંત તરીકે શ્રી ચંદ્રનું વધુ સારું ચિત્ર ચૂંટી શકાયું હોત. આ પછીનાં ભાતચિત્રોમાં વૈવિધ્ય છે, પણ એમાંયે (આમ તો સમગ્ર પુસ્તકમાં) તૈયાર મસાલો જ વપરાયો લાગે છે.

અલબત્ત આ પ્રકાશનને આમાં જરા પણ આશય નથી જ, પણ જેમણે આ પ્રકાશનનું આયોજન કર્યું છે એ યોજકોની ચિત્રકાર તરીકે ખ્યાતિ જોતાં એમની પાસેથી આનાથી ઘણી વધુ અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. કદાચ બહુ ઉતાવળે આ પ્રકાશન તૈયાર થયું હશે. આ જ પ્રકાશકનાં બીજા એક પ્રકાશન 'કલાવાર્તા'ની તોલે આ 'રંગરેખા' ઊણું ઊતરે છે. એ જ રીતે 'કલાવાર્તા'ની પાંચ રૂપિયા કિંમત કરતાં આની છ રૂપિયા કિંમત પણ ખટકે છે આ પ્રકારનાં કલાવિષયક પ્રકાશનો જરૂર આવકાર્ય ગણાય, પણ 'રંગરેખા' માટે એમ કહેવાની હિંમત ચાલતી નથી. □

દ્વાદશ જ્યોતિર્લિંગ-૫ : કેદારનાથ

દેવીપુરાણમાં એક સ્તુતિ છે કે—

'કેદારમુદકં પીત્વા પુનર્જન્મ ન વિદ્યતે।
ન યોનિષુ નિયુગ જ્યેત ન ગચ્છ્રચ્છાશ્વત પદમ્॥'

કેદારનું તીર્થજલ પીનારનો પુનર્જન્મ ટળે છે અને તે કોઈ પણ યોનિમાં ન જતાં શાશ્વત પદને પામે છે.

આવો મહિમા ધરાવતું કેદાર શિવનું સ્વયંવ્યક્ત ક્ષેત્ર છે ને હરદ્વારથી ૧૫૦ મા. દૂરગઢવાલ જિલ્લામાં હિમાલયની રુદ્ર હિમાલય, સુમેરુ પર્વત કે પંચપર્વત ગિરિમાળામાં ૧૧૭૬૦ ફૂટની ઊંચાઈએ આવેલું અતિપ્રસિદ્ધ શિવક્ષેત્ર છે.

હરિના સાક્ષાત્ અવતાર નર અને નારાયણે તપ દ્વારા શિવને પ્રસન્ન કરી એમને અહીં જ્યોતિર્લિંગ તરીકે રહેવા વીનવ્યા હતા. મંદાકિની નદીનું અહીં પ્રભવસ્થાન છે અને એના તટ ઉપર કેદારપુરી નામે અતિ નાના ગામના છેવાડે કેદારેશ્વરનું મંદિર છે.

પાંડવો અહીં અનેક વાર આવ્યા હતા અને અહીંના સ્વર્ગારોહિણી પર્વતના માર્ગે તેઓ સ્વર્ગમાં સંચર્યા હતા અહીં તપ કરીને અર્જુને શિવ પાસેથી પાશુપત અસ્ત્ર મેળવ્યું હતું દ્રૌપદી માટે સ્વર્ગીય કમળ 'કલ્યાણ સૌગન્ધિકમ્' લેવા જતાં ભીમને અહીં વાયુપુત્ર હનુમાનનો મેળાપ થયો હતો. હિમાલય પર વિજય મેળવી અર્જુન ઋષિક દેશ ગએલો તે આ પહાડી માર્ગે રશિયા ગયો હશે એવું ઘટાવાય છે. પાંડવોને ભગવાન શિવે અહીં મહિષરૂપે દર્શન આપેલાં અને પાંડવો એને પકડવા જતાં એ મહિષરૂપ ભૂમિમાં પ્રવેશી જતાં એનો જે પૃષ્ઠભાગ બહાર દેખાતો રહ્યો તે જ 'કેદારનું શિવલિંગ' એ લિંગનો આકાર પણ એવો જ છે. આ શિવલિંગ ઉપર જલાભિષેક નહિ પણ ઘીના પિંડ ચડાવાય છે.

લિંગ ઊંચું હોઈ તેના ઉપર ચડીને અને સખત ઠંડીને કારણે વસ્ત્રો પહેરી રાખીને પૂજારી તેની પૂજાઅર્ચના કરે છે, અને ઉનાળામાં પણ અહીં નદીનાં પાણી થીજી જાય તેવી ઠંડી પડતી હોઈ બરફ જામવાના સમયમાં મંદિર બંધ જ રખાય છે અને સૂર્ય જ્યારે મેષ રાશિમાં પ્રવેશે ત્યારથી એ વૃશ્ચિકમાં જાય તેટલો સમય જ યાત્રીઓ માટે એ ખુલ્લું રખાય છે. બાકીના દિવસોમાં તેની પૂજા ઉખીમઠમાં થાય છે.

બૌદ્ધ કાળમાં એ ધર્મનો અહીં ઘણો પ્રભાવ રહેલો, પણ આદિ શંકરાચાર્યે પુનઃ હિંદુધર્મની સ્થાપના કરી. કેદારમાં જ એમણે દેહત્યાગ કરેલો. કેદારનો યાત્રામાર્ગ અત્યંત વિકટ ગણાય છે, પણ હવે તો બસની સુવિધા સુલભ બની ગઈ છે.



આદ્યુ કરી

કશાના રક્ષણાર્થે ના ધરાઓ માનવી-બલિ,
રક્ષાર્થે માનવી કેરી બધું હો આ ધરા મહીં
સાધવાને કશું યે ના બનો માનવ-સાધન,
આપણા પ્રેમ કેરું હો સાધ્ય માનવનું મન.

—પ્રહ્લાદ પારેખ

પંડિત પરમાનંદ ઝાંસી

આલ્હાઉદલ, છત્રસાલ ને રાણી લક્ષ્મીબાઈ જેવી આઝાદીપરસ્ત વીર વ્યક્તિઓનાં નામથી ઊજળી બુંદેલખંડની ભૂમિમાં બાગી પરમાનંદનો જન્મ થયાને હજી પૂરાં સો વર્ષે ય નથી થયાં ત્યાં આપણે એમને લગભગ વિસરી ગયા છીએ. બુંદેલખંડના રાઠ તાલુકાના સિકરોધા ગામમાં વિ. સં. ૧૯૪૯ (ઈ. સ. ૧૮૯૨)માં એમનો જન્મ થએલો.

પિતા ગયાપ્રસાદ અને માતા સગુણાબાઈ કાયસ્થનાં છ પુત્રો ને બે પુત્રીઓમાં સૌથી નાના પરમાનંદમાં રાષ્ટ્રપ્રેમ તો વંશાનુગત હતો. પિતા રાષ્ટ્રીય રંગે રંગાએલા હતા જ, અને પિતામહે તો ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય ભાગ લઈ કેદમાં જ દેહ છોડયો હતો.

બચપણમાં જ માતાપિતાનું અવસાન થતાં પરમાનંદ મોટા ભાઈ ગોપાલપ્રસાદને આશરે અલ્લાહાબાદમાં ભણ્યા. મહામના પં. સુંદરલાલ, પં. મદનમોહન માલવીયજી ને પં. મોતીલાલ નેહરુ વગેરેના પ્રભાવનો એ કાળ હતો. અંગ્રેજી હકૂમત સામે સશસ્ત્ર ક્રાંતિ કરવા દેશમાં અનેક સ્થળે ગુપ્ત સંગઠનો કામ કરી રહ્યાં હતાં. પરમાનંદ પણ એ ક્રાંતિકારી પ્રવૃત્તિમાં જોડાયા હતા. એક દિવસ બૉમ્બ બનાવતાં એ ઘાયલ થયા. પં. સુંદરલાલે એમને છુપાવી દઈ ગુપ્તપણે સારવાર કરાવી. મોટા ભાઈને એમની આવી પ્રવૃત્તિ પસંદ ન હોઈ એ બદલ ઠપકો આપ્યો અને પરમાનંદે આજીવન અવિવાહિત રહી વિદેશી સત્તા સામે લડવાનું મહાવ્રત લઈ ઘર છોડયું. સંસ્કૃત પ્રત્યે એમને ઘણો પ્રેમ હોઈ એ શીખવા તેઓ ગુપ્ત વેશે કાશી પહોંચી ગયા. અભ્યાસની સાથોસાથ ક્રાંતિદળનું કાર્ય પણ ખરું જ, અને એ માટેની એમની સક્રિયતાના બળે તેઓ ત્યાંના દળમાં નેતા બની રહ્યા.

વિદેશી સત્તા સામે સશસ્ત્ર ક્રાંતિ અનિવાર્ય માની ત્યાંના દળે પરદેશથી શસ્ત્રો લાવવા વિચાર્યું અને એ કામ પરમાનંદને સોંપાયું. આ માટે પૂર્વના માર્ગે તેઓ અમેરિકા જવા નીકળ્યા. વચ્ચે સિંગાપોરમાં ગીતા પર પ્રવચનો આપવાના બહાને એમણે આડકતરી રીતે ત્યાંના હિંદીઓમાં ક્રાંતિકારીઓનો ઉદ્દેશ પણ પ્રકટ કરી દીધો ને ત્યાં વસતા હિંદીઓને અંગ્રેજી સત્તા સામે થવા પ્રેર્યા. આ જ રીતે હૉંગકૉંગમાં પણ એમણે અંગ્રેજ સરકારે રાખેલા સૈન્યના રાજપૂત અને શીખ દળોમાં પણ ફરી વળીને રાષ્ટ્રીયતાની ભાવના જગાડી.



અમેરિકામાં લાલા હરદયાળે એમને આવકાર્યા. કૅનેડાની સરકારે પસાર કરેલા 'ઇમિગ્રેશન બલ' સામે ત્યાં વસેલા હિંદીઓ ત્યારે લડી રહ્યા હતા. હિંદ સરકારની આ કાયદા સામે કશી જ સહાય નહોતી એટલે અંગ્રેજી રાજ સામે ત્યાંના હિંદીઓમાં જે ધૂંધવાટ હતો એને પરમાનંદે વધુ સતેજ કર્યો, અને તેમાંથી 'ગદર પાર્ટી'નો જન્મ થએલો. સરદાર પૃથ્વીસિંહ, લાલા હરદયાળ, રામચંદ્ર અને પરમાનંદ વગેરેએ એક યોજના ઘડી. કૅલિફૉર્નિયામાં 'યુગાન્તર કાર્યાલય'ની સ્થાપના કરી ને પંડિત જગતરામના સંપાદન તળે 'ગદર' પત્રિકા શરૂ કરી દૂર-દૂરના દેશોમાં એ પત્રિકા પહોંચવા લાગી. 'યુગાન્તર કાર્યાલય' હવે 'યુગાંતર આશ્રમ' બની ગયો.

હિંદમાંથી અંગ્રેજી સત્તા ઉખેડી નાખવાની પૂર્વભૂમિકા રચાવા લાગી. શસ્ત્રો એકઠાં થવા લાગ્યાં. પરમાનન્દે વ્યૂહાત્મક લડતની સમજ મેળવવા ત્યાંના જર્મન રાજદૂત અર્નહાર્ડ અને જાપાનના કાઉન્ટ ઓકુમાનો પણ સંપર્ક સાધી સશસ્ત્ર લડતમાં ઉપયોગી એવા નકશાઓ અને ગુપ્ત રહસ્યો મેળવ્યાં. એ પછી પાર્ટીનો આદેશ થતાં તેઓ હિંદ આવવા નીકળ્યા. યાકોહામામાં એમને રોકાઈ જવાનું સૂચન મળ્યું. થોડા દિવસોમાં કૅનૅડાથી 'કોમાગાટા મારુ' જહાજમાં અનેક ક્રાંતિકારીઓ સાથે શસ્ત્રસામગ્રી પણ ત્યાં પહોંચી.

દરમિયાન યુરોપમાં વિશ્વયુદ્ધ આરંભાયું હતું. વિદેશવાદી રાષ્ટ્રપ્રેમી હિંદીઓ ક્રાંતિમાં ભાગ લેવા જુદેજુદે માર્ગે હિંદ આવી રહ્યા હતા. પરમાનન્દજીના નેતૃત્વમાં એવી એક ટુકડી 'તોશામારુ' જહાજમાં સિંગાપોર પહોંચી. માર્ગમાં સર્વત્ર તેઓ ક્રાંતિની ભૂમિકા તૈયાર કરતા આવતા હતા. સર્વત્ર એક અનેરો થનગનાટ વ્યાપી રહ્યો હતો. અંગ્રેજ સેનાનાં હિંદી દળો પણ તેમાં સાથ આપવા તૈયાર હતા. સિંગાપોરમાં હિંદી દળોએ છાવણી કબજે કરી ત્યાં ક્રાંતિનો ધ્વજ લહેરાવી દીધો. એ બંડની વાત પ્રસરી જતાં પેનાંગ બંદરે 'તોશામારુ'ને રોકવામાં આવ્યું. પહેરામાંથી છટકીને પરમાનન્દજી શહેરમાં ગુરુદ્વારામાં પહોંચી ગયા ને ત્યાં કેટલાક હિંદીઓ અને શીખ સૈનિકોને મળ્યા. પેનાંગના કિલ્લાના કમાન્ડર સરદાર ઈન્દરસિંહે પંડિતજીની યોજનાથી પ્રભાવિત થઇને પોતાના કબજા તળેના શસ્ત્રાગારની ચાવીઓ પણ એમને સોંપી દીધી. વળી એની જ સલાહથી થોડા અગ્રગણ્ય માણસો લઈને પરમાનન્દજીએ ઓચિંતા જ ત્યાંના ગવર્નર પાસે પહોંચી જઈને એને ગભરાવીને 'તોશામારુ'ને આગળ વધવા દેવાની મંજૂરી પણ કઢાવી લીધી.

તોશામારુ પેનાંગથી ઊપડ્યું, પણ ગવર્નરે જાણ કરી દેવાથી તથા સિંગાપોરના બંડને કારણે કલકત્તામાં સરકારી તંત્રો સજગ બની ગયાં હતાં. ૧૯૧૪ના નવેમ્બરમાં તોશામારુ કલકત્તા પહોંચ્યું ત્યારે અન્ય બધાં જહાજોની પેઠે એની પણ તલાશી માટે બસો ગોરા ને પાંચસો ગુરખાની પલટન બંદર પર હાજર હતી. તલાશી આરંભાઈ. પં. જગતરામ ૧૦ પિસ્તોલ સાથે પકડાઈ ગયા, પણ પરમાનંદને પકડાઈ જવું પરવડે તેમ નહોતું. કૂલીના વેષમાં તેઓ અગત્યના દસ્તાવેજો ને નકશાઓ સાથે છટકી ગયા. પાછળથી પં. જગતરામ પણ છટકી ગએલા. પૃથ્વીસિંહ, કરતારસિંહ વગેરે અન્ય અગ્રણીઓ પણ એક યા બીજી રીતે બચી ભાગીને આવેલા. આ બધા લાહોરમાં એકઠા થયા. શચીન્દ્ર સન્યાલ, રાસબિહારી બોઝ, વિષ્ણુ પિંગળે વગેરે અહીં કામ કરતા અગ્રણીઓ પણ ત્યાં આવી પહોંચ્યા.

પણ ક્રાંતિકારીઓની જેમ જેમ માહિતી મળતી ગઈ તેમતેમ એમની ધરપકડો થવા લાગી હતી. લાહોરમાં હવે સલામતી નહોતી એટલે કપુરથલામાં ગુપ્તપણે સૌ મળ્યા. પરમાનંદજીએ આણેલા નકશા વગેરે રજૂ કરી પેશાવર, જમશેદપુર, રાવલપિંડી, પૂના, મદ્રાસ, મેરઠ, બનારસ વગેરે સ્થળોએ એક જ સમયે હુમલો કરીને બ્રિટિશ છાવણીઓ કબજે કરવાની, બહુ મહત્ત્વના એવા બાર પુલો ઉડાડી દેવાની ને તારટેલિફોન વ્યવહાર તોડી પાડવાની યોજના સમજાવી. લગભગ ૨૬૦૦૦ જેટલા સૈનિકો પણ આ બળવામાં ભાગ લેવા તૈયાર હતા.

યોજના વિચારાઈ ગઈ. પરમાનંદજી એમાં ક્યાંય ઊણપ ન રહે એ માટે પંજાબમાં બધે જાતે ફરી વળ્યા. કરતારસિંહને જેમાં નિષ્ફળતા મળેલી એ બંગાળી દળનો સહકાર મેળવવા કલકત્તા જઈને એમનો પણ વિશ્વાસ મેળવી આવ્યા.

અમૃતસરમાં ફરી એક ગુપ્ત બેઠક મળી. અગ્રેસરોને જુદાજુદા વિસ્તારની જવાબદારીઓ સોંપાઈ. પરમાનંદજીના ભાગે ઝાંસી ને કાનપુરનો ભાગ આવ્યો. હિંદુ, મુસલમાન, શીખ, જાટ, પઠાણ, રાજપૂત, મરાઠા ને બંગાળનાં સૈનિક દળો પણ આ યોજનામાં સાથ આપવા તૈયાર હતાં. ૧૯મી ફેબ્રુઆરીએ મધરાતે ૧૨ વાગ્યે દેશની બધી છાવણીઓના અંગ્રેજ અધિકારીઓ તથા પ્રાંતના ગવર્નરોને પકડી લેવાનું તથા સૈન્યનાં હથિયારો ક્રાંતિકારીઓમાં વહેંચી દેવાનું અને સમગ્ર સમુદ્રતટ પર સંરક્ષણ-હરોળ ગોઠવી દેવાનું નક્કી થએલું.

અઢારમી ફેબ્રુઆરી (૧૯૧૫)એ પંડિતજી પેશાવર પહોંચ્યા. અહીં તેઓ આખરી તૈયારીઓમાં હતા ત્યાં જ અંગ્રેજ કર્નલ ને એના સૈનિકોએ છાપો મારી તલાશી આદરી. પંડિતજીએ છટકી જઈને એક પઠાણના ઘરમાં આશ્રય લીધો. ત્યાં એમને ખબર પડી કે પાર્ટીના એક ગદ્દાર કૃપાલસિંહે ૧૭મી તારીખે ક્રાંતિની યોજનાનો ભેદ ડેપ્યુટી કમિશનરને જણાવી દીધેલો, પણ એથી યે વધુ વિગત તો પાર્ટીના એક મુખ્ય સભ્ય અમરસિંહને ફોડીને સરકારે મેળવી લીધેલી. નાસતા ફરતા પરમાનન્દજી લાહોરમાં પકડાઈ ગયા. કેસ ચાલ્યો. ૨૭ જણ સહિત પરમાનંદજીને ફાંસીની સજા થઈ. દેશભરમાં હાહાકાર મચી ગયો ને સજાની પુનર્વિચારણાની માગણી થવા લાગી. પ્રિવી કાઉન્સિલે ફરી કેસ તપાસ્યો ને તેમાં પં. પરમાનન્દ ને ભાઈ પરમાનન્દ વગેરેને આજીવન કાળાપાણીની સજા થઈ, અને નવેમ્બરમાં તેઓને આંદામાન લઈ જવામાં આવ્યા.

આંદામાનમાં ત્યાંનો જેલર બેરી એની ક્રૂરતા માટે કુખ્યાત હતો. એની ધૂન પ્રમાણે પરમાનંદજીએ થોડા દિવસ તો કાળી મજૂરી કરી પણ પછી એ માટે ચોખ્ખી ના પાડી. હેડ વૉર્ડરની સમજાવટ છતાં તેઓ મજૂરી ન કરવા માટે મક્કમ રહેતાં બેરી સમક્ષ એમને ઉપસ્થિત કર્યા ને ત્યાં બેરી કંઈ એલફેલ બોલી જતાં પંડિતજીએ આવેશમાં આવી જઈ સૌની હાજરીમાં જેલના એ ઉપરીને સારી પેઠે ફટકાર્યો. પરિણામે પંડિતજીને ૨૦ ફટકાની સજા થઈ. બેરીની ક્રૂરતા સામે પછી તો ત્યાં એકઠા થએલા બધા ક્રાંતિકારી કેદીઓએ જેહાદ ઉપાડેલી.

એવામાં ભાઈ પરમાનન્દ અને શચીન્દ્ર સાન્યાલને દેશમાં પાછા લાવવામાં આવ્યા. આંદામાનમાં ચાલતા રાક્ષસી જુલ્મોની કહાણી એમણે સર્વત્ર ફેલાવી દીધી. પરિણામે તપાસ-કમિશન નિમાયું, અને એના આધારે ઘણા ક્રાંતિકારીઓને આંદામાનથી અહીંની જેલમાં લાવવામાં આવ્યા. આ રીતે પંડિતજીને ૧૯૨૩માં પૂનાની જેલમાં લવાયા ત્યારે ત્યાં ગાંધીજી વગેરેનો પણ સત્યાગ્રહ ચાલતો હતો. ૧૭ ઉપવાસ કરીને પંડિતજીએ પણ એમાં સાથ આપેલો. પૂનાથી તેમને રત્નાગિરિ, મુંબાઈ ને પછી સાબરમતી લાવવામાં આવ્યા. અંતે લાહોરની જેલમાંથી એમને મુક્ત કરવામાં આવ્યા. ગાંધીજીની અધ્યક્ષતામાં એમના સ્વાગત અને અભિનંદન માટે સમારોહ યોજાયો, પણ પોતાની મુક્તિને અંગ્રેજ સરકારની દયા ગણાવી એ અભિવાદન સ્વીકારવા એમણે ઈન્કાર કરેલો.

મુક્તિ બાદ તેમણે સુભાષચંદ્ર બોઝની યૂથ લીગમાં અગગણ્ય સાથ પણ આપેલો.

—રવીન્દ્ર અંધારિયા

તરબૂચ

તરબૂચ એ ઉનાળાનું એક બહુ જ જાણીતું ફળ છે. ઉનાળાના બળબળતા તાપમાં એ અજબ શાતા આપે છે. વહેતી નદીના રેતાળ કાંપવાળા સૂકા ગરમ તટપ્રદેશમાં બધે તે થાય છે. ઠંડી હવા અને ચિકાશવાળી જમીન એને માફક નથી આવતી એટલે વાડીઓમાં કૂવાનું પાણી પાઈને ઉછેરેલા એના વેલાનો ફાલ નદીતટના તરબૂચ જેવો ઉમદા થતો નથી. સામાન્યત: માગશર-પોષમાં એનું વાવેતર થાય છે અને ચૈત્ર-વૈશાખમાં તો બજારોમાં એ ઢગલાબંધ વેચાવા લાગે છે. ઓછાં બી ને વધુ મીઠાશવાળી એવી નવી જાતો વિકસાવવા કેન્દ્ર તથા રાજ્યોની કૃષિ-સંશોધન સંસ્થાઓ પ્રયત્ન કરે છે. આ રીતે વિકસાવાએલી 'શ્યૂગર બેબી' નામની એની એક જાત દિલ્હીની આસપાસ અને ઉત્તર પ્રદેશ તથા મહારાષ્ટ્રમાં બહુ લોકપ્રિય બની છે. ઓછાં બી અને લાલચટક ગરવાળાં

આ તરબૂચ ૮–૧૦ કિલો વજનનાં હોય છે. આછીથી માંડી અત્યંત ઘેરી લીલી ઝાંય ઉપરાંત પીળચટી કે સફેદ છાલ, અંદરનો ગુલાબીથી માંડી ઘેરા લાલરંગી કણીદાર ને કણી વિનાનો ગર, ઓછીવધતી મીઠાશ ને લીસાં કે ખરબચડાં, નાનાં મોટાં, બદામીથી માંડી કાળાં બી વાળી તથા નાની-મોટી ને ગોળ-લંબગોળ એવી એની અનેક જાત બજારમાં જોવા મળે છે. વળી, વેલા પરથી ઉતાર્યા પછી જાત પ્રમાણે એ ઓછા-વધતા સમય સુધી સારાં રહી શકે છે. કેટલીક વાર તો એક જ વેલા ઉપર જુદીજુદી જાતનાં તરબૂચ જોવા મળે છે. આનું કારણ એનાં ફૂલોમાં કુદરતી રીતે જ થતી સંકર-ક્રિયા છે. ગમે તે જાતનું તરબૂચ હોય પણ ઓછાં બીવાળું અને ખાવામાં મીઠું હોય એ તરબૂચ જ વધુ પસંદગી પામે છે. એના ગરનાં રંગને અને મીઠાશને ખાસ કોઈ સંબંધ નથી. આંખને ગમી જાય એવાં લાલચોળ ગરવાળું તરબૂચ સ્વાદમાં તદ્દન ફિક્કું પણ હોઈ શકે.

સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લાના પડધરી વિસ્તારનાં 'લીલિયા' તરબૂચો બહુ વખણાય છે ને છેક મુંબાઈ સુધી વેચાવા જાય છે. રાજસ્થાનમાં બિકાનેર તરફનાં લંબગોળ 'મતીરાં' પચીસેક કિલો. જેટલાં વજનદાર ને સ્વાદિષ્ટ હોઈ બહુ લોકપ્રિય છે. ઉત્તર પ્રદેશનાં 'ફૈઝાબાદી' ને 'જોનપુરી' તરબૂચો પણ ૨૫-૩૦ કિલો. વજનનાં, લાલ ગરવાળાં ને મીઠાં હોઈ વિખ્યાત છે. આપણી પેઠે ઉત્તર ભારતમાં ચીરિયાં કરીને તરબૂચ ખવાતાં નથી પણ બહુધા એનો રસ કાઢીને શરબત રૂપે પીવાય છે.

'ફરુખાબાદી', 'અનારકલી', 'નૂરજહાં', 'સાકરચીની' વગેરે ઉત્તર પ્રદેશની, 'શરબતે અનાર' અને 'બાવેસા' વગેરે આંધ્ર પ્રદેશની અને પ. બંગાળમાં ચોવીસ પરગણામાં થતી જાપાની 'અશાહી યામેટો' જાતો બહુ વખણાય છે. ભારતીય કૃષિ સંશોધન સંસ્થાએ 'બિહાણા તાઈવાન' નામની બી વગરની એક જાત પણ નિપજાવી છે. મૈસૂરની હોર્ટિકલ્ચરલ સોસાએટીએ લીંબુ જેવા પીળા રંગની છાલ ઉપર કેસરી લીટીઓવાળી એક આકર્ષક જાત પણ તૈયાર કરી છે.

ભારત ઉપરાંત ઉત્તર આફ્રિકા, ઇજિપ્ત, સ્પેઈન અને મધ્ય અમેરિકામાં પણ તરબૂચ એક જાણીતું ને લોકપ્રિય ફળ છે. એવું મનાય છે કે વિખ્યાત શોધસફરી ડેવિડ લિવિંગ્સ્ટને આફ્રિકાના કલહરી રણપ્રદેશમાં આ તરબૂચો જોયા પછી એ વધુ પ્રસિદ્ધિમાં આવ્યાં અને એનું પદ્ધતિસર વાવેતર ફેલાયું. આમાં અમેરિકાની 'ચીલીઅન મૅન્ટેક્રિસ્ટો' જાત બહુ વખણાય છે.

તરબૂચનાં બી પણ ઉપયોગી છે. એને ફોલીને કાઢેલાં મીંજમાં ૨૦ થી ૪૦ ટકા તેલ હોય છે. મીઠાઈ-મુરબ્બામાં એ મીંજ નખાય છે. યુનાની હકીમો આ મીંજને યાદશક્તિ માટે ગુણકારી ગણે છે અને એ પરથી 'મગજતરી' નામે એ ઓળખાય છે. (તરબૂચની જેમ ટેટી ને દૂધીનાં બીની 'મગજતરી' પણ બજારમાં મળે છે.)

આપણે ત્યાંથી મધ્ય પૂર્વના દેશોમાં અને સિંગાપુર હૉંગકૉંગ તરફ તરબૂચની નિકાસ પણ થાય છે. સ્વાભાવિકરીતે જ આ માટે વધુ સમય ટકી શકે અને સ્વાદિષ્ટ હોય તેવાં તરબૂચ જ અનુકૂળ પડે. આમાં 'ચાર્લસ્ટન ગે' નામની ગુલાબી ગરવાળી જાત વધુ જાણીતી છે.

—અમીલાલ ઢાંકી

આયુર્વેદમાં તરબૂચને ઠંડાં, તૃષાહર, પુષ્ટિકારક, મળને બાંધનાર અને પિત્તનો નાશ કરનાર ગણ્યાં છે. પેશાબ અટકી અટકીને આવતો હોય તો તરબૂચના ગર્ભનું પાશેર જેટલું પાણી કાઢીને તેમાં ખડીસાકર અને જીરાનું ચૂર્ણ નાખીને પીવાથી ફાયદો થાય છે.બાળકોને પેટમાં થતા કરમિયા ઉપર કે પેટમાં ચૂક આવતી હોય તો તરબૂચનાં બીજ (મીંજ) ખાવાથી મટી જાય છે. મરડામાં રક્તપ્રદરમાં ને નાકમાંથી લોહી પડતું હોય તો તેમાં તરબૂચ એની શીતતાના કારણે ફાયદો કરે છે. તરબૂચનું શરબત તૃષાહર છે.

—અશોકકુમાર સોની


ભારતનું અદ્વિતીય શહેર જયપુર

પ્રાચીન ભારતમાં સિંધુપટની સંસ્કૃતિના સમયની નગરરચના તેના સુવ્યવસ્થિત આયોજનના કારણે પ્રસિદ્ધ છે. તે પછીના દીર્ઘ ઇતિહાસમાં યે આ દેશનાં ઘણાં નગરો એક યા બીજી રીતે ખ્યાતિ પામ્યાં છે, પણ નગરરચના અને સુંદરતાના સમન્વયની દૃષ્ટિએ સમગ્ર ભારતમાં જયપુરનું સ્થાન અગ્ર રહ્યું છે. ફતેહપુર સિક્રી કે તાજમહાલની સર્જક મુઘલ સલ્તનતમાં પણ એની તોલે આવે એવું એકે ય શહેર નથી રચાયું.

રામચંદ્રજીના પુત્ર કુશના વંશમાંથી ઊતરી આવેલા રાજવીઓ અયોધ્યા, ગ્વાલિયર ને નરવરમાં રાજ કરતાં કરતાં રાજસ્થાનમાં ઊતરી આવ્યા હતા અને અહીં મીના રાજપૂતો સાથે ભળી ધીરેધીરે પોતાની સ્વતંત્ર ગાદી સ્થાપી હતી. મુઘલ કાળમાં રાજા જયસિંહ (પહેલો) સલ્તનતનો વફાદાર મિત્ર હોઈ 'મિરઝા'ની પદવી પામ્યો હતો. પોતાની રિયાસતમાં એણે આંબેરનો સુંદર મજબૂત કિલ્લો બંધાએલો. રાજ્યને પણ એણે નવું રૂપ આપવા માંડયું, પરંતુ એનો ઘણો સમય મુઘલ બાદશાહની સેવામાં જતો. પણ ઔરંગઝેબના સમયમાં એની રાજનીતિથી કચવાતા રહેતા જયસિંહ બીજાએ બાદશાહના મરણ પછી દિલ્હી દરબારમાંથી ખસી જઈ પોતાના રાજ્યની ઉન્નતિમાં મન પરોવ્યું ને આંબેરના અનુસંધાને એણે પોતાનું નવું પાટનગર જયપુર વસાવ્યું. ગયા વર્ષે એ રૂપસુંદર નગરની અઢીસોમી જયંતી ધામધૂમથી ઊજવાઈ.

ઈ. ૧૭૨૭માં સવાઈ જયસિંહે આ નવા પાટનગરનો પાયો નાખ્યો એ પહેલાં દેશપરદેશનાં અનેક વિખ્યાત શહેરોની રચનાઓનો એણે ઝીણવટથી અભ્યાસ કર્યો હતો. વિદ્યાધર નામે એના એક વિદ્વાન દીવાનનો એમાં ઘણો સાથ હતો. બહુ ઊંડા વિચારપૂર્વક એ બંનેએ આ નગરનું આયોજન વિચાર્યું હતું. અને એથી ભારતભરમાં જ નહિ, ભારત બહાર પણ જયપુરની રચના અને સુંદરતાને ખ્યાતિ મળી છે. લગભગ ચુમાળીસ વર્ષે આ પાટનગરનું કામ પૂરું થએલું. એના ૧૧૧ ફૂટ પહોળા રાજમાર્ગને કાટખૂણે કાપતી ૫૫ ફૂટ પહોળી સડકો અને

૨૮ ફૂટ પહોળી શેરીઓ વચ્ચેના ચોરસ-લંબચોરસ ભાગાઓમાં બંધાએલી ઈમારતોવાળું જયપુર આજે વસતિવધારાને કારણે કદાચ ગીચ લાગતું હશે, પણ એ વસ્યું તે કાળે એ કેટલી મોકળાશભર્યું હશે તે કલ્પી શકાય છે જાળીદાર ઝરૂખા, કમનીય થાંભલીઓવાળાં સુંદર છજાં ને મનોહર આકાશરેખા રચતી છત્રીઓથી મંડિત એની રૂપસુંદર ગુલાબી ઈમારતોની લાવણ્યભરી રાજપૂતી છટાએ જયપુરને આગવું ગૌરવ આપ્યું છે. પાટનગર હોવાને કારણે શહેરના લગભગ સાતમા ભાગ જેટલા વિસ્તારમાં તો રાજપ્રાસાદો છે, જેમાં ચન્દ્ર મહાલ, દીવાને આમ વગેરેનું સુંદર સ્થાપત્ય અને રામનિવાસ ઉદ્યાન આજે યે જયપુરનું મુખ્ય આકર્ષણ ગણાય છે. રોનકદાર ઝરૂખા, બારીક કોતરણી તથા રૂપકડી કમાનો વાળી બારીઓ ને છત્રીઓથી મંડિત ત્યાંનો 'હવામહેલ' રાજપૂતી. ભવનનિર્માણનો એક અપ્રતિમ નમૂનો હોઈ દુનિયાભરમાં વિખ્યાત છે.


રોનકદાર ઝરૂખા તથા રૂપકડી કમાનો ને છત્રીઓથી મડિત જયપુરનો હવા-મહાલ

વીર અને મુત્સદ્દી હોવા સાથે સવાઈ જયસિંહ વિદ્વાન ને ખગોળશાસ્ત્રનો રસિયો હતો. આકાશના નિરીક્ષણ માટે જયપુરમાં બંધાવેલી એની વેધશાળા ખગોળના અભ્યાસમાં જરૂરી એવાં ચોકસાઈભર્યાં 'યંત્રો' માટે આજ પણ એક અનન્ય રૂપ ગણાય છે. આ ઉપરાંત એણે ઉજ્જૈન, મથુરા, કાશી ને દિલ્હીમાં પણ વેધશાળાઓ બંધાવી હતી એ એનો ખગોળ-પ્રેમ દર્શાવે છે. રાજ્યનાં વિસ્તાર અને સમૃદ્ધિ વધારવા સાથે એણે વિદ્યા અને કલાકૌશલની વૃદ્ધિ માટે પણ સક્રિય પગલાં લીધાં હતાં. જયપુરના સંગ્રહાલયમાં જોવા મળતા કલાકૌશલના નમૂનાઓ અને આજે યે જયપુરમાં બનતી અનેક કલાયુક્ત ચીજો પરથી ત્યાંના આ દિશાના વિકાસનો ખ્યાલ મળી શકે છે. આવો જ ઉમદા સંગ્રહ એણે વિવિધ વિદ્યાના ગ્રંથોનો પણ કરેલો છે. તાજેતરમાં જયપુરના ગુપ્ત ખજાનાએ જે ચકચાર જગાડી હતી તે પરથી એની અસલ સમૃદ્ધિ-નો પણ અંદાજ મળી શકે છે. રાજસ્થાનનું એ મોટામાં મોટું દેશી રાજ્ય હતું—અને સમૃદ્ધ પણ.

અહીંની મીનાકારી એની પારદર્શકતા અને રંગઝમક તથા રંગ-મિશ્રણને માટે સુવિખ્યાત છે. અહીંની બાંધણી અને કાપડનું રંગાટકામ તથા તેના પરની છપાઈ, ધાતુની કોતરણી, કાષ્ઠ અને હાથીદાંતનું કોતર-કામ, આરસની પ્રતિમાઓ, ઝવેરાતને પહેલ પાડવાની કારીગરી, લાકડ-કામ પર લાખના રંગબેરંગી ઓપ આપવાનું કૌશલ, માટીકામ (પૉટરી) વગેરે અનેક હુન્નરોમાં જયપુર છેક આરંભથી વિખ્યાત રહ્યું છે. નજીકના પ્રદેશોમાંથી મળતાં ખનિજ દ્રવ્યો ને પોચા રંગીન પથ્થરો, ચીની માટી કરતાં યે વધુ મજબૂત અને સારું કેઓલીન, કરાજ અને આરસ તથા અબરખ વગેરેનો લાભ આ હુન્નરોને સદાય મળતો રહ્યો છે. અને જય-પુરનો જ કહેવાતો અહીંનો આછો લાલ પથ્થર તો દેશભરમાં ખ્યાત છે. એ પથ્થરની બાંધણી થકી તો જયપુરને 'ગુલાબી શહેર' કહેવામાં આવે છે અને પોતાનું એ અભિધાન અહીંનાં માટીનાં ઘરોને પણ ગુલાબી રંગે રંગીને એણે જાળવી રાખ્યું છે. જયપુર–દિલ્હી વચ્ચે દોડતી નવી સુપર ફાસ્ટ રેલવે દ્વારા પણ એના આ ગુલાબી રંગને બિરદાવાયો છે એ ગાડીનું નામ 'ગુલાબી શહેર એક્સપ્રેસ' રખાયું છે એટલું જ નહિ, એમાંની બેઠકો વગેરે બધું પણ ગુલાબી રંગનું રખાયું છે.

સ્વાતંત્ર્ય બાદ દેશમાં નવાં પાટનગરો બંધાયાં છે. પણ અઢી સદી જૂના જયપુરની રોનક એમાં જોવા નહિ મળે સુવ્યવસ્થિત આયોજન અને સુંદરતાનો જે સુમેળ જયપુરમાં છે તે કદાચ હવે આ યુગમાં ફરી સરજાવો પણ શક્ય નથી, અને એટલે જ જયપુર દેશભરમાં (અને વિદેશોમાં પણ) અદ્વિતીય રહ્યું છે અને રહેશે.

'કુમાર'નું પરદેશનું લવાજમ
વધીને રૂપિયા ૪૮ થયું છે
પાઉન્ડ ૩-૦૦ અથવા ડૉલર ૬-૦૦

વૃદ્ધાઓ અને બ્રિટિશ રાજનો અભ્યુદય

એવું કહેવાય છે કે ચાર્લ્સ ડાર્વિને એક એવું ટીખળી વિધાન કરેલું કે બ્રિટિશ સામ્રાજ્યનો અભ્યુદય એની વૃદ્ધાઓની વસતિના પ્રમાણ પર આધારિત છે. જો કોઈએ એને એનું કારણ પૂછ્યું હોત તો એ આમ જ કહેત કે વૃદ્ધાઓ બિલાડી પાળે છે, એટલે જેમ વૃદ્ધાઓ વધારે તેમ બિલાડીઓ પણ વધે. બિલાડીઓ ઉંદર મારે છે, એટલે જેમ બિલાડીઓ વધે તેમ ઉંદરો ઘટે. આ ઉંદરો ભમરીના દરને નુકસાન કરે છે, એટલે જેમ ઉંદર ઓછા તેમ એ ભમરીની સલામતી વધુ. આ ભમરીઓ રેડ ક્લોવર નામના છોડના ફેલાવામાં સહાયરૂપ હોઈ જેમ ભમરી વધારે તેમ રેડ ક્લોવરનો ફેલાવો વધે. આ રેડ ક્લોવર એ બ્રિટિશ સૈન્યને માંસ પૂરું પાડવા માટે ઉછેરાતાં ઢોરનો મુખ્ય ચારો હોઈ જેટલા રેડ ક્લોવર વધુ એટલાં ઢોર વધુ, ને ઢોર વધુ એટલે સૈન્યને માંસ વધુ મળે. અને આ સૈન્યની તાકાત પર બ્રિટિશ સામ્રાજ્યનો અભ્યુદય અવલંબે છે. આમ, જેમ વૃદ્ધાઓ વધારે તેમ બિલાડીઓ વધારે ને ઉંદર ઓછા થાય, ભમરીઓ વધે ને રેડ ક્લોવર વધુ ફેલાય, જેને ખાઈને ઢોર વધે ને એના માંસ પર નભતા સૈન્યના બળે સામ્રાજ્યનો અભ્યુદય થાય.

ભૂમિસર્જનની પ્રક્રિયા

છેલ્લા હિમયુગમાં પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં બરફના લગભગ ત્રણ-ત્રણ કિલોમીટર જાડા જે થર જામી પડેલા તેના ભારથી તેની તળેની ઘણી જમીન દબાઈને ઊંડી ઊતરી ગઈ હતી, પણ પછી હવામાન બદલાતાં બરફ ઓગળતો જઈ ભૂમિ પરનો એનો ભાર ઘટવા માંડતાં ફરી તેની તળેની જમીન ઊંચકાવા લાગી. આજે પણ આ પ્રક્રિયા ચાલુ છે. છેલ્લાં ૯૦૦૦ વર્ષમાં સ્કૅન્ડિનેવિયાનો ઉચ્ચ પ્રદેશ આ રીતે ૩૦૦ મીટરથીએ વધુ ઊંચો આવ્યો છે, જ્યારે ફિનલૅન્ડની ભૂમિ એક સદીમાં એક મીટરના હિસાબે ઉપર આવી રહી છે.

રાષ્ટ્ર સેવા દલ - થાણા

શાખા સમિતિ

મિત્રો,

ઉપર્યુક્ત સંસ્થા દ્વારા ગરીબ વિદ્યાર્થીઓના શિક્ષણ અર્થે આ સ્પર્ધા યોજવામાં આવે છે. તો આપ સૌને ભાગ લેવા આમંત્રે છે.

સ્પર્ધાઓ :

ક્રમ	સ્પર્ધાનું નામ	૧૬ વર્ષની ઉપરના માટે	૧૬ વર્ષની નીચેના માટે
૧	સ્વરચિત કાવ્યસ્પર્ધા	✓	✓
૨	ચિત્રકલા-સ્પર્ધા	✓	✓
૩	નાટ્યલેખન-સ્પર્ધા	✓	—
૪	વાર્તા-સ્પર્ધા	✓	✓

સ્પર્ધામાં ભાગ લેવા માટેનાં પ્રવેશપત્રો, નિયમો અને કૃતિ મોકલવાની તારીખ માટે આ સરનામે પત્ર લખો: ૪/૯ નાઇક વાડી, નોપાડા, થાણા-૨

આકાશદર્શન



થીસિલી અને આર્કેડિયા પર્વત વચ્ચે વસતી સેન્ટૉર્સ નામની એક જંગલી પ્રજાની કેટલીક વાતો ગ્રીક પુરાણોમાં છે. વૃત્તિઓના ગુલામ એ અસંસ્કારી પ્રજાના રાક્ષસી ગુણોને કારણે ગ્રીક કળા અને સાહિત્યમાં એને અર્ધનર અને અર્ધ અશ્વ એવા દેહસ્વરૂપમાં રજૂ કરેલી છે. દક્ષિણના એક દૂરના તારામંડળના આકારમાં આવા એક નરઅશ્વની આકૃતિની કલ્પના જોડીને એ મંડળને Centaurus નામ આપ્યું છે. અને કદાચ એ જ નામ પરથી આપણે એ તારામંડળને 'નરાશ્વ' નામે ઓળખીએ છીએ.

નરાશ્વ એક મોટું તારામંડળ છે. આ પહેલાં આપણે જોએલા 'સ્વસ્તિક' તારામંડળના તથા તેમાં કલ્પેલા નર-અશ્વની રૂપરેખા સાથે અહીં દર્શાવેલા એ મંડળના તારાઓના આધારે દક્ષિણ ક્ષિતિજ પર મધ્યાકાશે એને ખોળી શકાશે. 'મિથુન' તારામંડળમાં દેખાતી 'સ્ત્રી-પુરુષ'ની જોડી જેવી એક તારા-જોડી આ નરાશ્વમંડળમાં તુરત ધ્યાન ખેંચે છે. આ બે તારાઓને આપણે શેષશાયી વિષ્ણુના બે દ્વારપાલ 'જય' અને 'વિજય'નાં નામ આપ્યાં છે.

નરી આંખે આકાશમાં સૌથી વધુ તેજસ્વી દેખાતા તારાઓમાં જય (Alpha Centauri અથવા Rigil Kentauri) ત્રીજા નંબરનો તેજસ્વી તારો છે. સૂર્યને બાદ કરતાં (કારણ સૂર્ય પણ એક તારો જ છે) બધા તારાઓમાં જય આપણી વધુમાં વધુ નજીક, એટલે કે માત્ર ૪.૩ પ્રકાશ વર્ષ જેટલો જ દૂર છે. જો કે જય એક નહિ પણ ત્રણ તારાઓની ત્રિપુટી છે. એમાંનો મુખ્ય તારો લગભગ આપણા સૂર્ય જેવો છે. સૂર્યના તેજને એકમ ગણીને કોઈ પણ તારાની વાસ્તવિક તેજસ્વિતાને દર્શાવવાનો આંક એ એનો 'તેજાંક' કહેવાય છે. એ રીતે જયનો તેજાંક ૧.૪ છે. બીજી રીતે કહીએ તો સૂર્યના સ્થાને જયને મૂકીએ તો પૃથ્વી પર એનું તેજ સૂર્યપ્રકાશ કરતાં ૧.૪ ગણું પડે, અથવા જયના સ્થાને સૂર્ય હોય તો એ પૃથ્વી પરથી આપણને લગભગ જય જેવો દેખાય. જો કે જયની ઉષ્ણતા સૂર્ય કરતાં ઓછી છે. જયના બીજા બે સાથીઓમાંનો એક સૂર્યના હિસાબે ત્રીજા ભાગનો તેજાંક ધરાવે છે, જ્યારે બીજો સાથી તો તદ્દન નાનો હોઈ એનું તેજ સૂર્યતેજના ૨૦,૦૦૦મા ભાગનું જ છે. ક્વચિત્ આ તારો એકાએક વધુ પણ ઝબકી જાય છે. ત્રણેય તારાઓમાંથી આ નાનકો (Proxima Centauri) આપણી વધારે નજીક હોઈ એને આપણે 'સમીપ' તારો કહીએ છીએ.

નરી આંખે તો જય-વિજય સરખા જ દેખાય છે, પણ વાસ્તવમાં વિજય (Agena)નો તેજાંક ૮૦૦૦ છે એ પરથી એની પ્રચંડતાનો ખયાલ આવશે. આપણાથી એ ૪૯૦ પ્ર. વ. દૂર હોવાને લીધે જ એ આપણને જય જેવો લાગે છે.

નરાશ્વ તારામંડળમાં Omega Centauri નામે ઓળખાતું એક ગોળ સુંદર તારાગુચ્છ છે. લગભગ ૨૦,૦૦૦ પ્ર. વ. દૂર હોવાને કારણે આમ તો એ ઝાંખા તારા જેવું દેખાય છે, પણ હકીકતે તેમાં એકાદ લાખ જેટલા તારાઓ છે.

—બિહારીલાલ ટાંક

માનવજાતનું ભવિષ્ય

અન્ય અનેક પ્રાણીઓની સરખામણીમાં પૃથ્વી પર માણસને પેદા થયાને હજી બહુ લાંબો સમય નથી થયો, છતાં જેમ અન્ય અનેક જીવો કાળાંતરે નામ:શેષ બની ગયા છે તેમ માણસ પણ ક્યારેક નાશ પામશે કે નહિ અને પામે તો ક્યારે એવો પ્રશ્ન અવારનવાર ઉદ્ભવતો રહે છે. એક મત માને છે કે જંગલોનો નાશ અને પ્રદૂષણો વધારવા સાથે બીજી પણ અનેક ભયંકરતા સર્જીને આગામી થોડી સદીઓમાં એ પોતે જ પોતાનો નાશ નોતરશે. બીજો મત એવો છે કે માણસની ઉત્પત્તિ ને વિકાસ એ કુદરતનાં જ કેટલાંક પરિબળો દ્વારા થયો હોવા છતાં કુદરત જ સર્વોપરી નથી, અને એટલે પોતાની જ્ઞાનખોજ સતત જારી રાખીને કુદરતની ક્રિયા-પ્રક્રિયાઓ બરાબર સમજી લઈ તેના પર કાબૂ મેળવીને માણસ પોતાની જાતને ટકાવી રાખી શકે તેમ છે. આ બંનેમાંથી કોઈ પણ ખયાલ સ્વીકારીએ તો એ એટલું તો નક્કી છે જ કે કુદરતની અવગણના કરીને જ માણસ પોતાનું ભવિષ્ય બગાડશે.

રણપ્રદેશની વનસ્પતિ

રણપ્રદેશમાં કેટલીક એવી વનસ્પતિ થાય છે જે પોતાની આસપાસ જમીનમાં એવું ઝેર ફેલાવી દે છે કે તેમાં બીજો કોઈ છોડ કે ખુદ પોતાનાં યે બીજ પણ ઊગી શકે નહિ. પરિણામે આવી વનસ્પતિ એકબીજાથી ઠીકઠીક અંતરે જ ઊગેલી જોવા મળે છે. પાણીની કે ભેજની જ્યાં તીવ્ર ખેંચ હોય તેવા સૂકા રેતાળ પ્રદેશમાં પોતાની જાતને ટકાવી રાખવા માટેની એની આ એક કુદરતી ક્ષમતા છે.

ગણિત ગમ્મત

૪૧૮૭×૪=૧૬૭૪૮ અને ૪૧૮૭×૫=૨૦૯૩૫

ચાર આંકડાની આ સંખ્યા(૪૧૮૭)ને ૪ અને ૫ વડે ગુણતાં પાંચ-પાંચ આંકડાના જે જવાબ આવ્યા છે તેને બાજુબાજુમાં મૂકીને (૧૬૭૪૮ ૨૦૯૩૫) જોઈશું તો જણાશે કે તેમાં ૦ થી ૯ સુધીના બધા અંકો આવી જાય છે અને એમાં એકે ય આંકડો બેવડાતો નથી.

૯૦૦૧થી ૯૯૯૯ સુધીની ચાર આંકડાની સંખ્યાઓમાં પણ કેટલીક એવી સંખ્યા છે જેને પ્રથમ ૪ વડે અને પછી ૫ વડે ગુણતાં આવેલા જવાબોને એકસાથે મૂકતાં ૦ થી ૯ સુધીના બધા અંકો બેવડાયા વિના આવી જાય છે. આવી સાતેક સંખ્યાઓ છે. તમે ખોળી શકશો? નહિતર નીચે આપી જ છે.

—કિશોર ગોરધનદાસ

સંખ્યા	૪ વડે ગુણતાં	૫ વડે ગુણતાં
૯૧૭૮	૩૬૭૧૨	૪૫૮૯૦
૯૧૮૨	૩૬૭૨૮	૪૫૯૧૦
૯૩૭૮	૩૭૫૧૨	૪૬૮૯૦
૯૩૮૨	૩૭૫૨૮	૪૬૯૧૦
૯૫૨૩	૩૮૦૯૨	૪૭૬૧૫
૯૫૩૮	૩૮૧૫૨	૪૭૬૯૦
૯૭૫૩	૩૯૦૧૨	૪૮૭૬૫

આ માસ (મે) ઇતિહાસમાં

તા. ૧/૧૮૭૩ શોધસફરી લિવિંગ્સ્ટનનું આફ્રિકામાં મોલિયામે નદીના કાંઠે અવસાન.

તા.૬/૧૫૪૧ હિંદમાં પહેલાં ખ્રિસ્તી ધર્મપ્રચારક ફ્રાન્સિસ ઝેવીઅર ગોવા બંદરે ઊતર્યા.

તા.૯/૧૯૨૬ રિચાર્ડ બાયર્ડે ઉત્તરધ્રુવ પરથી ઉડ્ડયન કર્યું.

તા. ૧૧/૧૯૪૮ દિલ્હીમાં બળવાખોરોએ બહાદુરશાહ ઝફરને હિંદનો શહેનશાહ બનાવ્યો.

પ્રસંગવિશેષ

તા. ૧૪/૧૯૪૮ સદીઓ સુધી બેવતન રહેલા યહૂદીઓ નિજી રાજ્ય ઈઝરાએલની સ્થાપના થઈ. બાઈબલના જૂના કરારમાં જેમના આરંભકાળની કથા છે તે યહૂદીઓ મૂળ તો ઉત્તર પૅલેસ્ટાઈનના. સૉલૉમનના મૃત્યુ પછી એમણે પોતાનું અલગ સ્વતંત્ર રાષ્ટ્ર સ્થાપેલું, પણ આજુબાજુની પ્રજાઓએ વારંવાર એમના પર ચડી આવી એમને જીત્યા, દાબ્યા ને ગુલામો બનાવી વેચ્યા કર્યા. અંતે વતન છોડી દઇને યહૂદીઓ દુનિયાના વિવિધ દેશોમાં જઇને રહ્યા. વણનોતર્યા પરદેશી અનિષ્ટ તરીકે ત્યાં બધે એમને ઘણું વેઠવું પડતું. બીજા મહાયુદ્ધ સમયે તો નાઝીઓએ લાખોની સંખ્યામાં બેગુના યહૂદીઓને મારી નાખ્યા. આવી આવી સ્થિતિમાં યે તેઓએ પોતાની સાંસ્કૃતિક વિશિષ્ટતાઓ જાળવી રાખી, સમૃદ્ધિ મેળવી અને અનેક મહાપુરુષો પણ પેદા કર્યા. વેપાર, શરાફી, રાજકારણ, સાહિત્ય, વિજ્ઞાન એમ સર્વ ક્ષેત્રોમાં અગ્રસ્થાન મેળવ્યું. જેરુસલેમને તેઓ 'ઝીઓન' (સ્વર્ગ) ગણતા હોઈ ફરી ત્યાં જઈ વસવા માટે તેઓએ ધીમીધીમી પણ સતત જે 'ઝીઓનિસ્ટ ચળવળ' ઉપાડેલી તેણે ૧૯મી સદીના અંતમાં વસાહતી ચળવળનું સ્વરૂપ ધારણ કર્યું સંખ્યાબંધ યહૂદીઓ પૅલેસ્ટાઈન જઇને ત્યાં વસ્યા અને માતૃભાષા હિબ્રૂનો પુનરુદ્ધાર કરવા સાથે કોમના ગૌરવની પુનઃપ્રતિષ્ઠા માટેની પ્રવૃત્તિઓમાં બળ પૂરવા માંડ્યું. ઈ. ૧૯૧૭માં બાલ્ફર જાહેરાત દ્વારા લીગ ઑાવ નેશન્સ વતી પૅલૅસ્ટાઈનનો કેટલોક વહીવટ બ્રિટિશોને સોંપાયો. એમણે યહૂદીઓના રાષ્ટ્રની સ્થાપનાનો વિચાર વહેતો કર્યો. અને એની સામેના અનેક વિરોધો છતાં બીજા વિશ્વયુદ્ધ પછી 'યુનો'એ આ પ્રશ્ન હાથ ધરી છેવટ પૅલેસ્ટાઈનના ભાગલા પાડીને યહૂદીઓનું અલગ રાષ્ટ્ર સ્થાપવાનું નક્કી કર્યું. આમ, વિભાજિત પૅલેસ્ટાઈનમાં ઈઝરાએલની સ્થાપના થઈ. આ પછી યે અરબ-ઈઝરાએલના ઝગડાઓનો હજી યે અંત આવ્યો નથી, પણ એ બધી મુશ્કેલીઓ વચ્ચે યે આ દેશે સર્વ દિશામાં પ્રગતિ સાધી છે.

તા. ૧૫/૧૬૦૨ ન્યૂ ઇંગ્લૅન્ડની ધરતી પર સૌ પ્રથમ ગોરા-કૅપ્ટન ગીસવાલ્ડે પગ મૂક્યો.

તા. ૧૭/૧૭૪૯ રોગપ્રતિરોધક રસીના શોધક એડવર્ડ જૅનરનો જન્મ. આ રીતે શીતળાની રસી મૂકવાનો પ્રથમ સફળ પ્રયોગ એણે આ જ માસની ૧૩ તારીખે ઈ. ૧૭૯૬માં કરેલો.

તા. ૨૦/૧૯૨૭ કર્નલ લિન્ડબર્ગે આટલાંટિક પાર સતત એકાકી ઉડ્ડયનના સાહસનો અમેરિકાથી આરંભ કર્યો અને બીજે દિવસે સફળતાપૂર્વક પારી(સ) પહોંચ્યો.

તા.૨૨/૧૮૫૯ ડિટેક્ટિવ શેરલોક હોમ્સના પાત્ર દ્વારા ગુનાશોધનની પ્રચલિત પદ્ધતિઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનું આરોપણ કરનાર લેખક સર આર્થર કૉનન ડૉઈલનો જન્મ.

તા. ૨૪/૧૮૪૪ મોર્સે વૉશિંગ્ટન અને બાલ્ટિમોર વચ્ચે પ્રથમ ટેલિગ્રાફ સંદેશ મોકલ્યો.

વ્યક્તિવિશેષ

તા. ૨૭/૧૮૭૮ વિખ્યાત અમેરિકન નર્તકી ઈસાડોરા ડંકનનો સાન ફ્રાંસિસ્કોમાં જન્મ. (આ વર્ષે એની એકસોમી જયંતીનું છે.) બચપણમાં કારમી ગરીબીમાં રહીને પણ એણે આપસૂઝથી ગ્રીક કળામાંથી પ્રેરણા લઈ પોતાની આગવી નૃત્યશૈલી વિકસાવીને ૧૮૯૯માં શિકાગોમાં નૃત્ય રજૂ કરવાનો આરંભ કર્યો. એ પછી પારી(સ), બર્લિન, વીએના, સેન્ટ પિટર્સબર્ગ અને લંડનમાં પણ એણે નૃત્યો રજૂ કરીને યુરોપભરમાં પણ ખ્યાતિ મેળવી. રશિયન બાલેના વિકાસમાં એની નૃત્યશૈલીનો પણ પ્રભાવ રહ્યો છે. એના અવસાન પછી ઈ. ૧૯૨૮માં પ્રકટ થએલી એની આત્મકથા 'માઈ લાઈફ'માં એણે નૃત્યવિષયક પોતાના ખયાલોને તથા નૃત્યક્ષેત્રે મેળવેલી સિદ્ધિ પામતાં પહેલાં વેઠવી પડેલી અનેક મુસીબતોને તાદૃશ વર્ણવવા સાથે પોતાના જીવનની અનેક અંગત બાબતોને બહુ જ નિખાલસતાપૂર્વક પ્રકટ કરી છે.

તા. ૧૦/૧૯૦૩ પોતાના સંગીતથી સમગ્ર ફિલ્મક્ષેત્રમાં સુખ્યાત અને રવીન્દ્ર સંગીતને દેશભરમાં લોકપ્રિય બનાવનાર પંકજકુમાર મલ્લિકનો જન્મ.



એક બહેનપણી બીજીને : આ તારા ગળામાં લૉકેટ છે એમાં કશી યાદગીરી સાચવી છે?

બીજી : હા મારા મિસ્ટરના વાળ છે.

એક : પણ તારા મિસ્ટર તો હજી જીવે છે!

બીજી: હા, પણ એમના વાળ જતા રહ્યા છે ને!

∞

'એ મકાનની કિંમત રૂ. ૫૦,૦૦૦ છે.'

'હા, પણ એમાં તબેલો ક્યાં છે?'

'તબેલો? શાનો તબેલો?'

'કેમ? જે ગધેડો એટલા રૂપિયા આપીને એ ખરીદશે તેને માટે જોઈશે ને?'

∞

ગાંડાની ઈસ્પિતાલમાં એક દરદી કાંઈક લખતો'તો. તેને ડાક્તરે પૂછ્યું: 'શું લખો છો?'

'મારા ઉપર કાગળ લખું છું.'

'એમાં શું લખ્યું છે?'

'એ તો આવતી કાલે ટપાલમાં મને કાગળ મળે અને હું એ વાંચું ત્યારે ખબર પડે ને?'

∞

મગન : મને જ્યારે જ્યારે શરદી થાય છે ત્યારે હું એક બાટલી વ્હિસ્કી લઈ આવું છું, ને બે કલાકમાં તો એ અલોપ થઈ જાય છે!

છગન : એ તો ભારે કહેવાય! બે જ કલાકમાં શરદી અલોપ?!

મગન : ના, વ્હિસ્કી.



(જનસત્તામાં 'શિવ')

શે'ર

કોઈની એબ જોવામાં ન ખરચો નૂર આંખોનું,
કે એણે આંખ દીધી છે તે સારું દેખવા માટે.

— જલન માતરી

મહા પરોપકારી ને ઉદારચરિત હાતિમતાઈને કોઇએ પૂછ્યું કે તમારા કરતાં વધુ લાયક માણસ તમે કોઈ જોયો છે? તાઇએ જવાબ દીધો કે દુનિયામાં એવા ઘણા હશે, પણ એકનો જ દાખલો આપું. એક વાર મેં મોટી ધુમાડાબંધ મિજબાની આપેલી, જેમાં ચોમેરના સમસ્ત પ્રદેશને જમવાનું આમંત્રણ હતું. અચાનક એ જ દિવસે જંગલમાં મારે કોઈ કામે જવાનું થતાં એક કઠિયારાને લાકડાંનો ભારો લાવતો જોયો. તેને મેં પૂછ્યું: 'તમે હાતિમની મિજબાનીમાં ન ગયા?' તેણે જવાબ દીધો : 'જે પસીનો ઉતારીને પોતાનો રોટલો મેળવે છે તેને હાતિમને ત્યાં જવાની શી જરૂર?'

અંકસંદર્ભ : **સાત** : કીર્તિનાં સાત સાધનો–દાન, પુણ્ય, વિદ્યા, વક્તૃત્વ, કાવ્ય, આર્જવ, શૌર્ય; સપ્ત માતૃકા–બ્રાહ્મી, મહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઈન્દ્રાણી, ચામુંડા; રામાયણના સાતકાંડ–બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ, ઉત્તરકાંડ.

અનેકાર્થી શબ્દ : **રાગ** = મોહ, મમતા કે આસક્તિ; ઉદ્વેગ કે દિલગીરી; ક્રોધ; મેળ કે બેસતી; મનોરંજન થાય તેવી ગાવાની રીત; અવાજ કે સૂર; છત્રીસમાંનું નવમું તત્ત્વ; ચંદ્ર; પરાગ–ફૂલ માંહેની રજ; છ સૂચક સાંકેતિક શબ્દ; સંધ્યા સમયનો આકાશનો રંગ; સુગંધીદાર ચંદનાદિક લેપ; પીણું.



કલાકણિકા : મેક્સિકોના પ્રાચીન કાળનું પાત્ર. ઉપસાવેલા નાક, કાન ને હાથના સ્થાને હૅંડલ મૂકવા સાથે એના પરના ચિતરામણ વડે એને માનવ-આકાર આપવામાં ચાતુરી વાપરી છે.

आपद्-गतं हससि किं द्रविणान्ध-मूढ
लक्ष्मीः स्थिरा न भवतीति किमत्र चित्रम् ।
एतान् प्रपश्यसि घटान् जलयंत्रचक्रे
रिक्ता भवन्ति भरिता, भरिताश्च रिक्ताः ॥

દ્રવ્ય પ્રાપ્ત કરીને અંધ બનેલા હે મૂર્ખ, વિપત્તિમાં આવી પડેલા માણસને તું શા માટે હસી કાઢે છે? એમાં શી નવાઈ છે કે લક્ષ્મી કોઈ દિવસે સ્થિર રહેતી નથી. જુઓ, રહેંટના આ ઘડાઓને જુઓ: ભરેલા ઘડા ખાલી થાય છે અને ખાલી થએલા ફરી ભરાઈ જાય છે.



ચામાચીડિયાં પોતાના કાન વડે જુએ છે એમ કહી શકાય. અંધારામાં ઊડતી વેળા માણસના કાન વડે ન સાંભળી શકાય એવો અવાજ તેઓ કરે છે અને પોતાના માર્ગમાં અવરોધક ચીજ સાથે અથડાઇને એ અવાજનો જે પડઘો પડે છે એના આધારે તેઓ પોતાની ઊડવાની દિશા બદલતાં રહે છે. આ રીતે તેઓ સંપૂર્ણ અંધારી રાતે યે વિના વિક્ષેપ ઊડી શકે છે.



રાજસ્થાનમાં ઉદેપુર જિલ્લાના હુંઠર ગામના લોકો નિર્વ્યસની છે. તેઓ નથી પીણું લેતા કે નથી બીડી—સિગારેટ પીતા. ધૂમ્રપાન કે નશો નહિ કરવાનું ગ્રામજનોએ સ્વેચ્છાપૂર્વક સ્વીકાર્યું છે. કોઈ પણ વ્યક્તિ ધૂમ્રપાન કરતી જણાય તો તેનો એકાવન રૂપિયાનો દંડ થાય છે. ગ્રામજનોના કહેવા પ્રમાણે ત્રણ વર્ષ પહેલાં ધૂમ્રપાનનો એક બનાવ બન્યો હતો. એ પછી આવો કોઈ કેસ નોંધાયો નથી.

કહેવત : 'ડાકમાં માળા ને પેટમાં લાળા' —ઉપરથી ભલાભોળા હોવાનો ડોળ રાખીને મનમાં કપટ રાખનારા માણસો માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો : 'મુખમેં રામ, બગલમેં છુરી, ભગત થયા પણ દાનત બૂરી'; 'ઉપર કી અચ્છી અચ્છી, ભીતર કી રામ જાને'; 'હરિગુણ ગાતી ને હૈયામાં કાતી'; 'મોઢે મીઠાઈ ને પેટમાં પાળી'; 'મોઢે પરવત, ને પેટમાં કરવત' વગેરે.

ખ્રિસ્તીઓના ધર્મગ્રન્થ બાઈબલમાં ૩૫,૬૮,૪૮૦ અક્ષરો, ૭,૭૩,૭૪૮ શબ્દો, ૩૧,૧૭૩ કવિતા અને ૧૧૮૯ અધ્યાય છે. તેમાં 'લૉર્ડ' શબ્દ ૧૮૫૫ વાર આવે છે. અને તેમાં ૬ અક્ષરોથી મોટો એકે શબ્દ નથી.



ફાંસ વાગી હોય તેને કાઢવાનું ચીપિયા જેવું કાંઈ સાધન હાથવગું ન હોય ત્યારે કલમની ટાંક નીચે આંગળી દબાવવાથી તેની ફાડ પહોળી થશે, અને ઢીલ મૂકવાથી ફાંસ તેની પકડમાં આવી ગયે ખેંચી કાઢી શકાશે.

ટિકિટ-કથા : ટિકિટસંગ્રહ માટે ખર્ચાતાં મબલખ નાણાંની આવકથી આકર્ષાઈને અનેક નાનાનાના બેટડાઓ પણ સ્થાનિક ઉપયોગ માટે પણ સંખ્યાબંધ અવનવી ટિકિટો છાપવા લાગ્યા છે. ટિકિટ-સંગ્રહમાં એનું ખાસ મહત્ત્વ નથી અને એ રીતે ઘણી 'બોગસ' ટિકિટો પણ વેચાય છે. લેભાગુઓ એમાંથી સારી કમાણી કરે છે. સાન્ડા ટાપુની આ ટિકિટ પણ માત્ર સ્થાનિક વપરાશ માટેની જ છે. માત્ર મુઠ્ઠીભર વસ્તીવાળા આ બેટે એક યા બીજા નિમિત્તે અનેક ટિકિટો બહાર પાડી છે. આ ટિકિટ પર પણ 'શાહી લગ્ન' નિમિત્તનું ઓવર પ્રિન્ટ કરીને વધુ કિંમત રાખીને પણ એણે એ વેચી છે. સંગ્રહ માટે એનું મૂલ્ય એક રૂપકડી છાપ જેટલું જ છે.

આઝાદી સાથે અંત્યોદય માટે ગુજરાતનો પુરુષાર્થ

ગુજરાત સરકારે શોષિત તથા આર્થિક રીતે નબળા વર્ગોના ઉત્થાન માટે તેમજ સામાજિક ન્યાય સાથે વિકાસના લક્ષ્ય પર આધારિત અંત્યોદય માટે સામાજિક-આર્થિક નવરચનાને વેગવંતી બનાવવાનો વચનબદ્ધ કાર્યક્રમ અમલમાં મૂકયો છે.

- રાજ્યના વિવિધ વિસ્તારોના સંતુલિત વિકાસ માટે અપનાવાયેલી વિશિષ્ટ વ્યૂહ રચનામાં પછાત વિસ્તારો અને પછાત વર્ગોના વિકાસને અપાયેલું પ્રાધાન્ય.
- આશરે ૫૦૦ મે.વો. જેટલી વધુ સ્થાપિત વિદ્યુત-શક્તિ ઊભી કરવાના અને ૮.૦૦૦ જેટલાં ગામોનું વીજળીકરણ પૂરું કરવાનો હાથ ધરાયેલો કાર્યક્રમ. ૬૮૭ હરિજનવાસોમાં વીજળી પહોંચાડાઈ, ૪૯૯ હરિજનવાસોના વીજળીકરણનો કાર્યક્રમ હાથ ધરાયો. ચાલુ વર્ષે ૧,૨૦૦ ગામો અને ૨૨.૫૦૦ કુવાઓના વીજળીકરણનું કાર્ય ઉપાડાયું.
- ગ્રામ અને પછાત વિસ્તારોના ઔદ્યોગિકરણને વેગ આપવા ઔદ્યોગિક પ્રોત્સાહનની નવી નીતિ જાહેર કરાઈ.
- ૨૪ જેટલી રોજગારીઓમાં લઘુતમ વેતન દરો મુકરર કરવામાં આવ્યા.
  કામદારોને વેતન તફાવતના
  રૂ. ૭.૭૦ લાખ વધુ મળ્યા. ખેતમજૂરોને રૂ ૨.૮૩ લાખનો વેતન તફાવત મળ્યો.
- આર્થિક રીતે નબળા વિભાગો માટે ગૃહનિર્માણની યોજનાને વેગ અપાયો.
- વૈજ્ઞાનિક ધોરણે લાંબા ગાળાની જમીન અંગેની નીતિના ઘડતર માટે ભૂમિ પંચની રચના કરાઈ.
- ભૂમિહીન ખેતમજૂરો અને નબળા વર્ગના લોકોને ૩.૨૯ લાખ જમીનના પ્લોટો ફાળવાયા, જેમાં અનુસૂચિત જાતિના લોકોને ૬૫,૫૦૦ પ્લોટ અને અનુસૂચિત જનજાતિના લોકોને ૯૬.૦૦૦ પ્લોટો અપાયા.
- ગ્રામ પાણી-પૂરવઠા કાર્યક્રમને અગ્રતા આપી ચાલુ વર્ષ માટેની રૂ. ૬ કરોડની જોગવાઈમાં રૂ. એક કરોડનો વધારો કરવામાં આવ્યો.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમા મતાધિકાર માટેની વયમર્યાદા ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષની કરવાનો નિર્ણય
- લઘુમતીઓ માટેની ઉચ્ચાધિકાર સમિતિની પુનર્રચના કરાઈ.
- આયોજન બોર્ડની પુનર્રચના કરાઇ.
- પૂર્ણ રોજગારીના ધ્યેયને સિદ્ધ કરવા ૨૦ જેટલાં પસંદ કરાયેલા ઘટકોમાં ખાસ કાર્યક્રમોનું આયોજન અપનાવાયુ
- બેરોજગારીની સમસ્યા હલ કરવા રોજગારવૃદ્ધિ બોર્ડની રચના કરાઇ.
- હરિજનોના હિતોના રક્ષણ માટે વિધાનસભાના હરિજન સદસ્યોની સમિતિની નિમણૂક વગેરે પગલાં લેવાયાં. હરિજનોને કોઈપણ પ્રકારની કનડગત ન થાય તે માટે પોલીસતંત્રને સાબદું બનાવાયું.
- જાહેર સેવા પંચના અધ્યક્ષ તરીકે એક હરિજનભાઇની તથા સભ્ય તરીકે એક આદિવાસી પ્રાધ્યાપકની નિયુક્તિઓ કરવામાં આવી.
- સામાજિક. શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ઉત્કર્ષ માટે બક્ષી પંચે કરેલી ભલામણોનો સર્વાંશે સ્વીકાર.

